RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 225 Dt. 28-2-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## SEBIના નવા ચેરમેન તરીકે તુહીન કાંતા પાંડે



# બંગાળના વોટર લિસ્ટમાં બોગસ મતદારો : મમતા

### ભાજપ સરકાર પર પશ્ચિમ બંગાળના CMએ કર્યા શાબ્દિક પ્રહારો : કહ્યું સરકારે બંગાળમાં એક એજન્સી મોકલી છે જેઓ મતદારોને બદલી રહી છે

નવીદિલ્હી, તા. ૨૭હ

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપ લગાવ્યા છે. સીએમએ કહ્યું કે સરકારે બંગાળમાં એક એજન્સી મોકલી છે જે બંગાળના મતદારોને ઘણા રાજ્યોના મતદારો સાથે બદલી રહી છે. આ ગેરરીતિને સુધારવા માટે તેમણે ચૂંટણી પંચ સામે ધરણા પર બેસવાની ચેતવણી પણ આપી છે. મમતા બેનર્જીએ ગુરુવારે દાવો કર્યો હતો કે ભાજપે એસોસિએશન ફોર બિલિયન માઈન્ડ્સ નામની એજન્સી બંગાળ મોકલી છે જે બંગાળના મતદારોને હરિયાણા, ગુજરાત, પંજાબ અને બિહારના મતદારો સાથે બદલી રહી છે. તેમણે કહ્યું કે ભાજપે એક કંપની મોકલી છે, જે બુદ્ધિશાળી લોકોની સંસ્થા છે અને તેઓ ડેટા ઓપરેટ કરશે. તે પશ્ચિમ બંગાળની મતદાર યાદીમાં હરિયાણા અને રાજસ્થાનના લોકોના નામ ઉમેરી રહ્યા છે. આ સમગ્ર કામગીરી ઓનલાઈન થઈ રહી છે. એ જ રીતે, તેણે મહારાષ્ટ્ર અને દિલ્હીમાં તેના વિરોધીઓને હરાવ્યા, પરંતુ અમે તેની યુક્તિ પકડી લીધી છે.

તેમણે આરોપ લગાવ્યો કે, 'ભાજપે દિલ્હી અને મહારાષ્ટ્રમાં હરિયાણા અને ગુજરાતમાં નકલી મતદારોને નામાંકિત કરીને ચૂંટણી જીતી હતી. પાર્ટી આ નકલી મતદારોને હરિયાણા અને ગુજરાતમાંથી લાવશે અને બંગાળમાં ચૂંટણી જીતવાનો પ્રયાસ કરશે, કારણ કે ભાજપ જાણે છે કે જો ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય તો તે બંગાળમાં ક્યારેય ચૂંટણી જીતી શકશે નહીં. મમતા બેનર્જીએ ચૂંટણી પંચની મદદથી પશ્ચિમ બંગાળના વિવિધ જિલ્લાઓમાં અન્ય રાજ્યોમાંથી નકલી મતદારોના નામાંકનને સુનિશ્ચિત કરવાનો



આરોપ મૂક્યો અને કહ્યું કે જો હું ૨૬ દિવસ સુધી ધરણા પર બેસી શકું તો હું પણ ધરણા પર બેસી શકું છું જેથી ચૂંટણી પંચની સામે સ્થિતિ સુધરે. પાર્ટીના કાર્યકર્તાઓને સતર્ક રહેવાની અપીલ કરતા તેમણે કહ્યું કે તમારે સોશિયલ મીડિયા પર વસ્તુઓ તપાસવી પડશે. અઈ નો ઉપયોગ આપણા અવાજો અને ચિત્રોને મોર્ફ કરીને ખોટી માહિતી ફેલાવવા માટે કરવામાં આવે છે

તૃણમૂલ કોંગ્રેસ (ઝખઈ)ના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીએ પાર્ટીના સુપ્રીમો મમતા બેનર્જી સાથેના મતભેદોની અટકળોને ફગાવી દીધી છે. અભિષેકે પાર્ટી અને મમતા બેનર્જી પ્રત્યે પોતાની વફાદારીનો પુનરોચ્ચાર કર્યો છે. તૃણમૂલ કોંગ્રેસના પાર્ટી સંમેલનમાં અભિષેક બેનર્જીએ કહ્યું, 'હું ઝખઈનો વફાદાર સૈનિક છું અને મારી નેતા મમતા બેનર્જી છે.' ભાજપમાં જોડાવાની અટકળોને ફગાવી દેતા તેમણે કહ્યું કે, 'જે લોકો કહે છે કે હું ભાજપમાં જોડાઈ રહ્યો છું તે જુઠ્ઠાણું ફેલાવી રહ્યા છે.' અભિષેક બેનર્જીએ આગળ કહ્યું, 'હું એવા લોકોને ઓળખું છું જેઓ આવા ખોટા સમાચાર ફેલાવે છે. આવતા વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા તેઓના હિત છે. ડાયમંડ હાર્બરના સાંસદ અભિષેક બેનર્જીએ વધુમાં કહ્યું કે, 'છેલ્લી વિધાનસભા ચૂંટણીની જેમ હું પાર્ટીની અંદરના ગદ્દારોને બહાર લાવવાનું ચાલુ રાખીશ.'

# નડિયાદની કોપર ઈન્ડસ્ટ્રીઝ પર ITનું સર્ચ : ૧૮ સ્થળો પર તપાસ

### દરોડાના પ્રથમ દિવસે જ બેનામી વ્યવહારો અંગેના દસ્તાવેજો મળી આવ્યા : ૯૦ થી વધુ અધિકારીઓ દ્વારા તપાસ ચાલુ : આણંદ કનેક્શન પણ ખુલે તેવી શંકા

રાજકોટ, તા. ૨૭

સમગ્ર દેશ અને રાજ્યમાં હાલ આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે અને ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી પણ પકડવામાં આવી રહી છે એટલું જ નહીં જીએસટી બાદ હવે આવકવેરા વિભાગે પોતાનો શકનજો કસ્યો છે. એટલું જ નહીં અલગ અલગ જિલ્લાઓમાં અને અલગ અલગ ક્ષેત્રના વેપારીઓ પર તવાઈ બોલાવવામાં આવી છે ત્યારે ગઈકાલે અમદાવાદ તરફથી આવકવેરા વિભાગના અધિકારીઓ દ્વારા વહેલી સવારથી જ દરોડા પાડવામાં આવ્યા હતા તેમાં નડિયાદની કોપર ઈન્ડસ્ટ્રી પર વિભાગ ત્રાટકતા જ અનેક લોકોમાં ફફડાટ વ્યાપી ઊઠ્યો હતો.

ટૂંડેલ રોડ પર આવેલ ફેક્ટરીમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. કોપર મેટલ સ્કેપ ફેક્ટરી ઉપર ઈંઝ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન રાજસ્થાની માલિકના મકાન-ફેક્ટરી પર સંખ્યાબંધ કર્મચારીઓ દરોડાની કામગીરીમાં જોડાયા છે. નડિયાદમાં આવેલ મકાનમાં પણ ચેકિંગ હાથ ધરાયું છે.ખેડા જિલ્લાની કોપર ઈન્ડસ્ટ્રીઝમાં ગેરરિતીને લઈ ઈંઝ વિભાગ એક્શનમાં આવ્યું છે. નડિયાદની ટૂંડેલ રોડ ઉપર આવેલી ફેક્ટરી ઉપર ઈંઝ વિભાગનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. રાજસ્થાની માલિકના મકાન અને કોપર મેટલ સ્કેપ ફેક્ટરી ઉપર દરોડા પાડવામાં આવ્યા છે. સંખ્યાબંધ કર્મચારી સાથે દરોડાની કાર્યવાહી શરુ કરવામાં આવી છે. નડિયાદના યોગી ફાર્મ સામે આવેલા વસંત વિહારમાં આવેલા રહેણાંક મકાનમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

નડિયાદ અને આણંદમાં કુલ ૧૮ થી વધુ સ્થળો પર તપાસ હાથ ધરવામાં આવી હતી અને જેમાં ૯૦ થી વધુ અધિકારીઓ સર્ચ ઓપરેશનમાં જોડાયા હતા. મળતી માહિતી મુજબ આ દરોડામાં આવકવેરા વિભાગના હાથ ખૂબ મોટી કરચોરી લાગે તો નવાઈ નહીં કારણકે અત્યારે માર્ચ એન્ડિંગ હોવાના કારણે ઘણા ખરા કરદાતાઓ પર તવાઈ બોલાવવામાં આવી રહી છે અને આવકવેરા વિભાગને ઘણો ખરો ફાયદો પણ થઈ રહ્યો છે ત્યારે આ દરોડામાં કેટલા અંશે કરચોરી પકડાશે તે હવે આવનારો સમય જ જણાવશે પરંતુ દરોડાના પ્રથમ દિવસે જ ખૂબ વ્યાપક પ્રમાણમાં બેનામી વ્યવહારો પેઢી દ્વારા કરવામાં આવ્યા હોય તેવું માલુમ પડ્યું છે અને તે તમામ સાહિત્ય અને દસ્તાવેજો પણ વિભાગને હાથ લાગ્યા છે. હજુ પણ માર્ચ એન્ડિંગ સુધીમાં આવકવેરા વિભાગ દ્વારા કરચોરો પર તવાઈ બોલાવવામાં આવે તો નવાઈ નહીં.

અગાઉ પણ રાજ્યના કોપરના ધંધા સાથે સંકળાયેલા ૧૪ પેઢીઓ પર સ્ટેટ જીએસટી વિભાગે કાર્યવાહી કરી છે. તપાસ દરમિયાન જીએસટી વિભાગે ૧૯.૪૬ કરોડની કરચોરી પકડી પાડી છે. તેમજ ફોર્ચ્યુન કોપર ઈન્ડસ્ટ્રીઝમાં પેઢીના ભાગીદાર સંદીપ અનવર વિરાણીની ધરપકડ કરી છે. સ્ટેટ જીએસટી વિભાગને મળેલી બાતમીના આધારે વિભાગના અધિકારીઓએ કાર્યવાહી કરતા કોપરના ધંધા સાથે સંકળાયેલી સુરત, રાજકોટ, ભરુચ, વાપી, જુનાગઢ અને ભાવનગરમાં ૧૪ કોપરની પેઢીઓને ત્યાં તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સુપ્રીમ કોર્ટે GST, કસ્ટમ્સ અધિકારીઓને ધરપકડની સત્તાનું આપ્યું સમર્થન

### કસ્ટમ્સ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ, કસ્ટમ અધિકારીઓને દાણચોરી, અથવા કસ્ટમ ડ્યુટીની ચોરી સંબંધિત ગુના માટે શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ કરવાની સત્તા છે

નવીદિલ્હી, તા. ૨૭

સુપ્રીમ કોર્ટે ગુરુવારે કસ્ટમ્સ અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિકારીઓને ધરપકડની સત્તા આપતી જોગવાઈઓની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું. કોર્ટ સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ની કલમ ૬૯ અને ૭૦ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓના બેચ પર નિર્ણય લઈ રહી હતી. CGST એક્ટની કલમ ૬૯ GST અધિકારીઓને જ્યારે તેઓ કલમ ૧૩૨(૧) હેઠળ ગુનો કરે છે ત્યારે તેમની ધરપકડ કરવાની સત્તા આપે છે, જ્યારે કલમ ૭૦ તેમને પૂછપરછ માટે વ્યક્તિઓને બોલાવવાની સત્તા આપે છે. અરજદારોએ દલીલ કરી હતી કે આ સત્તાઓ કરવેરાના અવકાશની બહાર છે અને મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. મુખ્ય દલીલ એવી હતી કે જોગવાઈઓ ગુનાહિત પ્રકૃતિની હતી અને બંધારણની કલમ ૨૪૬અ હેઠળ તેને લાગુ કરી શકાઈ ન હતી.




કસ્ટમ્સ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ, કસ્ટમ અધિકારીઓને દાણચોરી, ખોટી જાહેરાત અથવા કસ્ટમ ડ્યુટીની ચોરી સંબંધિત ગુના કરવા માટે શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ કરવાની સત્તા છે. અધિનિયમની કલમ ૧૦૪ તેમને કોઈ વ્યક્તિની ધરપકડ કરવાની સત્તા આપે છે જો ત્યાં ''માનવાના કારણો'' હોય કે વ્યક્તિએ એક્ટ હેઠળ સજાપાત્ર ગુનો કર્યો છે.

જો કે, ગુનાની ગંભીરતાને આધારે ધરપકડની સત્તાનું વર્ગીકરણ કરવામાં આવે છે. ત્રણ વર્ષથી વધુ જેલની સજા પામેલાઓને કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર ગણવામાં આવે છે, જેનાથી સત્તાવાળાઓ તાત્કાલિક પગલાં લઈ શકે છે. અરજદારોએ દલીલ કરી હતી કે ધરપકડની સત્તાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે મનસ્વી અટકાયત અને મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

# લદ્દાખ મુદ્દે ભારત સાથે મંત્રણા કરવા ચીન તૈયાર

### સરહદી વિસ્તારોમાં શાંતિ જાળવવા ભારત સાથે કામ કરવા તૈયારીઓ શરૂ

નવીદિલ્હી, તા. ૨૭

ચીનના સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે તેની અને ભારતીય સેનાઓ પૂર્વી લદ્દાખમાં ગતિરોધને ''વ્યાપક અને અસરકારક રીતે'' સમાપ્ત કરવાના પ્રસ્તાવનો અમલ કરી રહી છે. મંત્રાલયના પ્રવક્તા વરિષ્ઠ કર્નલ વુ કિયાને એક મીડિયા બ્રીફિંગમાં પૂર્વી લદ્દાખ સેક્ટરમાં સ્થિતિ સામાન્ય થવા અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, હાલમાં ચીન અને ભારતીય સેના સરહદી વિસ્તારો સાથે સંબંધિત પ્રસ્તાવોને વ્યાપક અને અસરકારક રીતે લાગુ કરી રહી છે. તેમણે કહ્યું કે, અમે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સૌહાર્દ જાળવવા માટે ભારતીય પક્ષ સાથે મળીને કામ કરવા તૈયાર છીએ. ભારત અને ચીને ગયા વર્ષના અંતમાં ડેપસાંગ અને ડેમચોકમાંથી સૈનિકો પાછા ખેંચવા માટેની સમજૂતીને આખરી ઓપ આપ્યા બાદ આ



પ્રક્રિયા (સૈનિકો પાછા ખેંચવાની) પૂર્ણ થઈ છે. પૂર્વી લદ્દાખના આ બે ઘર્ષણ બિંદુઓથી સૈનિકો પાછા ખેંચવા સાથે, ચાર વર્ષથી વધુ સમયથી સંબંધોમાં મડાગાંઠનો અંત આવ્યો. સમજૂતીને આખરી ઓપ અપાયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ૨૩ ઓક્ટોબરે રશિયાના કઝાનમાં વાટાઘાટો કરી હતી. બેઠકમાં, બંને પક્ષોએ વિવિધ સંવાદ પદ્ધતિઓ પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો હતો. ત્યારબાદ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ ગયા વર્ષે ૧૮ ડિસેમ્બરે બેઈજિંગમાં ૨૩મી વિશેષ પ્રતિનિધિ (SR) સ્તરની વાટાઘાટો કરી હતી. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ ૨૬ જાન્યુઆરીએ ચીનની રાજધાનીની મુલાકાત લીધી હતી અને તેમના ચીની સમકક્ષ સન વેડોંગ સાથે વાતચીત કરી હતી. શ્રેણીબદ્ધ વાતચીત બાદ બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવાની પ્રક્રિયામાં લાગેલા છે. ભારતનું કહેવું છે કે જ્યાં સુધી સરહદી વિસ્તારોમાં શાંતિ નહીં સ્થાપિત થાય ત્યાં સુધી ચીન સાથેના સંબંધો સામાન્ય નહીં થઈ શકે.

# દેશના GDPમાં ગુજરાતનું યોગદાન ૮.૩ ટકા

### વાઈબ્રન્ટ ગુજરાત જેવી વૈશ્વિક ઈવેન્ટથી વિશ્વના રોકાણકારો, ઉદ્યોગકારો અને મલ્ટીનેશનલ કંપનીઓનું ધ્યાન ગુજરાત તરફ આકર્ષાયુ

ગાંધીનગર, તા. ૨૭

સમગ્ર વિશ્વમાં ભારત ઉતરોતર પ્રગતિ કરી રહ્યું છે ત્યારે દેશના વિકાસ દરમાં દરેક રાજ્યનો સિંહ ફાળો છે તેમાં પણ જ્યારે ગુજરાતની વાત કરવામાં આવે તો ગુજરાતનો દેશના વિકાસ દરમાં ૮.૩% નો ફાળો છે જેની પાછળ ઉદ્યોગો સહિતના વિવિધ ક્ષેત્રનો સમાવેશ થાય છે.

એક તરફ વડાપ્રધાન દ્વારા 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને વરેલી રાજ્ય સરકારે આરોગ્ય, શિક્ષણ, આંતર માળખાકીય સુવિધાઓ, ઔદ્યોગિક, નીતિગત, સામાજિક જેવા તમામ ક્ષેત્રોમાં ઐતિહાસિક અને પરિવર્તનશીલ કામગીરી તેમજ જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા લોકહિતના અનેક કામો કરી રહી છે.ઉદ્યોગ મંત્રી રાજપુતે જણાવ્યું કે, ગુજરાતે તમામ બાબતોમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અગ્રેસર રહી વિશ્વ ફલક ઉપર પોતાની અલગ ભાત ઉભી કરી છે. રાજય એક તરફ ઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી રહ્યું છે, તો બીજી તરફ રોજગારીની નવી તકો ઉભી થઇ રહી છે. ભારતની માત્ર ૫ ટકા વસ્તી ધરાવતું ગુજરાત હવે દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપી રહ્યું છે.

ઉદ્યોગ મંત્રીએ કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની આગેવાની હેઠળ વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૩ સુધી ગુજરાતમાં વિકાસના નવા અધ્યાયની શરૂઆત થઈ. તેમના બહોળા સામાજિક અનુભવ, વહીવટી કુશળતા, સંશાધનોનો યોગ્ય ઉપયોગ કરવાની આવડત અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને કારણે છેવાડાના માનવી સુધી વિકાસની તકો પહોંચી છે.




આ ઉપરાંત શાળા પ્રવેશોત્સવ, વન મહોત્સવ, કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ, નિર્મળ ગુજરાત જ્યોતિગ્રામ યોજના, ખેલ મહાકુંભ, સુજલામ-સુફલામ યોજના, વનબંધુ કલ્યાણ યોજના અને બેટી બચાવો-બેટી પઢાવો જેવી અનેક ઐતિહાસિક પહેલોના કારણે ગુજરાતમાં મહત્વપૂર્ણ પરિવર્તનો જોવા મળી રહ્યા છે. જેના પરિણામે અન્ય રાજ્યોનું ધ્યાન પણ ગુજરાત તરફ આકર્ષાયું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.વાઇબ્રન્ટ ગુજરાતના આયોજન વિશે જણાવતા મંત્રીએ જણાવ્યું કે, રાજ્યમાં રહેલી વિકાસની વિશાળ તકના પરિણામે વિશ્વના રોકાણકારો, ઉદ્યોગકારો અને મલ્ટીનેશનલ કંપનીઓનું ધ્યાન ગુજરાત તરફ આકર્ષાયુ છે. ગુજરાતના વિકાસ માટે યોજનાઓની સાથે-સાથે નીતિગત સુધારાઓ, માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગના લીધે ઇચ્છીત લક્ષ્યાંક પ્રાપ્ત થયાં છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી છેલ્લા દોઢ દાયકાથી ભારતને વિકસિત અને સમૃદ્ધ દેશ બનાવવાની દિશામાં દિવસ-રાત અથાગ મહેનત કરી રહ્યાં છે. ગુજરાતથી શરૂ થયેલી વિકાસયાત્રાને ભારતના પ્રત્યેક રાજ્ય-નાગરિક સુધી પહોંચાડી વિકસિત અને આત્મનિર્ભર ભારત બનાવવાનો માર્ગ મોકળો થયો છે. જનધન યોજના, સ્કિલ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા, સ્વચ્છ ભારત મિશન, મુદ્રા, ઉજાલા, ઉજ્જવલા યોજના, સ્માર્ટ સિટી મિશન, સ્ટાર્ટ-અપ ઇન્ડિયા જેવી અનેક લોકકલ્યાણકારી યોજનાઓના પરિણામે નાગરિકોના જીવનધોરણ સુધર્યા અને જનસામાન્યની સ્થિતિમાં ઐતિહાસિક પરિવર્તનો આવ્યાં છે.

સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર રાજ્ય એવુ છે જેને આગામી ૨૫ વર્ષનો વિકાસનો રોડમેપ તૈયાર કરવાનું બીડુ ઝડપ્યું છે. વિકસિત ભારત૨૦૪૭ના વિઝન હેઠળ વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનવાનું લક્ષ્ય રાખ્યું છે.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને ૧૯ જેટલા દેશોએ સર્વોચ્ચ સન્માન આપ્યું છે. પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર રાજ્યના સર્વાંગી વિકાસના મીઠા ફળ તમામ નાગરિકોને મળી રહે તે માટે સતત અને સખત પરિશ્રમ કરી રહી છે. મંત્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં પાણી છલોછલ, પાક છલોછલ, વીજળી છલોછલ, ઉદ્યોગો છલોછલ, તિજોરી છલોછલ, નાગરિક સુવિધાઓ છલોછલ જેવી અનેક સુવિધાઓ છલોછલ છે. આમ, છલોછલ સરકારની છલોછલ કામગીરીનું પ્રતિબિંબ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં છલોછલ દેખાઈ રહ્યું છે ત્યારે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુતે છલોછલ સમર્થન આપ્યું હતું.

બે વર્ષ પહેલા પિતરાઇ ભાઇએ હવસખોરીનો શિકાર બનાવી વિડીયો પણ વાયરલ કર્યા હતાં

# દૂષ્કર્મ પિડીતાએ જુબાની આપી જીવ પણ આપી દીધો!

## આંબાના ઝાડમાં દોરી બાંધી લટકી ગઇઃ દિકરીની જિંદગી બગાડનારાના પરિવાર તરફથી હજુ પણ કેસ પાછો ખેંચવા ધમકીઓ મળતી હતી



રાજકોટઃ દૂષ્કર્મની સતત બની રહેલી ઘટનાઓમાં પોલીસ સુધી વિગતો પહોંચે ત્યારે પોલીસ કાર્યવાહી કરતી હોય છે. પરંતુ એફઆઇઆર દાખલ થઇ ગયા પછી અને હવસખોર ઝડપાઇ ગયા પછી પણ દૂષ્કર્મનો ભોગ બનનારની હાલત ખરાબ રહેતી હોય છે. દરમિયાન એક બનાવમાં દૂષ્કર્મનો ભોગ બનેલી પિડીતાએ કોર્ટમાં જુબાની આપ્યા બાદ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ વડોદરાનો છે. અહિ પોર આંબાવાડીમાં રહેતા આદિવાસી પરિવારની દુષ્કર્મ પીડિત સગીરાએ આંબાના ઝાડ પર પ્લાસ્ટિકની દોરીથી ફાંસો ખાઇ જીવન ટૂંકાવી લેતાં સનસનાટી મચી ગઇ છે. આરોપી પિતરાઇ ભાઇની હવસનો ભોગ બનેલી સગીરાએ તાજેતરમાં જ રોજ કોર્ટમાં જુબાની આપવા ગઇ હતી. ત્યાર પછીથી તે ડિપ્રેશનમાં રહેતી હતી. આપઘાત કરનાર પીડિતાના પિતાએ ટેલિફોનિક વાતચીતમાં રડતાં રડતાં જણાવ્યું હતું કે આરોપીનાં પરિવારજનો દીકરીને કેસ પરત ખેંચી લેવા માટે ધમકી આપતાં હતાં. આજે અમારા વતનમાં મેં મારા હાથે દીકરીના અંતિમસંસ્કાર કર્યા છે. હવે દીકરીને ન્યાય મળે એની રાહ જોવાની છે. વધુ વિગતો જોઇએ તો વડોદરા નજીક આવેલા પોર ગ્રામપંચાયતની આંબાવાડીમાં દાહોદનો આદિવાસી મહેનતકશ પરિવાર રહે છે. પરિવારમાં ચાર સંતાન છે જે પૈકી સૌથી મોટી ૧૭ વર્ષની દીકરી હતી. આ સગીરા ઉપર બે વર્ષ પહેલા દાહોદના નવા ગામમાં રહેતા ૨૩ વર્ષીય સગા પિતરાઇ ભાઇ બાબુ રતનભાઇ સંગાડાએ ધાક-ધમકીઓ આપી એકથી વધુ વખત દુષ્કર્મ આચર્યું હતું. એ અંગે દાહોદ જિલ્લાના કતવારા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

દરમિયાન પોલીસે ફરિયાદના આધારે આરોપી બાબુ રતન સંગાડાની ધરપકડ કરી જેલભેગો કરી દીધો હતો. બાદમાં પોલીસે પુરાવા એકત્ર કરી આરોપી સામે દાહોદ પોક્સો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. એ અંગેનો કેસ હાલ ચાલી રહ્યો છે. આ કેસ સંદર્ભે પીડિત સગીરા ગત ઓગણસમી ફેબ્રુઆરીએ કોર્ટમાં જુબાની આપવા ગઇ હતી.

જુબાની આપીને પરત આવ્યા બાદથી સગીરા પલક ટેન્શનમાં રહેતી હતી. આ પછી પરમ દિવસે દુષ્કર્મ પીડિતાએ આંબાના ઝાડ પર પ્લાસ્ટિકની દોરી વડે ફાંસો ખાઇને જીવન ટૂંકાવી લીધું હતું. પરિવારને જાણ થતાં ચોંકી ઊઠ્યો હતો. દીકરીના આપઘાતથી પરિવાર સ્તબ્ધ થઇ ગયો હતો. પરિવારના હૈયાફાટ રુદનથી આંબાવાડીમાં સન્નાટો છવાઇ ગયો હતો. બાદમાં આ બનાવની જાણ વરણામા પોલીસ મથકમાં કરવામાં આવતાં એ.એસ. આઇ. સંતોષ સૂર્યમણિ સ્ટાફ સાથે દોડી ગયા હતા. મૃતદેહનો કબજો લઇ કાર્યવાહી હાથ ધરી હતી અને પોસ્ટમોર્ટમ થયા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપ્યો હતો.

આપઘાત કરી લેનાર પિડીતાના પિતાએ ટેલિફોનિક વાતચીતમાં રડતાં રડતાં જણાવ્યું હતું કે આજે સવારે અમારા વતનમાં મારી દીકરીના મારા હાથે અંતિમસંસ્કાર કરીને આવ્યો છું. પલક મારાં ચાર સંતાનોમાં સૌથી મોટી દીકરી હતી. વર્ષ ૨૦૨૩માં અમે પરિવારજનો લગ્નપ્રસંગમાં ગયાં હતાં. એ દરમિયાન ભાઇના દીકરા બાબુ સંગાડાએ સગીરાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ આચર્યા બાદ આ અંગે કોઈને જાણ ન કરવાની અને અંગત પળોના ફોટા વાઇરલ કરવાની ધમકીઓ આપી દુષ્કર્મ આચરતો હતો. શરૂઆતમાં દીકરીએ બદનામી અને બાબુની ધમકીના ડરથી વાત છુપાવી હતી, પરંતુ દીકરીની જિંદગી બગાડનાર હવસખોર બાબુ સંગાડાએ ફોટા વાઇરલ કરતાં મામલો ગ્રામપંચાયતના પંચમાં પહોંચ્યો હતો, પરંતુ દીકરીએ પંચમાં સમાધાન કરવાનો ઇનકાર કરી દેતાં આખરે દાહોદ જિલ્લાના કતવારા પોલીસ મથકમાં હવસખોર બાબુ સંગાડા સામે ફરિયાદ નોંધાવી હતી.

દીકરીના અંતિમસંસ્કાર કરનાર પિતાએ ચોધાર આંસુએ રડતાં રડતાં વધુમાં જણાવ્યું હતું કે હાલ દાહોદ પોક્સો કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. આરોપી જેલમાં છે. મુદતો પડી રહી છે. ગત ૧૯ ફેબ્રુઆરી ૨૫ના રોજ પલકની જુબાની લેવામાં આવી હતી. આ ચાલી રહેલા કેસ દરમિયાન આરોપીના ભાઇઓ અને પરિવારજનો દ્વારા દીકરી અને અમને કેસ પરત ખેંચી લેવા માટે ધમકીઓ આપવામાં આવતી હતી. પિતાએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે દીકરી અને અમને ધમકી આપનારા આરોપીઓ સામે સ્થાનિક પોલીસ મથકમાં અરજીઓ પણ આપવામાં આવી હતી, પરંતુ પોલીસ દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવતી ન હતી. એ તો ઠીક અમે અમારા વકીલ મારફત પણ પોલીસ મથકમાં અરજીઓ આપવામાં આવી હતી છતાં પોલીસ દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવી ન હતી. દીકરી સાથે થયેલા બદકામ બાદ અમે તમામ પરિવારજનો પોર આવી ગયાં હતાં. જ્યારે કોર્ટમાં મુદત હોય ત્યારે દીકરીને લઇ દાહોદ પોક્સો કોર્ટમાં હાજર થઇ જતા હતા. આ ચકચારી બનાવ અંગે વરણામા પોલીસે તપાસ યથાવત રાખી છે.

# RTE માટે એકમાત્ર દિકરી હોવા અંગેનું પ્રમાણપત્ર આપશે મનપા

## ૧૨ માર્ચ સુધી આપવામાં આવશે પ્રમાણપત્ર : રાજકોટ મનપાએ શરૂ કરી કામગીરી

રાજકોટ, તા. ૨૭

રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ હાલ કામગીરી શરૂ કરવામાં આવી રહી છે ત્યારે ૧૨ માર્ચ સુધી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ યોજના હેઠળ એક માત્ર દીકરી હોવા અંગેનો પ્રમાણપત્ર આપવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા અને આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ દ્વારા સંયુક્ત યાદીમાં જણાવેલ કે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નબળા વર્ગના બાળકોના શિક્ષણ અર્થે શાળા પ્રવેશ અર્થેના રાઇટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ જુન ૨૦૨૫ના સત્રના પ્રથમ ધોરણના પ્રવેશ અર્થેની જાહેરાત થયેલ છે જેમાં, જે માતા-પિતાને ફક્ત એક માત્ર દિકરી હોય તેઓને પ્રથમ ધોરણમાં પ્રવેશમાં અગ્રતા આપવાની જાહેરાત થયેલ છે. આ જાહેરાત પૈકી જે માતા પિતાને સંતાનમાં ફક્ત એક માત્ર દિકરી હોય અને તે દિકરીનો જન્મ .૧ જૂન ૨૦૧૮ થી ૩૦ મે ૨૦૧૯ દરમ્યાન થયેલ હોય તેવા માતાપિતા દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન અને વેસ્ટ ઝોન કચેરી ખાતેના સિવિક સેન્ટરમાંથી ૧૨ માર્ચ સુધી પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ પ્રમાણપત્ર મેળવવા અર્થે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ WWW.RMC.GOV.IN પર જઈ ફોર્મસ મેનુમાંથી જન્મ મરણ વિભાગમાં RTE SINGLE GIRL CHILD નું ફોર્મ ડાઉનલોડ કરી તેની સાથે રજુ કરવાના પુરાવા પૈકી બાળકનું જન્મ પ્રમાણપત્ર, બાળકના માતા અને પિતાના આધાર કાર્ડ, કુટુંબનું રાશન કાર્ડ (જેમા બાળકનું નામ ફરજીયાત જરૂરી છે) તેમજ જો પુરાવાઓ રાજકોટ શહેર સિવાયના હોય તો રાજકોટ શહેરમાં જ્યાં રહેતા હોય તે જગ્યાનો રહેણાંકનો પુરાવો. તેમજ સાથે જોડેલ નમુના મુજબનું રૂ.૫૦ના સ્ટેમ્પપેપર ઉપર કરેલ નોટરાઇઝ્ડ સોગંદનામુ રજુ કરવાનું રહેશે.



# લોકોને સપનાનું ઘર મેળવવાની વધુ એક તક

## રાજકોટ જિલ્લાના ૫૪૩ ગામોનું પી.એમ.આવાસ અંતર્ગત સર્વેક્ષણ કરાયુંઃ ૩૮૭૨ લાભાર્થીઓને મળશે ઘરનું ઘર

રાજકોટ તા. ૨૭

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રાજકોટ જિલ્લામાં કાચા મકાન સહિતના ઘરવિહોણા જરૂરિયાતમંદ પરિવારોને પોતાના સપનાંનું ઘર મળી રહે તે હેતુથી આવાસ પ્લસ-૨૦૨૪ સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૮૭૨ લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી. સર્વેક્ષણમાં પડધરી તાલુકામાં સૌથી વધુ ૬૭૧ લાભાર્થીઓ અને કોટડાસાંગાણી તાલુકામાં સૌથી ઓછા ૧૧૨ લાભાર્થીઓ નોંધાયા હતા.

રાજકોટ જિલ્લાની ૫૪૩ ગ્રામ પંચાયતમાં ઘરવિહોણા લોકોને પાકું ઘર મળે તે માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળની તાલુકા પંચાયત કચેરી દ્વારા સર્વેક્ષણની કામગીરી તાલુકા કક્ષાએથી નિયુક્ત કરેલ સર્વેયરો દ્વારા ઓનલાઈન એપ મારફત કરવામાં આવી હતી. વધુમાં વધુ લોકોનું સ્ક્રીનીંગ થાય અને વધુમાં વધુ લાભાર્થીઓને યોજનાનો લાભ મળે તે માટે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા જેઓને ખુલ્લો પ્લોટ હોય, કાચું મકાન હોય તેવા ગરીબ પરિવારો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત તેમનું પાકું મકાન બનાવવા માટે રૂ. ૧.૨૦ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે. જેમાં લાભાર્થીનું આવાસ મંજુર થયે એડવાન્સ પેટે રૂ.૩૦,૦૦૦ ત્યારબાદ આવાસમાં પ્લીન્થ સુધીના બાંધકામ થવાથી રૂ. ૮૦,૦૦૦ અને પ્લાસ્ટર સાથે પૂર્ણ થાય ત્યારે રૂ.૧૦,૦૦૦ ની ચુકવણી કરવામાં આવે છે. તદ્દઉપરાંત આવાસ મંજુર થયાના પહેલો હપ્તો રૂ. .૩૦,૦૦૦ ચૂકવ્યાની તારીખથી ૬(છ) મહિનાથી ઓછા સમયમાં આવાસ પૂર્ણ કરવામાં આવે તો મુખ્યમંત્રી આવાસ પ્રોત્સાહક સહાય પેટે રૂ.૨૦,૦૦૦ ચુકવવામાં આવે છે. મનરેગા યોજના હેઠળ લાભાર્થીને મજુરી પેટે પ્રતિ દિન રૂ.૨૮૦ લેખે ૯૦ દિવસની રોજગારી પણ ચુકવવામાં આવે છે.આવાસ સાથે જ સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ લાભાર્થી શૌચાલય બનાવે તો રૂમ.૧૨,૦૦૦ લેખે સહાય તેમજ બાથરૂમ બાંધકામ કરવામાં આવે તો રૂ.૫,૦૦૦ અલગથી ચુકવવામાં આવે છે. આમ પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ કુલ રૂમ.૧,૮૨,૦૦૦ રૂપિયાની સરકારશ્રી દ્વારા આવાસ સહાય આપવામાં આવે છે. ત્યારે રાજકોટ જિલ્લાના બાકી રહી જતા લાભાર્થીઓને પણ ગ્રામપંચાયત કે તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરી પોતાના નામની નોંધણી કરાવવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એ.કે.વસ્તાણીની યાદી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.



હવસખોર વિકૃતીયાઓ ભાન ભુલીને આચરે છે શૈતાનોને પણ શરમાવે તેવા કૃત્ય

# ચોકલેટની લાલચ દઈ ડોસાએ સોળ વર્ષની બાળાનો દેહ પીંખ્યો

## ફ્લેટના બેઝમેન્ટમાં લઇ જઇ મોઢુ દબાવી બળાત્કાર ગુજારી પછી ધમકી દીધીઃ લોકોએ બરાબરની ધોલધપાટ કરતાં દાખલ કરવો પડ્યોઃ બીજી ઘટનામાં ડ્રાઈવીંગ સ્કૂલના ટ્રેનરે કાર શીખવા આવેલી યુવતિ સાથે કર્યા ચાળા

રાજકોટઃ હવસખોરીની ઘટનાઓ અટકતી જ નથી. વધુ ત્રણ ચોંકાવનારા આવા બનાવ સામે આવ્યા છે. જેમાં એક સાંઇઠ વર્ષનો ડોસો વિકૃતીની તમામ હદ વટાવી ગયો હતો અને સોળ વર્ષની બાળાને ચોકલેટ અપાવવાની લાલચ દઈ ફ્લેટના બેઝમેન્ટમાં લઇ ગયો હતો અને મોઢુ દબાવી બળાત્કાર ગુજારી લીધો હતો. બીજા કિસ્સામાં ડ્રાઇવીંગ શીખવા આવતી યુવતિ સાથે કાર ડ્રાઇવીંગ સ્કૂલના ટ્રેનર એવા વિધર્મી શખ્સે ચાલુ કારે અશ્લીલ વર્તન કરી લીધુ હતું.

વિગતો પર નજર કરીએ તો ખળભળાટ મચાવતી આ ઘટના વડોદરાના ગોરવા ખાતે બની છે. અહિ સાંઇઠ વર્ષના વર્ષીય વૃદ્ધે સો સોળ વર્ષની સગીરાને ફલેટના બેઝમેન્ટમાં લઈ જઈ પીંખી નાખી હતી. વૃદ્ધ સગીરાને ચોકલેટ આપવાની લાલચ આપી બેઝમેન્ટમાં લઈ ગયો હતો. નરાધમે સગીરા સામે કરેલા કૃત્યને પગલે ગોરવા પોલીસે વૃદ્ધની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર મળતી વિગતો મુજબ, ગોરવા ખાતે રહેતો ૬૦ વર્ષિય વૃદ્ધ ડ્રાઈવિંગનું કામ કરે છે. વૃધ્ધ સોમવારે તેના ઘર નજીક રહેતી ૧૬ વર્ષિય સગીરાને ચોકલેટ આપવાની લાલચ આપી તેના ફલેટના બેઝમેન્ટમાં લઈ ગયો હતો. જ્યાં વૃધ્ધે સગીરાને અચાનકથી પકડી લીધી હતી અને ખુણે લઈ જઈ મોઢુ દબાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

ત્યારબાદ વૃદ્ધે સગીરાને આ બાબતે કોઈને જાણ કરીશ તો તને મારીશ તેવી ધમકી આપી હતી. ત્યારે ગભરાઈ ગયેલી સગીરા પરત તેના ઘરે જતી હતી, તે દરમિયાન તેનો પરિવાર તેને જોઈ ગયો હતો. પરિવારે સગીરાને શું થયું છે? તેમ પૂછતા તેને ઘટના અંગે જાણ કરી હતી. જેથી પરિવારે વૃદ્ધ સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ વૃદ્ધની ધરપકડ કરી તેને જેલ હવાલે કર્યો હતો. જોકે આ સમગ્ર મામલે ગોરવા પોલીસે વૃદ્ધ વિરુધ્ધ પોકસો એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી સામે પોલીસે પોક્સો એક્ટના ગુના નોંધી તેની ધરપકડ કરી હતી. ભોગ બનનાર સગીરા છે અને માનસિક અસ્વસ્થ છે. પોલીસે સાયટિફિક ઈન્વેસ્ટીગેશન કિટની મદદ લઈ તપાસ હાથ ધરી છે. પોલીસે પુરાવા પણ એકત્રિત કરવામાં આવ્યા છે. તેમ એસીપી આર.ડી.કવાએ જણાવ્યું હતું.

વધુ માહિતી અનુસાર દીકરીએ બનાવ બાબતે પરિવારને જાણ કરતા તેઓ દ્વારા ફલેટના સીસીટીવી તપાસવામાં આવ્યા હતાં. સીસીટીવીના કુટેજ જાઈ પરિવાર ચોંકી ઉઠયો હતો. વૃદ્ધની કરતુત સામે આવતા પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. લેટના અન્ય રહિશોને જાણ થતા વૃધ્ધને માર પણ માર્યો હતો. વૃદ્ધની પત્નિને તેમના ઘર નીચેથી બુમા-બુમના અવાજ આવતા હતા. જેથી તેઓ નીચે ગયા હતા. ત્યારે વૃદ્ધને તેમના ફલેટમાં જ રહેતા ત્રણ યુવક માર મારતા હોવાનું જણાયું હતું. વૃધ્ધ 'છોકરીની છેડતી કરે છે'. તેમ કહી માર મારતા હતા. આ કારણે વૃદ્ધ બેભાન થઈ ગયો હતો. જેથી તેને ગોત્રી જનરલ હોસ્પિટલ લઈ જવાયો હતો. વૃધ્ધની પત્નીએ પતિને માર મારનાર ત્રણ સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે.

બીજા બનાવમાં સુરતના વેસુ વિસ્તારમાં આવેલી એક જાણીતી ડ્રાઈવિંગ સ્કૂલમાં કાર ચલાવવાનું શીખવા આવેલી અઢાર વર્ષીય યુવતી સાથે ટ્રેનરે શારીરિક અડપલા કર્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ડ્રાઈવિંગ શીખવવાના બહાને ટ્રેનરે કારમાં જ યુવતીના અડપલા કર્યા હતા, જે અંગે યુવતીએ તરત જ પરિવારજનોને જાણ કરી. સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચતા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વેસુની એક જાણીતી કોલેજમાં અભ્યાસ કરતી અઢાર વર્ષીય યુવતી બપોરે ત્રણથી ચાર વચ્ચે સલાબતપુરા સ્થિત ડ્કમોદી ઓટો ડ્રાઈવિંગ સ્કૂલડ્ખ ખાતે કાર ચલાવવાનું શીખવા જતી હતી. ટ્રેનર ઈરફાન રફીક શેખ યુવતીને ડ્રાઈવિંગ શીખવતો હતો. ગત દિવસે કાર ચલાવતી વખતે ટ્રેનરે શીખવાડવાના બહાને યુવતી સાથે અશ્લીલ વર્તન કર્યું. આ હરકત બાદ યુવતીએ તુરંત ડ્રાઈવિંગ સ્કૂલની ઓફિસમાં જઈને ફરિયાદ કરી. બાદમાં, યુવતીએ આ અંગે પોતાના પિતાને જાણ કરી, જે તાત્કાલિક સલાબતપુરા પોલીસ મથકે પહોચ્યા. પોલીસએ ત્વરિત કાર્યવાહી કરીને આરોપી ઈરફાન રફીક શેખ સામે ત્ભ્દની લગતી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. સલાબતપુરા પોલીસે આ કેસમાં આગળની તપાસ હાથ ધરી છે અને આરોપી વિરૂધ્ધ કાર્યાવહી કરી હતી.

### ચોરીના કિસ્સાઓ તો રોજબરોજ બનતાં હોય છે પણ બે ઘટનાએ સૌને ચોંકાવી દીધા

# યુવાને મિત્રના ઘરમાં, યુવતિએ સગાને ત્યાં કર્યો હાથફેરો

## યુવાનને લવમેરેજ કરવા નાણાની જરૂર હોઇ મિત્રના બાઇકમાં રહેલી ઘરની ચાવીની ડુપ્લીકેટ બનાવી ઉપયોગ કર્યો: યુવતિને નવો ફોન લેવો હોઇ બોયફ્રેન્ડ સાથે મળી સગાને ત્યાંથી ચેઇન ચોર્યો: વેંચવા નીકળ્યા ને પકડાયા

રાજકોટ: ચોરીની ઘટનાઓ તો રોજબરોજ બનતી રહે છે. પરંતુ ઘણીવાર ચોરીની એવી ઘટનાઓ બને છે જે ચોંકાવી જતી હોય છે. બે આવા ચોરીના બનાવ સામે આવ્યા છે જેમાં એક કિસ્સામાં મિત્રએ મિત્રના ઘરમાં ખાતર પાડ્યું હતું, આ શખ્સને રજીસ્ટર મેરેજ કરવા માટે પૈસાની ખેંચ ઉભી થઇ હોવાથી મિત્રના બાઇકમાં રહેલી ઘરની ચાવીની ડુપ્લીકેટ ચાવી બનાવડાવી લઇ તેના આધારે ચોરી કરી હતી. બીજા કિસ્સામાં એક યુવતિએ મોબાઇલ ફોન લેવા માટે પોતાના જ બોયફ્રેન્ડ સાથે મળી પોતાના જ સગાના ઘરેથી સોનાના ચેઇનની ચોરી કરી હતી. પણ ચોરાઉ ચેઇન વેંચવા જતી વખતે ભાંડો ફુટી ગયો હતો.



ઘટના પર નજર કરીએ તો વડોદરામાં રહેતાં એક યુવાન રજીસ્ટર મેરેજ કરવા માટે રૂપિયાની જરૂર પડતા પોતાના મિત્રના ઘરે જ ચોરી કરતા પોલીસે આરોપી યુવકને ઝડપી પાડ્યો છે. ઉલ્લેખનિય છે કે યુવક આકાશ કનોજીયા ખટંબાની અનંતા શુભલાભ સોસાયટીમાં પોતાની ફિયાન્સ સાથે રહેતો હતો. તેણે તાજેતરમાં ખટંબા ખાતે આવેલી કળશવિલા સોસાયટીના બંધ મકાનનું તાળું તોડી રૂા.૧.૬૧ લાખના દાગીના તેમજ પલંગના ઓશીકા નીચે મુકેલા રોકડા રૂા.૧૦ હજારની ચોરી કરી હતી. વરણામા પોલીસે જણાવ્યું હતું કે, મુળ પંચમહાલના દેરોલનો રહેવાસી આકાશ હર્ષદભાઈ કનોજીયા એક યુવતી સાથે પ્રેમ કરતો હોવાથી તે પોતાની ફિયાન્સ સાથે છેલ્લા દોઢ બે મહિનાથી ખટંબાની અનંતા શુભલાભ સોસાયટીના મકાનમાં રહેતો હતો. યુવાનને રજીસ્ટર મેરેજ કરવાના હતા, પરંતુ તેની પાસે લગ્ન કરવા માટે પુરતા રૂપિયા નહોતા.

પૈસા ક્યાંથી લાવવા તેના વિચારમાં અશોક હતો, તે દરરોજ મિત્ર રાહુલના ગલ્લા પર જતો હતો. જેમાં બંને વચ્ચે મિત્રતા વધી હતી. દરમિયાન એક દિવસ આરોપી યુવક રાહુલની બાઈક લઈને નિકળ્યો હતો. બાઈકમાં રાહુલના ઘરની ચાવી પણ હતી. આ ચાવી જોઈને આકાશના મગજમાં ચોરી કરવાનો આઈડિયા આવ્યો હતો. જેમાં તેણે રાહુલના ઘરની ડુપ્લિકેટ ચાવી બનાવી દિધી હતી. ત્યારબાદ આકાશે રાહુલની દિનચર્યા પર નજર રાખતો હતો. દરમિયાન રાહુલ દિવસે મંજુસરની ખાનગી કંપનીમાં નોકરી પર જતો અને સાંજે ઘરે આવ્યા બાદ ગલ્લો ચલાવતો હતો. આ તકનો લાભ લઈને આકાશે રાહુલ નોકરી કરવા નિકળ્યો ત્યારે તેના ઘરની ડુપ્લિકેટ ચાવી વડે તાળુ ખોલીને મકાનમાં રહેલી તિજોરીનું લોકર તોડીને રૂા.૧.૬૧ લાખના દાગીના અને રૂા.૧૦ હજારની રોકડ ચોરી લીધી હતી. સીસીટીવીના માધ્યમથી આરોપી ઝડપાયો હતો. પોલીસે તેને ઝડપી લેવા કાર્યવાહી કરી હતી.


આવી જ બીજી એક ઘટના સામે આવી છે જેમાં નવો મોબાઇલ ખરીદવાની ઘેલછામાં યુવતિ અને તેનો બોયફ્રેન્ડ ચોરીના રવાડે ચડ્યા હતાં. આ બનાવ પણ વડોદરાનો છે. અહિ ગોરવા વિસ્તારમાં બોયફ્રેન્ડની મદદ લઇ સોનાની ચોરેલી ચેન વેચવા ફરતી યુવતી અને તેના ફ્રેન્ડને પોલીસે ઝડપી પાડયા હતા. સુભાનપુરા સુરેશ ભજીયા ચાર રસ્તા પાસે ગોરવા પોલીસે એક યુવતી અને યુવકને શંકાસ્પદ હાલતમાં જોઇ તપાસતાં તેમની પાસેથી એક તોલાની સોનાની ચેન મળી હતી.જે બાબતે પૂછપરછ કરતાં આ ચેન યુવતીએ તેના સબંધીને ત્યાંથી બે મહિના પહેલાં ચોરી હોવાની અને મોબાઇલ લેવાનો હોવાની વિગતો ખૂલી હતી. પોલીસની તપાસમાં યુવતીનું નામ નુપુર વિઠ્ઠલ અને તેના ફ્રેન્ડનું નામ જયરાજ સિંગ હોવાનું ખૂલ્યું હતું.જેથી ચોરીના ગુનામાં બંનેની અટકાયત કરવામાં આવી હતી. આ બંને લક્ષ્મીપુરામાં રહે છે. આમ એક કિસ્સામાં એક યુવાને પોતાના મિત્રના ઘરમાં ચોરી કરી હતી. તો બીજા બનાવમાં યુવતિએ બોયફ્રેન્ડ સાથે મળી ચોરી કરી હતી.

ચોરીની અન્ય એક ઘટનામાં ખટંબા ખાતે આવેલી કળશવિલા સોસાયટીના બંધ મકાનનું તાળું તોડી તસ્કરોએ મકાનના રૂમમાં તિજોરીનું લોકર તોડી રૂા.૧.૬૧ લાખના દાગીના તેમજ પલંગના ઓશીકા નીચે મુકેલા રોકડા રૂા.૧૦ હજાર મળીને રૂા.૧.૭૧ લાખની ચોરી કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. વડોદરાના ખટંબા ખાતે આવેલી કળશવિલા સોસાયટીમાં રહેતા રાહુલ સિધ્ધપુરા મંજુસરની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. જ્યારે તેમના પિતા સોસાયટીની બહાર પાનનો ગલ્લો ચલાવે છે. યુવક ૨૧ ફેબ્રુઆરીના રોજ નોકરી પરથી આવી સાંજે સાડા સાત વાગે ઘર ખોલ્યું હતું.

આ ઉપરાંત ગલ્લામાં રાખવાના રૂા.૧૦ હજાર થેલીમાં મુકીને પલંગના ઓશિકાની નીચે મુકેલા હતાં, તે રૂપીયા ભરેલી થેલી ઓશીકું ઉંચુ કરતા ત્યાં રૂપીયા ભરેલી થેલી ન હતી. જ્યારે રૂમમાં રહેલી તિજોરીની અંદર આવેલું સેફિટ લોકર તુટેલું હતું. તપાસ કરતા રૂા.૧.૬૧ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂા.૧૦ હજાર મળીને રૂા.૧.૭૧ લાખની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, તસ્કરોએ ડુપ્લિકેટ ચાવી કે કોઈ સાધન વડે તાળું ખોલીને ઘરમાંથી ચોરી કરી જવામાં આવી હતી.

# વિશ્વના ન્યુરો - સ્પાઇન સર્જન ત્રણ દિવસ બનશે રાજકોટના મહેમાન

## શનિવારથી ત્રણ દિવસની ન્યુરો સર્જન કોન્ફરન્સ : મગજ અને મણકાની આધુનિક સારવાર પધ્ધતિ અંગે થશે ગહન ચર્ચા



રાજકોટ , તા. ૨૭

આજના આધુનિક યુગમાં પણ મગજ અને મણકાની વૈશ્વિક સારવાર પદ્ધતિની ભારતમાં કમી છે ત્યારે રાજકોટના આંગણે ૨૫ વર્ષના અંતરાલ બાદ રાજકોટ ન્યુરોસર્જન એસોસીએશનના યજમાન પદે ન્યુરોલોજીકલ સર્જન સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા ત્રણ દિવસીય ન્યુરો સર્જન કોન્ફરન્સ યોજાઈ રહી છે જેમાં રશિયા, કોરિયા, જાપાન, અમરિકા, ઈન્ડોનેશિયા, લંડન અને મલેશિયાના ૨૦ વિશ્વપ્રસિદ્ધ તબીબો ઉપરાંત ભારતના ખ્યાતનામ ન્યુરો અને સ્પેઈન સર્જન હાજર રહી મગજ અને મણકાની આધુનિકમાં આધુનિક સારવાર પદ્ધતિ અંગે ભારતભરના ન્યુરો અને સ્પાઇન સર્જનને પ્રત્યક્ષ માર્ગદર્શન આપશે. ન્યુરો સર્જન કોન્ફરન્સમાં ન્યુરો નર્સીંગ સ્ટાફ માટે પણ ટ્રેનિંગ સેશન રાખવામાં આવ્યું છે.

રાજકોટ રાજકોટ ન્યુરોસર્જન એસોસીએશનના યજમાનપદે રાજકોટના આંગણે એઇમ્સ હોસ્પિટલ તેમજ રીજન્સી લગૂન ખાતે આગામી તા.૨૮ ફેબ્રુઆરીથી લઈ ૧ અને ૨ માર્ચના રોજ ન્યુરોલોજીકલ સર્જન સોસાયટી ઓફ ઈન્ડિયાના ઉપક્રમે ત્રિ-દિવસીય ન્યુરો સર્જન કોન્ફરન્સ યોજવા જઈ રહી છે. આ કોન્ફરન્સ અંગે રાજકોટના ખ્યાતનામ ન્યુરો સર્જન અને રાજકોટ ન્યુરોસર્જન એસોસીએશનના પ્રમુખ ડો.પ્રકાશ મોઢાએ જણાવ્યું હતું કે, વિશ્વભરમાં ન્યુરો અને સ્પાઇન સર્જરીક્ષેત્રે થઇ રહેલા નવા શોધ સંશોધનો અને નવી સારવાર પદ્ધતિ અંગે રાજકોટ સહિત દેશભરના ન્યુરો સર્જન લાભ લઇ શકે તે માટે રાજકોટ ખાતે નેશનલ લેવલની ન્યુરો સર્જન કોન્ફરન્સ યોજાઈ રહી છે. આ કોન્ફરન્સમાં દેશના ૪૫૦થી વધુ ન્યુરો સર્જન ભાગ લઈ રહ્યા છે જેઓને વિદેશથી આવી રહેલા ૨૦ તેમજ દેશના ટોચના ૭૦ ન્યુરોસર્જન પોતાના બહોળા અનુભવ અને આધુનિક સારવાર પદ્ધતિ અંગે માહિતી ઉપરાંત વર્કશોપમાં પ્રત્યક્ષ સમજ આપશે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટના આંગણે યોજાઈ રહેલી આ ન્યુરો સર્જન કોન્ફરન્સ માટે અંદાજે ૨૦ કરોડથી વધુના વિવિધ ન્યુરોસર્જીકલ ઈન્સ્ટુમેન્ટ મંગાવવામાં આવ્યા છે જે વર્કશોપ સ્થળે ખાસ ઓપરેશન થિયેટરમાં નિર્દશન કરવાની સાથે એઈમ્સ હોસ્પિટલ ખાતે યોજાનાર કેડેવરી વર્કશોપમાં ઉપયોગમાં લઈ દરેક ન્યુરો સર્જનને આધુનિક સારવાર પદ્ધતિ અંગે પ્રત્યક્ષ રીતે સમજણ આપવામાં આવશે, ઉલ્લેખનીય છે કે, કે ન્યુરો અને સ્પાઇન સર્જરી માટે એઇમ્સ ખાતે દેહદાનમાં આવેલ બોડી ઉપર જ આધુનિક સર્જરી અંગેના ઓપરેશનો પણ કરવામાં આવનાર હોવાનું ડો. પ્રકાશ મોઢાએ જણાવ્યું હતું.

ડો.પ્રકાશ મોઢાએ જણાવ્યું હતું કે, આજના ઝડપી યુગમાં દર ત્રણ મિનિટે એક વ્યક્તિ અકસ્માતમાં મૃત્યુને ભેટી રહી છે. મોટાભાગના અકસ્માતના કિસ્સામા મગજ અને મણકામાં ઈજાઓ પહોંચવાના બનાવો વધુ સામે આવતા હોય છે ત્યારે ટ્રોમાના કિસ્સામાં ન્યુરો અને સ્પાઇન સર્જન પેશન્ટને વહેલામાં વહેલી તકે શ્રેષ્ઠતમ સારવાર થકી જીવ બચાવવાને પ્રાથમિકતા આપતા હોય છે, જો કે,આજના સમયમાં હજુ પણ સ્પાઇન એટલે કે, મણકાની સર્જરી વિષે લોકોમાં ડર અને ગેરમાન્યતા જોવા મળે છે અને મણકાની સર્જરીના કિસ્સામાં લોકોને કાયમી અપંગતા અથવા દુઃખાવો થવાનો ડર જોવા મળે છે.

જો કે, તેઓ ઉમેરે છે કે આજના સમયમાં મણકા માટે ઉત્તમ સારવાર પદ્ધતિ આવી છે જેમાં બ્રેકેટ અને નાના કાપા મૂકી સર્જરી થઇ રહી છે જેમાં આજે સર્જરી કર્યા બાદ કાલે એટલે કે, એક જ દિવસમાં હાલતો ચાલતો થઇ શકતો હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

નેશનલ ન્યુરો સર્જન કોન્ફરન્સમાં ૩૦૦ પેપર પ્રેઝન્ટેશનરન રજૂ કરશે રાજકોટ ખાતે ૨૮મી ફેબ્રુઆરીથી યોજાઈ રહેલી નેશનલ ન્યુરો સર્જન કોન્ફરન્સમાં ન્યુરો અને સ્પાઇન સર્જનોને આધુનિક સારવાર પદ્ધતિ અંગે પ્રત્યક્ષ માહિતગાર કરવામાં આવનાર છે ત્યારે આ કોન્ફરન્સમાં રાજકોટ ખાતે ૩૦૦થી વધુ રિસર્ચ પેપર રજૂ થનાર છે, આ ઉપરાંત કોન્ફરન્સમાં દેશ અને વિદેશમાંથી ઉપયોગમાં લેવામાં આવતી લેટેસ્ટ ટેક્નોલોજીના સાધનોનું પણ નિર્દશન થશે.

### વન્ય જળચર પ્રાણીઓ માટે ગુજરાત સુરક્ષિત

# સંવર્ધન - સંરક્ષણ નીતિના પગલે ૫.૬૫ લાખથી વધુ પ્રજાતિઓ

## એશિયાટીક સાવજો, કાળિયાર, સાંભર, ઘુડખર સહિત અન્ય પ્રાણીઓને મળ્યું ભયમુક્ત વાતાવરણ : સાવજોની સંખ્યા ૬૭૪

રાજકોટ, તા. ૨૭

ઈકોસિસ્ટમ, લુપ્તપ્રાય વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિને બચાવવા અને પર્યાવરણનું જતન કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલમાં મૂકી છે. જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. જેના ફળરૂપે છેલ્લા દોઢ દાયકાથી વન્ય પ્રાણીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત રાજ્ય બન્યું છે. આજે ગુજરાતમાં એશિયાઈ સિંહ, નીલગાય, વાંદરા, કાળીયાર, દિપડા, સાંભર, ચિંકારા, વરૂ, ઘુડખર, ડોલ્ફિન, સર્પ જેવી વિવિધ પ્રજાતિઓની અંદાજિત ૫.૬૫ લાખથી વધુ વસ્તી નોંધાઈ છે, જે ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે. ગુજરાત સહિત વિશ્વભરમાં દર વર્ષે તા. ૩ માર્ચના રોજ વિશ્વ વન્યજીવન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી મુકેશ પટેલના માર્ગદર્શનમાં વન વિભાગ સહિત વિવિધ પ્રાણીપ્રેમી સંસ્થાઓ દ્વારા પ્રાણી સંવર્ધન અને સંરક્ષણની પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે. જેના પરિણામ સ્વરૂપ રાજ્યમાં છેલ્લે વર્ષ ૨૦૨૦માં થયેલી વન્યજીવ વસ્તી ગણતરી મુજબ એશિયાઈ સિંહની સંખ્યા ૬૭૪થી વધુ, જ્યારે વસ્તી અંદાજ - ગણતરી વર્ષ ૨૦૨૩ મુજબ નીલગાય ૨.૨૪ લાખથી વધુ, વાંદરા બે લાખથી વધુ તેમજ જંગલી સુવર અને ચિત્તલ એક લાખથી વધુ જોવા મળ્યા હતા. આ ઉપરાંત ૯,૧૭૦ કાળીયાર, ૮,૨૨૧ સાંભર, ૬,૨૦૮ ચિંકારા, ૨,૨૯૯ શિયાળ, ૨,૨૭૪ દિપડા, ૨,૨૭૨ લોંકડી, ૧,૪૮૪ વણીયર, ૧,૦૦૦થી વધુ ચોશીંગા તેમજ ૨૨૨ વરૂ રાજ્યમાં નોંધાયા છે. ઉપરાંત ગત વર્ષ ૨૦૨૪માં યોજાયેલી ગણતરી મુજબ ૭,૬૭૨ જેટલા ઘુડખર, ભારતીય કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ અને સો-સ્કેલ્ડ વાયપર જેવા ૩૦૦થી વધારે ઝેરી સર્પો અને ૬૮૦ જેટલી ડોલ્ફિન સહિત ગુજરાતમાં કુલ ૫.૬૫ લાખથી વધુ પ્રાણીઓ નોંધાયા છે. જે સમગ્ર રાજ્ય માટે વન્યજીવ પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે.



રાજ્ય સરકારે હર હંમેશ વન્યજીવ અને સમગ્ર પ્રાણીસૃષ્ટીની ચિંતા કરી અને તેમના જતન માટે અનેક પ્રયાસ કર્યા છે. રાજ્યના જંગલોમાં ઘણા દુલર્ભ અને સંવેદનશીલ પ્રાણીઓ જોવા મળે છે, જેમાં ભારતીય વરૂનો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં વન વિભાગ અને ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ('ગીર') ફાઉન્ડેશન દ્વારા મહત્વની પહેલ થકી વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં વરૂ વસ્તી ગણતરી કરવામાં આવી હતી. જેમાં રાજ્યના ૧૩ જિલ્લામાં અંદાજે ૨૨૨ વરૂ નોંધાયા છે. જેમાં સૌથી વધુ ૮૦ વરૂ ભાવનગર જિલ્લામાં નોંધાયા છે. જ્યારે ૩૯ નર્મદા જિલ્લામાં, ૩૬ બનાસકાંઠામાં, ૧૮ સુરેન્દ્રનગરમાં, ૧૨-૧૨ જામનગર અને મોરબીમાં તેમજ ૦૯ કચ્છ જિલ્લામાં વરૂ જોવા મળ્યા છે. ઉપરાંત પોરબંદર, મહેસાણા, નવસારી, પાટણ, અરવલ્લી અને સુરત જિલ્લામાં પણ વરૂનું અસ્તિત્વ નોંધાયું છે.

દેશમાં એક માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખર એ રાજ્યનું ગૌરવ છે. ગુજરાત સરકારના અવિરત પ્રયાસ તેમજ વિવિધ જાગૃતતા અભિયાનોના પરિણામે રાજ્યમાં ૭,૬૭૨ જેટલી ઘુડખરની વસ્તીમાં નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો થયો છે. ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે, જેમાં ૨,૭૦૫ ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ૧,૬૧૫ પાટણમાં, ૭૧૦ બનાસકાંઠામાં, ૬૪૨ મોરબીમાં તેમજ ૦૭ ઘુડખર અમદાવાદ જિલ્લામાં જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે, ઘુડખર વસ્તી ગણતરી અંદાજ મુજબ વર્ષ ૧૯૭૬માં ૭૨૦ ઘુડખર, વર્ષ ૧૯૮૩માં ૧,૯૮૯, વર્ષ ૧૯૯૦માં ૨,૦૭૨, વર્ષ ૧૯૯૯માં ૨,૮૩૯, વર્ષ ૨૦૧૪માં ૪,૪૫૧, વર્ષ ૨૦૨૦માં ૬,૦૮૨ ઘુડખર નોંધાયા હતા. જેમાં વર્ષ ૨૦૨૪માં ઉત્તરોત્તર વધારો થઈને ગુજરાતમાં છેલ્લી ગણતરી મુજબ ૭,૬૭૨ જેટલા ઘુડખર નોંધાયા છે.

ગુજરાત સૌથી લાંબો સમુદ્રી કિનારો ધરાવતો હોવાના લીધે સમૃદ્ધ જળચર પ્રાણી વારસો એટલે કે, અનેક દુર્લભ જળચર પ્રાણીઓ જોવા મળે છે. જેમાં સૌથી સુંદર અને આકર્ષક પ્રાણી છે 'ડોલ્ફિન'. તાજેતરમાં ગુજરાત વન વિભાગ દ્વારા ગુજરાતમાં ડોલ્ફિનની વસ્તી ગણતરી કરવામાં આવી હતી. જળચર - વન્ય જીવ સંરક્ષણ અને સંવર્ધનના વિશેષ પ્રયાસોના પરિણામે ગુજરાતના ૪,૦૮૭ ચો. કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે. સ્વસ્થ ઈકોસિસ્ટમ માટે ડોલ્ફિન ખુબ જ મહત્વનું જળચર પ્રાણી છે. જે સમુદ્રી ઈકોસિસ્ટમમાં સંતુલન સુનિશ્ચિત કરવામાં પણ મદદ કરે છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# આઉટસોર્સ ઓલ આઉટ !

## શાળા સહાયક સામાન્યપદ નથી : ગંભીરતા જરૂરી



ગુજરાતમાં નોકરીઓનો રાફડો ફાટવાનો છે. બેરોજગારો માટે મોટી તક આવી રહી છે. વિવિધ પ્રકારની ભરતીઓના દરવાજા સરકાર ખોલી રહી છે. બેરોજગારી એવી સમસ્યા છે કે, જેનાથી અનેક પેટા સમસ્યા સર્જાય છે. આ સ્થિતિમાં બેકારી દૂર કે ઓછી થાય તે દિશાનો પ્રયત્ન સરાહનીય ગણાય.

બદલાઈ રહેલા માહોલમાં ભરતી પ્રક્રિયાની સિસ્ટમ પણ બદલાઈ રહી છે. પરંપરામાં જે તે ઉમેદવારને ટકોરા મારીને પસંદ કરતા હતા. જે પદ માટે પસંદ કરવામાં આવે છે, તે પદની ગંભીરતા ને જવાબદારી પૂરી કરવાની ક્ષમતા માપવામાં આવતી હતી. બદલાઈ ગયેલા યુગમાં ભરતી પ્રક્રિયામાં પણ બદલાવ આવ્યો છે.

શિક્ષણ સહાયકની ભરતી આઉટસોર્સથી કરવામાં આવશે. આઉટ સોર્સ એટલે ખાનગી એજન્સીના માધ્યમથી ભરતી થશે. આ સિસ્ટમ દ્વારા સિક્યુરિટી ગાર્ડ વગેરેની ભરતી થાય છે. સિસ્ટમ ખરાબ નથી, જોખમ વગરની પણ નથી.

શિક્ષણ સહાયક એટલે ગુરુ સમક્ષ પદ થયું. શિક્ષકો-ગુરુઓના હાથમાં સમાજ - રાજ્ય અને દેશનું ભવિષ્ય હોય છે. બાળકો-વિદ્યાર્થીઓની દુનિયા નાનકડી હોય છે. મોટાભાગનો સમય પરિવાર અને સ્કૂલમાં જ પૂરો થઈ જતો હોય. વિદ્યાર્થીના ઘડતરમાં શિક્ષકનું વ્યક્તિત્વ અને સ્કૂલના માહોલની મહત્તમ અસર થતી હોય છે. આ દ્રષ્ટિકોણથી શિક્ષણ સહાયકનું પદ સામાન્ય ન ગણાય.

જોકે દરેક પદ અને નોકરીઓ મહત્વની જ ગણાય, પરંતુ શિક્ષણ ક્ષેત્રે અસામાન્ય નૈતિક જવાબદારી હોય છે. આ પદ પર ટકોરા મારીને તેને લાયક વ્યક્તિત્વની જ નિમણૂક થવી જોઈએ. ખાનગી શાળાઓ ગમે તેટલી હાઈફાઈ હોય, સુવિધાઓથી ભરપૂર હોય, તેના સંચાલકો દેશ-દુનિયામાં બૌદ્ધિક તરીકે પંકાયેલા હોય, પરંતુ આ સ્કૂલના શિક્ષકગણનો સર્વે કરવા જેવો છે. ખાનગી સ્કૂલોના મોટાભાગના શિક્ષકો પૂરતી શૈક્ષણિક લાયકાત પણ ધરાવતા હોતા નથી. શિક્ષકના વ્યક્તિત્વમાં વિશેષતા-વૈવિધ્ય અને સમજદારી જરૂરી હોય છે. ખાનગી સ્કૂલો પાસેથી જીવન ઘડતર કરનારા સ્ટાફની અપેક્ષા રાખી શકાય તેમ નથી. આવી સ્કૂલોને બાળકોના ભવિષ્યને બદલે ખુદના ભવિષ્યમાં જ રસ હોય છે.

જીવન ઘડતર માટેના હાઈ ક્વોલિટી શિક્ષણની અપેક્ષા સરકારી શિક્ષણ તંત્ર પર રાખી શકાય તેમ છે. આ તંત્ર હજુ યોગ્ય દિશામાં ચાલ્યું નથી, પણ આ વિભાગ પર જ અપેક્ષા છે. શિક્ષણ સહાયકોની ભરતી આઉટસોર્સિંગથી થાય એ પ્રક્રિયા જોખમથી પર નથી. ખાનગી એજન્સીના મોટાભાગના સિક્યુરિટી ગાર્ડ પર નજર કરજો. એ ખુદનું રક્ષણ કરવા માટે પણ સક્ષમ નથી હોતા. શિક્ષકનું શું થશે ?

" પ્રેમભક્તિના હસ્તાક્ષરે "

જીવન નો આનંદ માણવો હોય તો તમારા જીવનને બીજા ની સાથે સરખાવો નહીં, કેમ કે આજે માનવી પોતાના દુ:ખ થી જેટલો દુ:ખી નથી, તેના કરતાં વધારે બીજાના સુખથી દુ:ખી થાય છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# એકતાનો મહાયજ્ઞ "મહાકુંભ" પૂર્ણ: મોદી

## વડાપ્રધાને તીર્થયાત્રા દરમિયાન કોઈ પણ સુવિધા માટે શ્રદ્ધાળુઓની માંગી માફી



નવીદિલ્હી તા. ૨૭

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહા કુંભ મેળા ૨૦૨૫ ના સમાપન પર, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે 'એકતાનો મહાયજ્ઞ પૂર્ણ થઈ ગયો છે' તેમણે તીર્થયાત્રા દરમિયાન કોઈપણ અસુવિધા માટે ભક્તોની માફી પણ માંગી હતી. પ્રયાગરાજમાં એકતાના મહાકુંભમાં જે રીતે ૧૪૦ કરોડ દેશવાસીઓની આસ્થા એક સાથે આવી અને ૪૫ દિવસની ઉજવણીમાં ભાગ લીધો તે જબરજસ્ત છે! મહાકુંભના સમાપન પછી મારા મનમાં જે વિચારો આવ્યા તે લખવાનો પ્રયત્ન કર્યો છે.

વડાપ્રધાન મોદીએ તેમના સમાપન ભાષણમાં કહ્યું હતું કે, ''જ્યારે કોઈ રાષ્ટ્રની ચેતના જાગે છે, જ્યારે તે સેંકડો વર્ષોની ગુલામીની માનસિકતાના તમામ બંધનોને તોડીને નવી ચેતના સાથે હવામાં શ્વાસ લેવાનું શરૂ કરે છે, ત્યારે એવું જ દ્રશ્ય જોવા મળે છે જે આપણે ૧૩ જાન્યુઆરીથી પ્રયાગરાજમાં એકતાના મહાકુંભમાં જોયું હતું.'' સંગમના પાણી, ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતીના સંગમ પર અદભૂત ફટાકડાનું પ્રદર્શન દર્શાવતો વીડિયો બુધવારે ૪૫ દિવસીય મહા કુંભ ૨૦૨૫ ના સમાપનને ચિહ્નિત કરે છે. સોશિયલ મીડિયા પર ફરતા ફૂટેજમાં લેસર લાઇટ શોની સાથે આકાશમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા. બુધવારે ઉત્સવના છેલ્લા દિવસે મહા શિવરાત્રીના રોજ પ્રયાગરાજમાં વિશ્વનો સૌથી મોટો મેળાવડો મહા કુંભ સંપન્ન થયો હતો. અંતિમ દિવસે, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોશિયલ મીડિયા પર શેર કર્યું હતું કે ઉત્સવ દરમિયાન ગંગા, યમુના અને સરસ્વતી નદીઓના સંગમ પર ૬૬.૨૧ કરોડથી વધુ ભક્તોએ પવિત્ર ડૂબકીમાં ભાગ લીધો હતો.

### સનાતનનો ધ્વજ ક્યારેય નમશે નહીં

**સીએમ યોગીએ કહ્યું કે તેઓ પ્રયાગરાજને અન્ય જગ્યાએથી વીડિયો બતાવીને બદનામ કરી રહ્યા છે. તે રાત્રે એક દુ:ખદ ઘટના બની હતી, અમને પીડિત પરિવારો પ્રત્યે સહાનુભૂતિ છે, પરંતુ વિપક્ષ કાઠમંડુથી વિડિયોનો ઉપયોગ કરીને અને પ્રયાગરાજથી ફોન કરીને ભ્રમ ફેલાવી રહ્યો હતો - તે જ વિરોધ કરી રહ્યો હતો. પરંતુ, ભક્તોએ મોટી સંખ્યામાં આવીને તેમને પ્રતિસાદ આપ્યો, તેમણે વિપક્ષને સ્પષ્ટ કર્યું કે તેઓ વિપક્ષ દ્વારા ગેરમાર્ગે દોરાશે નહીં અને સનાતન ધ્વજ ક્યારેય નીચો નહીં આવે.**

૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારી આ ઈવેન્ટમાં દેશભરના અને તેનાથી આગળના લોકોએ પવિત્ર ત્રિવેણી સંગમમાં ડૂબકી મારતા જોયા હતા, જેમાં રાજકારણીઓ, ખેલૈયાઓ, ઉદ્યોગપતિઓ અને બોલિવૂડની હસ્તીઓનો સમાવેશ થાય છે. આ ધાર્મિક મેળામાં અભૂતપૂર્વ સુરક્ષાના પગલાં લેવામાં આવ્યા હતા, જેમાં મહા કુંભ નગરની દેખરેખ રાખવા માટે એન્ટી-ડ્રોન સિસ્ટમ્સ અને અઈ-સક્ષમ કેમેરાનો સમાવેશ થાય છે, જે ઈવેન્ટ માટે યુપીના ૭૬મા જિલ્લા તરીકે સ્થાપિત કરવામાં આવ્યો હતો. ૪૦ હેક્ટરમાં ફેલાયેલા આ મેળામાં છેલ્લા છ સપ્તાહથી ૨૪ કલાક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. મહાકુંભના સમાપન બાદ પ્રયાગરાજ પહોંચેલા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મોટી જાહેરાત કરી છે. મહાકુંભમાં રોકાયેલા યુપીના સ્વચ્છતા કર્મચારીઓને ૧૦,૦૦૦ રૂપિયાનું વધારાનું બોનસ મળશે. આ સિવાય ૧૬૦૦૦ રૂપિયા પ્રતિ માસ લઘુત્તમ પગારની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત મહાકુંભમાં કામ કરતા તમામ કામદારોને ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારનો લાભ મળશે. એપ્રિલ કોર્પોરેશનની રચના કરવામાં આવશે. એપ્રિલથી કર્મચારીઓના ખાતામાં પણ નાણાં મોકલવામાં આવશે.

# અમેરિકા ૨૨૭ વર્ષ જૂનો કાયદો લાવવાની ફિરાકમાં

## દરેક બિન-અમેરિકી લોકોને હાંકી કાઢવાનો ટ્રમ્પનો માસ્ટરપ્લાન




નવીદિલ્હી, તા. ૨૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશમાંથી બહાર કાઢવામાં વ્યસ્ત છે. તેમના સત્તામાં આવ્યા બાદ, ભારત, બ્રાઝિલ, અલસાલ્વાડોર, મેક્સિકો સહિતના ઘણા દેશોના હજારો લોકોને ઘણા જહાજોમાં પાછા મોકલવામાં આવ્યા છે. આટલું જ નહીં, હવે તે એવો ૨૨૭ વર્ષ જૂનો કાયદો લાવવાની તૈયારી કરી રહ્યો છે, જેના કારણે દરેક બિન-અમેરિકી લોકોને હાંકી કાઢવાનો ખતરો રહેશે. તેમના નિર્ણયને કોર્ટમાં પડકારવાની પણ ચર્ચા છે, પરંતુ જો તેઓ કાયદાનો અમલ કરવામાં સફળ થશે તો અમેરિકા સહિત સમગ્ર વિશ્વમાં ભારે હલચલ મચી જશે. આ કાયદો છે, એલિયન એનિમીઝ એક્ટ, ૧૭૯૮. આ કાયદો રાષ્ટ્રપતિને યુદ્ધ સમયની સત્તા આપે છે. તે રાષ્ટ્રીય હિતના નામે કોઈપણ બિન-અમેરિકન નાગરિકને દેશમાંથી બહાર કાઢી શકે છે.

આ કાયદો યુદ્ધ સમય માટે હતો અને સામાન્ય સંજોગોમાં ડોનાલ્ડ ટ્રમ્પ તેનો અમલ કરવા માંગે છે. આ અંગે વિવાદ ચાલી રહ્યો છે અને કાનૂની પડકાર ફાઈલ કરવાની તૈયારી ચાલી રહી છે. તેમ છતાં ડોનાલ્ડ ટ્રમ્પ જે રીતે પોતાના ઈરાદાઓ પર કામ કરી રહ્યા છે તે જોતા લોકો તેમનાથી ડરે તે સ્વાભાવિક છે. આ કાયદો કહે છે, 'જ્યારે પણ અમેરિકા અને અન્ય કોઈ દેશ વચ્ચે યુદ્ધ થાય છે, ત્યારે રાષ્ટ્રપતિ પાસે બિન-અમેરિકન મૂળના લોકો વિશે નિર્ણય લેવાની સત્તા હશે.

ખાસ કરીને, તેઓ ૧૪ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકો અંગે નિર્ણય લઈ શકે છે અને તેમને દેશમાંથી બહાર કાઢી પણ શકાય છે. તેમને પરાયું દુશ્મન જાહેર કરી શકાય છે.

૧૮મી સદીના આ કાયદાને ટ્રમ્પ વહીવટીતંત્ર લાગુ કરી શકે છે. આ કાયદા દ્વારા રાષ્ટ્રપતિને તાત્કાલિક અસરથી ગેરકાયદેસર વસાહતીઓને બહાર કાઢવાની સુવિધા મળશે.

અમેરિકામાં આ કાયદાની જોરદાર ચર્ચા ચાલી રહી છે. હાલમાં, ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર કાયદાનો અમલ કેવી રીતે કરવો તે અંગે વિચારણા કરી રહ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું છે કે ટ્રેન ડી અરાગુઆ ગેંગને આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવશે. તેની સાથે વ્યવહાર કરવા માટે જ આ કાયદો લાગુ કરવામાં આવશે. આ કાયદાને લાગુ કરવાની દિશામાં આ પહેલું પગલું હશે. તમને જણાવી દઈએ કે ૨૦૨૪ની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઘણી વખત કહ્યું હતું કે સત્તામાં આવ્યા બાદ એલિયન એનિમીઝ એક્ટ લાગુ કરવામાં આવશે.

તાજેતરમાં જ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ટ્રેન ડી અરાગુઆ ગેંગને આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવશે. અમેરિકા જે નવો કાયદો લાવવા જઈ રહ્યું છે તેનો ઉપયોગ આ સંગઠન સાથે જોડાયેલા લોકો સામે પણ થશે. ૨૦૨૪ની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઘણી વખત કહ્યું હતું કે તેઓ સત્તામાં આવ્યા બાદ એલિયન એનિમીઝ એક્ટ લાગુ કરવામાં આવશે.

આ કાયદો એવી પરિસ્થિતિ માટે બનાવવામાં આવ્યો છે જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ અન્ય દેશ સાથે યુદ્ધમાં હોય, અથવા કોઈ વિદેશી રાષ્ટ્રએ યુનાઈટેડ સ્ટેટ્સ પર આક્રમણ કર્યું હોય અથવા તેમ કરવાની ધમકી આપી હોય.

# AAPના ધારાસભ્યોને દિલ્હી વિધાનસભામાં "નો એન્ટ્રી"

## દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી આતિશીને પ્રવેશ ન મળતા થઈ ઉગ્ર બોલા ચાલી

નવીદિલ્હી, તા ૨૭

દિલ્હી વિધાનસભામાં વિપક્ષના નેતા અને અઅ઼ ધારાસભ્ય આતિશીએ ગઈકાલે વિધાનસભા સંકુલમાં તૈનાત પોલીસ કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આ દરમિયાન આતિશીએ પોલીસકર્મીઓને પૂછ્યું કે તેમને વિધાનસભામાં કેમ પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી રહી નથી, જેના જવાબમાં પોલીસે જવાબ આપ્યો કે તેમને AAP ધારાસભ્યોને પ્રવેશ ન આપવાનો સ્પીકરે આદેશ આપ્યો હતો. પોલીસની વાત સાંભળ્યા પછી, આતિશીએ આદેશની નકલ માંગી જેમાં ધારાસભ્યોને પ્રવેશ ન કરવા માટે કહેવામાં આવ્યું છે. આતિશીએ પોલીસકર્મીઓને કહ્યું, 'તમે મને કાગળો બતાવો. તમે બોલો છો, પણ હુકમ ક્યાં છે? તેઓ મને દિલ્હી વિધાનસભામાં કેવી રીતે પ્રવેશવા દેશે નહીં? તેમણે કહ્યું, 'ભાજપના લોકોએ સરકારમાં આવતાની સાથે જ તાનાશાહીની હદ વટાવી દીધી હતી. જય ભીમના નારા લગાવવા બદલ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને ત્રણ દિવસ માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આજે AAP ધારાસભ્યોને વિધાનસભા પરિસરમાં પ્રવેશવાની પણ મંજૂરી આપવામાં આવી નથી. દિલ્હી વિધાનસભાના ઈતિહાસમાં એવું ક્યારેય બન્યું નથી કે ચૂંટાયેલા ધારાસભ્યોને વિધાનસભા પરિસરમાં પ્રવેશવા દેવામાં ન આવે, તમને જણાવી દઈએ કે, આમ આદમી પાર્ટીના ૨૧ ધારાસભ્યો દિલ્હી વિધાનસભાની કાર્યવાહીમાં ભાગ લઈ શકતા નથી.

એલજીના ભાષણ દરમિયાન સૂત્રોચ્ચાર કરવા બદલ અઅડ઼ના ૨૨માંથી ૨૧ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાંથી માત્ર અમાનતુલ્લા ખાન જ બચી શક્યા, કારણ કે તે સમયે તેઓ ગૃહમાં હાજર ન હતા. હવે સસ્પેન્શનની આ કાર્યવાહી પર આમ આદમી પાર્ટીના ૪ વખત ધારાસભ્ય સંજીવ ઝાનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું, 'આપના ધારાસભ્યોને પ્રવેશવા દેવામાં નથી આવી રહ્યા.

દિલ્હી પોલીસે દિલ્હી વિધાનસભા સંકુલમાં પ્રવેશવાની મનાઈ કરી દીધી છે. એકલા વિધાનસભા પરિસરની વાત છોડો, મને પાર્કિંગમાં પણ મંજૂરી આપવામાં આવી રહી નથી.

દિલ્હી પોલીસનું કહેવું છે કે સ્પીકરના કાર્યાલયમાંથી સૂચનાઓ મળી છે. અમારી પાસે ૧૦ વર્ષથી સ્પીકરનું પદ છે. પરંતુ અમે ક્યારેય આવા નિયંત્રણો લાદ્યા નથી. CAG રિપોર્ટ અંગે આતિશીએ કહ્યું કે, આતિશીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે કેગના અહેવાલનું આઠમું પ્રકરણ કહે છે કે નવી નીતિ પારદર્શક હતી, તેમાં બ્લેક માર્કેટિંગ રોકવાની જોગવાઈઓ સામેલ કરવામાં આવી હતી અને તેનાથી આવકમાં વધારો થવો જોઈતો હતો. જ્યારે આ જ નીતિ પંજાબમાં લાગુ કરવામાં આવી ત્યારે ત્યાં પણ એક્સાઇઝની આવક વધી. આ નીતિના કારણે ૨૦૨૧ થી ૨૦૨૫ સુધીમાં પંજાબની એક્સાઇઝ રેવન્યુમાં ૬૫ ટકાનો વધારો થયો છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો નવી નીતિ યોગ્ય રીતે લાગુ કરવામાં આવી હોત તો માત્ર એક વર્ષમાં આવક રૂ. ૪,૧૦૮ કરોડથી વધીને રૂ. ૮,૯૧૧ કરોડ થઈ હોત.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### તત પાદુકા સેવ્યતામ ! જગતગુરુ શંકરાચાર્યનાં આ સૂત્રનો સ્થૂળ નહીં સુક્ષ્મ અર્થ સમજીએ



મિત્રો- શુભ સવાર.
હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સંજોગો આગળ માનવ લાચાર છે, અને સંજોગોના પાછા બે પેટા વિભાગ કરીએ, તો સંબંધથી પણ માણસ લાચાર હોય છે, અને સાધનથી પણ માણસ લાચાર હોય છે. ગયા શુક્રવારે આપણે જગતગુરુ શંકરાચાર્યનાં પંચ સાધનક્રમ પર ચિંતન કરી રહ્યા હતાં, અને વેદો નિત્ય ધીયતામ એટલે કે જીવનમાં શંકર જેમ સત્યમ શિવમ સુન્દરમની પ્રતિષ્ઠા કરવા માટે, નિત્ય વૈદિક શાસ્ત્રનું અધ્યયન કરવું જોઈએ,એ વિશે આપણે વિસ્તૃત વાત કરી.હવે બીજું સૂત્ર છે'' તત પાદુકા સેવ્યતામ'', તો એને વિશે ચિંતનમાં વાત કરીશું.

આ સૂત્રનો સીધોસાદો અર્થ કરીએ તો બુદ્ધ પુરુષની પાદુકાનું સેવન કરવું, આધુનિક યુગ તો ઠગ સાધુનો છે, અને એવાં કિસ્સા પણ ખૂબ જ પ્રકાશમાં આવી રહ્યાં છે. છાશવારે સાધુ આશ્રમમાંથી કેટલા રૂપિયાની ઉઠાંતરી કરી ભાગી ગયો, અથવા તો કોઈ યુવતીને ભગાડી ગયો, કે પછી તેની સાથે દુષ્કર્મ કર્યાનાં સમાચાર દરેક મીડિયા પરથી આપણને જાણવા મળે છે. જીવંત સદગુરુ હોય ન હોય તો સમાધિસ્થ સદગુરુ હોય તો એ રીતે પણ પાદુકા ઉપલબ્ધ ન હોય. પરંતુ જગતગુરુ શંકરાચાર્ય તો બહુ દીર્ઘદ્રષ્ટિ ધરાવતા હતાં, તેણે આવી સંકીર્ણ વાત કદાપિ કરી ન્હોય. પાદુકા એટલે આ પાદુકા દ્વારા થયેલ બુદ્ધ પુરુષની જીવનની યાત્રાનાં મુકામનું સત્ય, એના વચનનું સત્ય, અથવા તો એનાં આચરણનું સત્ય, એ પાદુકાનો સુક્ષ્મ અર્થ છે. ઈશ્વર કે સદગુરુ કૃપાથી કોઈ પાસે પોતાનાં બુદ્ધ પુરુષ કે સંત પુરૂષની પાદુકા હોય કે પછી ચરણપાદુકાની છબી હોય તો સ્થૂળ રૂપે તેની પૂજા કરે, એ કોઈ બાધા કારક નથી. પરંતુ કોઈપણ પૂજા હોય તે, જે તે મૂર્તિ કે છબી સાથેનાં સંબંધમાં પરમ પ્રેમનું આદાન પ્રદાન કરે, તો જ એ આવકાર્ય છે.

જીવન યાત્રાના મુકામોનું સત્ય, એ વાક્યનો સીધો સાદો અર્થ કરીએ તો એમનું જીવન કેવું રહ્યું એ વાતને પકડવાની છે. એટલે કે સાદગીભર્યું છે, સાધના ભર્યું છે, કે પછી અન્ય કોઈ તેના જીવનની લાક્ષણિકતા કે વિશેષતા હોય, એ વસ્તુને ધ્યાનમાં રાખી અને એ રીતે પાદુકાનાં પૂજનનો ભાવ કેળવવાનો હોય છે. જીવન યાત્રા ઘણીવાર ગરીબીમાંથી એટલે કે અભાવથી પણ સન્યાસ તરફ ગતિ થાય, તો ઘણીવાર એશ્વર્ય માંથી પણ સન્યાસ તરફ ગતિ થાય. પણ અભાવગ્રસ્ત જીવ ક્યારેક એ અભાવ દૂર થતાં સંસાર તરફ પાછો પણ ફરી શકે, અથવા તો મારી સાધનાનું ફળ છે, એમ ગણી તેને ગ્રહણ કરતો પણ જોવા મળે. જ્યારે એશ્વર્ય માંથી સન્યાસ તરફ ગતિ કરી હોય તે પ્રમાણમાં વધુ સ્થિતપ્રજ્ઞ રહી શકે. ચીજવસ્તુનો મોહ કર્યા વગર ગુરુ વચન મુજબ જીવન જીવવાની કોશિશ કરવી.

ગુરુનાં વચનનું સત્ય, એટલે કે ગુરુ શિષ્યનાં સંબંધમાં શિષ્ય જો સતગુરુને ચરણે પૂર્ણપણે શરણાગત હોય તો, તેનું જીવન પછી ગુરુનાં કહેવા અનુસાર જ જીવાતું હોય છે. આપણને સ્વતંત્રતા અને શરણાગતિનો સાચો અર્થ તો, ક્યાંક શરણાગત થઈએ પછી જ ખબર પડે છે. અત્યાર સુધી હું કરું, હું કરું, કરી અને દોડ્યાં પરંતુ આપણું કર્યું તો કંઈ જ થતું નથી, એ વાત સિદ્ધ થાય, અને સદગુરુ ઈશ્વર કે અસ્તિત્વ પ્રત્યે શરણાગતિનો ભાવ આવે, ત્યારે જેટલી સ્વતંત્રતા મળે છે, એટલી સ્વતંત્રતા જીવનમાં આપણે ક્યારેય ભોગવી હોતી નથી. ગીતામાં પણ ભગવાન કૃષ્ણ અર્જુનને આજ વાત કહી રહ્યા છે કે, તું તારું બધું જ જ્ઞાન મૂકીને, એકવાર મારા શરણે આવી જા, પછી તારી તમામ કરણી માટે હું જવાબદાર થઈશ, અને તેનું સારું ખરાબ એક પણ પ્રકારનું ફળ તને મળશે નહીં. એટલે ગુરુ વચન આપણને દરેક સંબંધમાં લાગણીથી જોડાવા પ્રેરણા આપે છે, અને સંબંધ પ્રત્યે વિશ્વાસ રાખવા કહે છે, તેમજ સમય સંજોગોને સહજતાથી સ્વીકારી લેવું, અથવા તો જીવનમાં સમાધાનની ઘડીએ વધુ વિચાર્યા વગર સહજ થઈ જે તે પરિસ્થિતિ કે સમસ્યાનો સ્વીકાર કરી લેવો, આ બધો બોધ આપતા તેના વચનોનું સત્ય એ પણ પાદુકાપૂજન છે.

આચરણ નું સત્ય, આપણાં જીવનમાં જે કોઈ સાધુ પુરુષ, બુદ્ધ પુરુષનાં આવવાથી શાંતિનો અનુભવ થાય, તેના દર્શન માત્રથી રોમ રોમ પુલકિત થઈ જાય, એવા શુદ્ધ બુદ્ધ પુરુષની જીવન યાત્રામાં તેનાં દ્વારા જે આચરણ કરવામાં આવ્યું છે, એટલે કે એમનાં ચરણ એ જ્યાં જ્યાં ગતિ કરી છે. એ દરેક મુકામને વંદન કરવા પડે. એટલે કે લોક કલ્યાણના કાર્યોની નોંધ લઈને, એ મુજબનું જીવન જીવવા માટે જીવને સંકલ્પિત કરવો પડે. સદગુરુનાં ચરણ જ્યાં જ્યાં ગયાં હોય, એટલે કે એમની પાદુકા જ્યાં જ્યાં પહોંચી હોય, તે દરેક ઠેકાણે આપણે પહોંચવું પડે. સમાજનાં નાનામાં નાના માણસની તકલીફ દૂર કરવાં તેમણે જે લોક મંગલના કાર્ય કર્યા હોય, એ મુજબ આપણે પણ એવાં કાર્યો કરવાં,અને એ રીતે આપણે સદગુરુ પાદુકાનું પૂજન કરવું, એ આ પંચ સાધનક્રમનાં બીજા સૂત્રનો મુખ્ય ભાવ છે.

આપણા સદગુરૂ એ આપણી માટે ઈશ્વરથી કમ નથી હોતાં, તેની માટેનો આપણો ભાવ ખૂબ અનન્ય હોય છે. પરંતુ તે પોતાના જીવનમાં એવું ક્યારેય ઈચ્છતા નથી કે, પોતાનો શિષ્ય તેને ઈશ્વર સમજે, અને એટલા માટે તે એવું આચરણ કરતા હોય. આ બધા પેંતરા તો સંસારીઓનાં છે, એટલે કે લોકોને પ્રભાવિત કરવા, અને પોતાનું કામ કઢાવવું, અથવા તો સમાજમાં ઈશ્વર બની અને પૂજાવું, એવું ભોગી અને સંસારી જીવની મહત્તા હોઈ શકે. પરંતુ શુદ્ધ સંત આવી કોઈપણ મહેચ્છા ધરાવતા નથી. એ તો સાધક કે શિષ્યનું જીવન કેમ વધુ ને વધુ સરળ બની શકે, એ માટે થઈને જીવન જીવતાં હોય છે. અથવા તો સમાજને વચનથી બોધ આપવા કરતાં આચરણથી બોધ આપવાનું પસંદ કરીને લોક મંગલનાં કાર્ય વધુ ને વધુ કરતાં જાય છે. આજકાલ તો આપણને સમાજમાં દરેક ક્ષેત્રમાં સતત વિરોધાભાસ જોવા મળે છે, એટલે જ્યાં સત્ય છે, તો લોકો એ સત્યને અસત્યમાં તબદીલ કેમ થાય, અને લોકોની નજરમાંથી સાચો માનવી કેમ ઉતરી જાય, એનાં કાવતરા કરતાં જોવા મળે છે. પરંતુ એની માટે એને દોષ દેવો એ પણ યોગ્ય નથી, કારણ કે લોકો પોતાની જેવા જ બીજાને પણ સમજતાં હોય છે. એટલે કે એની અંદર છીછરાપણું છે, એની બુદ્ધિ સ્થિર નથી, તે તેના વિચારો અન્યને નુકસાન કરનારા છે, તો બીજાનું પણ આવું જ હોય, એવું વિચારીને જીવનારો બીજાના ટાંટિયા ખેંચ કાયમ કરતો જ રહે છે. પરંતુ જ્યાં વિરોધ છે ત્યાં બોધ નથી, એટલે કે એવા લોકોને સમજાવી શકાતા નથી. એને સમય સંજોગો ઈશ્વર પર છોડી દઈ, આપણે આપણા માર્ગમાં સત્યથી વિચલિત થવું નથી, તેમજ ઈમાનદારી પ્રમાણિકતા જેવા નૈતિક મૂલ્યમાં કોઈ બાંધછોડ કરવી નહીં, અને છતાં દરેકે દરેક પ્રત્યે પ્રેમ તેમજ આદરનો ભાવ બની રહે, એ માટે ગુણમયી શ્રદ્ધા અને વિશ્વાસથી જોડાયેલા રહેવું, તેમજ આપણી માટે કટુ વચન, કઠોર વ્યવહાર, કે કટુ વિચાર કર્યા હોય, તે સૌને શુદ્ધ બુદ્ધ પુરુષની જેમ ક્ષમા કરી, એના વચનની લાજ રાખવાની, આ બધું જ તેની પાદુકાપૂજન અંતર્ગત સમાવી લેવાનું છે. ભગવાન જગતગુરુ શંકરાચાર્યના બીજા સૂત્રનું પ્રતિપાદન કરી, આપણે આપણાં જીવનમાં સત્યમ શિવમ સુન્દરમ તરફ વધુ ને વધુ આગળ વધી શકાય, તથા એ રીતનું જીવન જીવવા માટે દરેક જીવ સંકલ્પિત થાય,તેમજ પૂજન શબ્દનો માત્ર સ્થૂળ ભાવ પકડી ન રાખતાં એનાં સાચાં મહાત્મ્યને ગ્રહણ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

શહેરમાં ગૂંડા વકરીઃ બાર દિવસ પહેલા રાતે ઘરે આવી ધમકી દીધી પછી યુનિવર્સિટી રોડ પરથી નંબર વગરની સ્કોર્પિયોમાં ધોળે દિવસે ઉઠાવી લઇ રૂખડીયાપરામાં ઢોરના વાડામાં લઇ જઇ આડેધડ મારકુટઃ છરીના ઘા મારી આખા પરિવારને ઢાળી દેવાની ધમકી પણ દીધી

# ભાગીદારોના ઈશારે હવાલાગેંગે વેપારીનું અપહરણ કરી ગુજાર્યો સિતમ

યુનિવર્સિટી રોડ પર રહેતાં આનંદભાઇ કણસાગરાએ ઓડીશાની ફેક્ટરીમાં ભાગીદારી પુરી કરી પછી બાકીના નાણા હાલના વહિવટવદારે ચુકવવાના હતાંઃ પરંતુ બે ભાગીદારો અમિત અને હિરેને સતત આનંદભાઇ પાસે ઉઘરાણી ચાલુ રાખી છેલ્લે ભીસ્તીવાડની ટોળકીને હવાલો દીધોઃ યુનિવર્સિટી પોલીસે ૧૦ આરોપીની શોધખોળ શરૂ કરી

રાજકોટઃ શહેરમાં ગુનાખોરી આચરનારાઓને પોલીસનો ભય જ ન હોય તે પ્રકારે ખુલ્લેઆમ ગમે તે પ્રકારના ગુના આચરી લેવાય છે. દરમિયાન યુનિવર્સિટી રોડ પર રહેતાં વેપારી યુવાને ચાર વર્ષ પહેલા ભાગીદારીમાં ઓડીસા ખાતે પાઇપની ફેક્ટરી ચાલુ કરી હોઇ કોરોનાકાળ આવ્યા બાદ ફેક્ટરી બંધ કરવી પડે તેવી હાલત થઇ જતાં એક પછી એક ભાગીદાર છુટા થઇ ગયા હોઇ બે પુર્વ ભાગીદારોએ નાણાની ઉઘરાણી માટે ભીસ્તીવાડ-રૂખડીયાપરાની ગેંગને હવાલો આપતાં આ ટોળકીએ વેપારીનું નંબર વગરની ગાડીમાં અપહરણ કરી રૂખડીયાપરામાં લઇ જઇ બેફામ મારકુટ કરી તમામ પરિવારજનોને પતાવી દેવાની ધમકી આપતાં ખળભળાટ મચી ગયો છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસે યુનિવર્સિટી રોડ ટીએનરાવ કોલેજ સામે નંદભુમિ એપાર્ટમેન્ટ વીંગ-૧ ફ્લેટ નં. ૧૩૨માં રહેતાં ઓગણચાલીસ વર્ષના આનંદભાઇ ગીરધરભાઇ કણસાગરાની ફરિયાદ પરથી રાજકોટના અમિત પ્રફુલચંદ્ર કાચા, હિરેન ગોરધનભાઇ ઠુમ્મર, જાહીર મહમદરફીક સંઘવાણી, સમીર ઉર્ફ ધમો બસીરભાઇ શેખ, ઈશોભા રીઝવાન દલ, મીરખાન રહીશ દલ અને ચાર અજાણ્યા સામે એફઆઇઆર દાખલ કરી છે. આનંદભાઇ કણસાગરાએ જણાવ્યું છે કે હું વેપારી કરી ગુજરાન ચલાવુ છું. રાજકોટના સુમિત ભીમાણી, અમિત કાચા, ગોરધન ઠુમમર, જીનેશ મહેતા સાથે મેં પાર્ટરનર શીપમાં ઓડીશાના ભુબન શહેરમાં વર્ષ ૨૦૧૮માં વોટરવે ઇન્ફાકોન નામને ફેક્ટરી ચાલુ કરી હતી. ગોરધન ઠુમ્મરનું ભાગીદારમાં નામ હતું પણ તેનો વહિવટ તેનો પુત્ર હિરેન સંભાળતો હતો. અમે આ ફેક્ટરીમાં આરસીસી પાઇપ બનાવતાં હતાં. આ માલ ત્યાંની સરકારમાં જ સપ્લાય કરતાં હતાં. લોકડાઉન વચ્ચે પણ અમે કામ ચાલુ રાખ્યું હતું.

પરંતુ ભાગીદારો વચ્ચે પ્રોબ્લેમ થતાં વર્ષ ૨૦૨૧ના અંતમાં ફેક્ટરી બંધ કરી દીધી હતી. એ પછી ભાગીદાર અમિત કાચાએ અમારી કંપનીનું એક્સીસ બેંકનું એકાઉન્ટ બંધ કરાવી દીધુ હતું. કંપની બંધ થઇ ગઇ હોઇ અને લોકડાઉન ચાલુ હોઇ પૈસાની જરૂર હોવાથી તે વખતે કોઇ પાર્ટનર પાસે પૈસા ન હોઇ જેથી મારુ મકાન રાજકોટમાં નંદભુમિ એપાર્ટમેન્ટમાં હોઇ તેના પર લોન થઇ શકેત નેમ ન હોઇ જેથી આ મકાન અમિત કાચાને દસ્તાવેજ કરી આપેલો અને અમિત કાચાએ તેના પર ૨૫ લાખની લોન લઇ અમારી કંપનીમાં નાણા વાપરા ઉપયોગમા લીધા હતાં. જો કે આમ છતાં કંપની ચાલતી નહોતી અને રૂપિયા ઓછા પડતાં હતાં. જેથી અમિત અને હિરેને મારી સાથે એકાદ વર્ષ સુધી ઝઘડો ચાલુ રાખ્યો હતો. વર્ષ ૨૦૨૨માં મારા ભાગીદાર અમિત કાચા, ગોરધન ઠુમ્મર, જીનેશ મહેતા છુટા થઇ ગયા હતાં. આ ત્રણેય જ્યારે છુટા થયા ત્યારે મારે અને સુમિતને મળી અમિત કાચા, હિરેન ઠુમ્મર અને જીનેશ મહેતાને રૂા. ૭૫-





૭૫ લાખ ચુકવવાના હતાં.

આનંદભાઇએ વધુમાં જણાવ્યું હતું કે તે વખતે અમારી ફેક્ટરીના નામના ચેક અમે આ ત્રણેયને સિક્યુરીટી પેટે આપ્યા હતાં. ૨૦૨૪માં હું પણ ફેક્ટરીમાંથી છુટોલ થઇ ગયો હતો. એ પછી સુમિતે એકલાએ ફેક્ટરી સંભાળી લીધી હતી. તે વખતે મારે અને સીમતને વાત થયેલ કે અમિત, હિરેન અને જીનેશને જે રૂપિયા આપવાના છે સુમિત ભીમાણી પોતે ચુકવશે, આ વાત મૌખિક રીતે થઇ હતી. તે વખતે અમિત, હિરેનને મેં કહેલુ કે હું ફેક્ટરીમાંથી છુટો થયો છું અને તમારા રૂપિયા તમને હવે સુમિત ચુકવી દેશે. જેથી એ બંનેએ કહેલુ કે તુ ભલે છુટો થઇ ગયો તારે ૫૦ ટકા રૂપિયા તો આપવા જ પડશે, તું છુટો થયો એમાં અમારે કંઇ લેવા દેવા નહિ. ત્યારબાદ અમિતે તેની પાસે રહેલો કંપનીનો ચેક બેંકમાં નાખ્યો હતો પણ બેલેન્સ ન હોવાથી રિટર્ન થયો હતો. બાદમાં અમિતે મારા અને સુમિત સામે કોર્ટમાં નેગોશિએબલ મુજબ કેસ કર્યો હતો જે હજુ ચાલે છે.

દરમિયાન આજથી બારેક દિવસ પહેલા મારા ઘરે જાહીર સંઘવાણી, સમીર ઉર્ફ ધમો શેખ રાતે એકાદ વાગ્યે આવ્યા હતાં અને જાહીરે તેના ફોનમાંથી કોઇ સાથે વાત કરાવતાં તે માણસે કહેલુ કે-તમારે અમિત અને હિરેનને રૂપિયા આપવાના છે તે ક્યારે આપશો? જેથી મેં કહેલુ કે મારે રૂપિયા આપવાના નથી, આ રૂપિયા સુમિત ભીમાણીને આપવાના છે. આથી એ વ્યક્તિએ તું ગમે તે કર રૂપિયા તારે જ આપવા પડશે તેમ કહ્યું હતું. એ પછી ફોન કટ થતાં જાહીરે કહેલુ કે-કાલે મારી ઓફિસે આવજો, જેથી મેં તેને હું તમને ઓળખતો નથી, મારે તમારી સાથે કંઇ લેવા દેવા નથી હું તમારી ઓફિસે નહિ આવું તેમ કહેતાં આ બંને જતાં રહ્યા હતાં. ત્યારબાદ બીજા દિવસે જાહીરે મને વ્હોટ્સએપ પરથી કોલ કરેલ પણ મેં ઉપાડ્યો નહોતો. ત્યારબાદ બે દિવસ પહેલા ૨૫/૨/૨૫ના સવારે અગિયારેક વાગ્યે હું રાજકોટ કોર્ટમાં નેગોશિએબલ કેસ ચાલુ હોઇ તેની મુદ્દતે કોર્ટમાં ગયો હતો. સુમિત ભીમાણી પણ ઓડીસાથી આવી કોર્ટમાં તારીખમાં હાજર રહેલ. બપોરે અમારે યુનિવર્સિટી રોડ દ્વારકાધીશ હોટેલમાં જમવાનું હોઇ જેથી દોઢેક વાગ્યે હું ટુવ્હીલર લઇ કોર્ટથી નીકળી સવા બે આસપાસ દ્વારકાધીશ હોટલ પાસે પહોંચ્યો હતો.

સુમિત મારી પહેલા જ અહિ પહોંચી ગયો હતો. હું એફેએસએલ કચેરી પાસે પહોંચતા કાળા રંગના કાચવાળી સ્કોર્પીયો આવી હતી અને મારા વાહન આડે નાખી મને ઉભો રાખી દેવાયો હતો. નંબર વગરની આ ગાડીમાંથી જાહીર સંઘવાણી, સમીર શેખ, ઈશોભા દલ, મીરખાન દલ એમ ચારેય ઉતર્યા હતાં. મને છરી બતાવી 'તું ગાડીમાં બેસી જા નહિતર અહિ જ તારુ પુરુ કરી નાંખશું' કહેતાં હું ડરી ગયો હતો. આ લોકોએ મને બળજબરીથી પકડીને ગાડીમાં બેસાડી દીધો હતો અને ચાલુ ગાડીએ ત્રણ જણાએ ઢીકાપાટુ મારવાનું ચાલુ કર્યુ હતું અને કહેતાં હતાં કે તું કેમ ભેગો થતો નથી, અમારા ફોન કેમ ઉપાડતો નથી? ગાડી ઈશોભા ચલાવતો હતો, તેણે પણ મને ચાલુ ગાડીએ જમણી આંખ ઉપર મુક્કો મારી દીધો હતો. આ બધા મને હનુમાન મઢીથી આગળ લઇ ગયા હતાં. બાદમાં જંકશન રોડ પર રેલ્વે સ્ટેશન પાછળ રૂખડીયાપરામાં લઇ ગયેલા. જ્યાં માલઢોરનો ખુલ્લો વાડો હોઇ તેમાં લઇ ગયા બાદ જાહીરે કોઇને ફોન કરી રૂખડીયાપરામાં આવો તેમ કહેતાં થોડીવારમાં બીજા ચાર જણા આવી ગયા હતાં. જેમાં બે જણા પાસે લોખંડના પાઇપ હતાં.

આ પછી જાહીરે કહેલું કે તારે અમિત અને હિરેનના રૂપિયા આપવા પડશે, અમે આ પૈસાનો હવાલો લીધો છે. જેથી મેં તેને કહેલું કે મને અમિત અને હિરેન સાથે વાત કરાવો. આથી તેણે અમિત કાચાને ફોન જોડ્યો હતો અને ફોનના સ્પીકર મોડમાં અમિત સાથે મેં વાત કરી હતી. મેં તેને કહ્યું હતું કે રૂપિયા તમને સુમિતે આપવાના છે, આ લોકો મને અહિ લાવ્યા છે. ત્યારે અમિતે કહેલુ કે-એ અમારે કંઇ જોવાનું નથી, તારે મને ૫૦ ટકા રૂપિયા આપવા જ પડશે. આમ કહી તેણે ફોન કાપી નાખ્યો હતો. ત્યારબાદ આ બધા શખસોએ વારાફરતી મને ઢીકાપાટુ, લોખંડના પાઇપથી આડેધડ માર માર્યો હતો. મારી વાત કોઇ સાંભળતા નહોતાં. મને સતત માર મારતાં હતાં. ત્યારબાદ જાહીરે કહેલુ કે-હું વિડીયો ઉતારુ છું અને તારે બોલવાનું છે કે મારે અમિત કાચાને રૂા. ૫૦ લાખ દેવાના છે.

રવિવાર સુધીમાં હું ૫૦ લાખ આપી દઇશ. આમ કહી મને સતત માર મારતાં હોઇ મેં તેને કહ્યું એ રીતે વિડીયોમાં બોલ્યું હતું. આ પછી જાહીરે કહેલુ કે રવિવાર સુધીમાં ૫૦ લાખ નહિ દે તો તારા ઘરે આવી તને અને તારી દિકરીને છરીના ઘોદા મારી દઇશું. પોલીસ ફરિયાદ કરીશ તો પણ તારા પરિવારને છરીના ઘા મારી પતાવી દઇશું. તેમ કહી ત્યાંથી મને બીજી બલેનો બેસાડી દીધો હતો, તેમાં નંબર પ્લેટ વાળી દીધેલી હતી. આ ગાડીમાં ધમો, જાહીર, બે અજાણ્યા મને ફરી આકાશવાણી ચોક પાસે લાવ્યા હતાં અને ઉતારી દીધો હતો. બાદમાં મેં મિત્ર નિલેષભાઇને ફોન કરતાં તેણે નરેન્દ્રભાઇને મોકલેલા અને હું ઘરે પહોંચ્યો હતો. મેં ઘરમાં બધાને આ વાત કરી હતી અને બાદમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં આનંદભાઇ કણસાગરાએ જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલની રાહબરીમાં પીએસઆઇ વી. જી. ડોડીયાએ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા દોડધામ શરૂ કરી છે.

કરિયાણાનો ધંધો કરવા ત્રણ શખ્સ પાસેથી નાણા લીધા'તાઃ ઉઘરાણી માટે ઉઠાવી માર મારી ચીસો પત્નિને સંભળાવી

# દોઢ લાખ રૂપરડી માટે યુવાનનું અપહરણ કરી મોતને ઘાટ ઉતાર્યો

ગાયબ થયેલા પતિને શોધવા પત્નિએ દોડધામ આદરી ત્યાં પતિની લાશ મળીઃ બીજી ઘટનામાં પત્નિ તરછોડીને જતી રહેતાં પતિએ જીવ દીધોઃ પત્નિ સામે નોંધાયો દૂષ્પ્રેરણાનો ગુનો

રાજકોટઃ રૂપિયાની લેતીદેતી મામલે મારામારી, અપહરણ, હત્યા સહિતના ગુનાઓ બનતા રહે છે. જેમાં વધુ એક ચોંકાવનારા બનાવનો ઉમેરો થયો છે. દોઢેક લાખથી વધુની રકમની લેતીદેતી મામલે ચાલતી માથાકુટ લોહીયાળ બની હતી. યુવાનનું લેણદારોએ અપહરણ કરી માર મારી તેની પત્નિને ફોન કરી ચીસો સંભળાવી હતી. આ પછી આકુળ વ્યાકુળ પત્નિ પતિને શોધવા નીકળી ત્યારે પતિની હત્યા કરાયેલી લાશ મળી આવતાં કલ્પાંત સર્જાયો હતો. યુવાનને પતાવી દેવામાં આવ્યાની વાતે હાલ પોલીસે તપાસ શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના અમદાવાદની છે. રૂપિયાની લેતીદેતી બાબતે માથાભારે શખ્સે યુવકનું અપહરણ કરીને ઘાતકી હત્યા કરી નાખી છે. પોલીસ સમગ્ર કેસમાં માત્ર રૂપિયાની લેતીદેતી મામલે હત્યા થઇ હોવાનું માનીને તપાસ શરૂ કરી છે. સરખેજમાં થયેલી હત્યામાં ચોંકાવનારી વાત સામે આવી રહી છે કે હત્યારા હત્યા કરતા પહેલા અપહરણ કરીને તેની પત્નિ સાથે વાત કરાવી રૂપિયા આપવા જણાવ્યું હતું. આ અંગે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વેજલપુર વિસ્તારમાં આવેલી સારા રેસીડેન્સીમાં રહેતી આફરીનબાનુ વડગામાએ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફૈઝલખાન પઠાણ વિરૂદ્ધ હત્યા, અપહરણની ફરિયાદ




કરી છે. આફરીનના પતિ મુજમ્મિલ કરીયાણાની દુકાન ધરાવીને ધંધો કરે છે. વીસ દિવસ પહેલા મુજમ્મિલે ધંધો કરવા માટે ફૈજલ ખાન પઠાણ પાસેથી ૧.૬૦ લાખ ઉછીના લીધા હતા.

ચાર દિવસ પહેલા આફરીન તેના પતિ સાથે ઘરે હાજર હતી ત્યારે ત્રણ અજાણ્યા શખ્સો આવ્યા હતા. ત્રણેય શખ્સોએ કહ્યું હતું કે, અમને ફૈઝલખાન પઠાણે મોકલ્યા છે, મુજમ્મિલ ક્યા છે. ત્રણેય શખ્સોનો અવાજ સાંભણીને મુજમ્મિલ ઘરમાં છુપાઇ ગયો હતો. ત્રણેય શખ્સોએ આફરીનના દીયરને પણ મુજમ્મિલ ક્યા છે તે મામલે પુછપરછ કરી હતી. ત્રણેય શખ્સોએ આફરીનના દિયરને ધમકી આપી હતી કે, ફૈજલખાનના ઉધાર લીધેલા રૂપિયા નહીં આપેતો મુજમ્મિલ અને તેમને ઉઠાવી લઇશું. દરમિયાન આફરીનબાનુ ઘરે હાજર હતી ત્યારે મુજમ્મિલ દુકાનથી થોડે દૂર બેઠો હતો. દરમિયાનમાં એક ટુ વહીલર પર બે યુવકો આવ્યા હતા અને મુજમ્મિલને બેસાડીને લઇ ગયા હતા. એક કલાક બાદ આફરીનબાનુના મોબાઇલ મુજમ્મિલના મિત્ર સલમાનનો ફોન આવ્યો હતો.

ત્યારબાદ ફોન પર સલમાને આફરીનને જણાવ્યું હતું કે, ફૈઝલખાન પઠાણ કોન્ફરન્સ કોલમાં છે અને મુજમ્મિલને માર મારે છે. સલમાનની વાત સાંભણીને આફરીનબાનુએ ફૈઝલખાનને આજીજી કરવા લાગી હતી. દરમિયાનમાં મુજમ્મિલે બુમો પાડીને કહેવા લાગ્યો હતો કે, ફૈઝલખાન અને તેના માણસો મને માર મારી રહ્યા છે. ફૈઝલખાન જેટલા રૂપિયા માગે એટલા રૂપિયા ભાઇ પાસેથી લઇને આપવા માટે મુજમ્મિલે ફોન પર આફરીનબાનુને કહ્યું હતું. ફૈઝલે આફરીનબાનુને ધમકી આપી હતી કે મે તારા પતિને ગાયબ કરી દીધો છે. મોડી રાત સુધી મુજમ્મિલ પરત નહીં આવતા આફરીનબાનુએ પોલીસ કંટ્રોલરુમમાં ફોન કર્યો હતો.

પોલીસની ટીમ તપાસ કરવા લાગી હતી ત્યારે મુજમ્મિલને સારવાર માટે હોસ્પિટલ લઇ ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આફરીનબાનુ પરિવાર સાથે હોસ્પિટલ પહોંચી જ્યાં મુજમ્મિલને તબીબોએ મૃત જાહેર કર્યો હતો. સરખેજ પોલીસે ફૈઝલખાન પઠાણ સહિત તેના સાગરીતો વિરૂદ્ધ અપહરણ, હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. આમ રૂપિયાની લેતીદેતીનો ડખ્ખો હત્યા સુધી પહોંચી ગયો હતો.

બીજા એક બનાવમાં અમદાવાદમાં ઝઘડો થતા પત્નિ પખવાડીયાથી પીજીમાં રહેવા જતી રહ્યા બાદ પતિએ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ બનાવમાં યુવાનના પરિવારની ફરિયાદ પરથી તેની પત્નિ વિરૂધ્ધ દૂષ્પ્રેરણાનો ગુનો દાખલ થયો છે. યુવાને થલતેજની વાઇબ્રન્ટ રેસિડન્સી હોટેલના રૂમમાં ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. 'તું તારાં માતા પિતા, મિત્રો અને સગાંની વાતોમાં આવી ગઈ અને તેં મને છોડી દીધો. મારી આત્મહત્યા પાછળ મારી પત્નિ ભૂમિ જવાબદાર છે,' તેવી ચિઠ્ઠી લખીને એક યુવકે થલતેજની વાઇબ્રન્ટ રેસિડન્સી હોટેલના રૂમમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. વસ્ત્રાપુર પોલીસે પત્નિ વિરુદ્ધ દુષ્પ્રરણાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.


સુરેન્દ્રનગર ભલગામ વણકર વાસમાં રહેતા રાહુલ પરમારે થલતેજની વાઈબ્રન્ટ હોટેલના રૂમમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતા વસ્ત્રાપુર પોલીસ પહોંચી હતી. રૂમમાંથી ૨ ફોન, ૧ લેપટોપ, પાકીટ તેમ જ સુસાઈટ નોટ મળી આવી હતી, જેના આધારે રાહુલની ઓળખ થઈ હતી. આ અંગે પોલીસે રાહુલના પિતાને જાણ કરી હતી. બનાવથી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

ગણેશનગરના મોહિત ગોહેલ અને અજાણ્યાએ ભગવતીપરામાં ટાયરના વેપારી અને તેના ભાઈના ઘરે જઈ ખેલ કર્યા : વેપારીના વૃધ્ધ માતાને પછાડી ધમકી દઈ-કહ્યું અમે પ્રકાશ સાગઠીયાના માણસો છીએ, તારા દિકરા રાજેશને કહેજે ૧૦ લાખ દઈ જાય

# ડોન બની હોમગાર્ડને લૂંટ્યા પહેલા વાહનોમાં કરી'તી તોડફોડ

**ક્રાઈમ બ્રાંચે બંનેને પકડી બી-ડિવીઝનને સોંપ્યા બાદ આ બંનેએ આચરેલો બીજો ગુનો ખુલતાં અલગથી FIR દાખલ**



રાજકોટઃ અમુક વખત અમુક પેધી ગયેલા શખ્સો પોલીસનું અસ્તિત્વ જ ન હોય એ રીતે ગમે તેની સાથે ગુનાખોરી આચરી લેતાં હોય છે. ચારેક દિવસ પહેલા જ બે શખ્સોએ ભગવતીપરા જવાના ઓવરબ્રીજ નીચે હોમગાર્ડ જવાનને ધમકી દઈ મારકુટ કરી રોકડ લૂંટી લીધી હતી. હું ગણેશનગરનો ડોન છું તેમ કહીને બે શખ્સોએ હોમગાર્ડ પર હુમલો કરી લૂંટ ચલાવી હતી. આ બંનેને ક્રાઈમ બ્રાંચે પકડી બી-ડિવીઝન પોલીસને સોંપતા આ બંનેનો એક નવો ગુનો પણ ખુલ્યો છે. હોમગાર્ડ સાથે ખેલ કર્યા પહેલા બંનેએ ભગવતીપરા, ગણેશનગરમાં બે સગા ભાઈઓના ઘરે આતંક મચાવી પથ્થરમારો કરી વાહનોમાં તોડફોડ કરી હતી અને આ બંને ભાઈના વૃધ્ધ માતાને પછાડી તારા દિકરાને કહેજે દસ લાખ પ્રકાશ સાગઠીયાને દઈ દે નહિતર મારી નાખશુ તેવી ધમકી આપી પોતે પ્રકાશના માણસો છે તેવુ કહી ભાગી ગયા હતાં. હોમગાર્ડને લૂંટવાના ગુનામાં રિમાન્ડ પુરા થયા બાદ હવે બીજા ગુનામાં ધરપકડની તજવીજ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો ભગવતીપરા-૧૬/૨૧ના ખુણે આહિ સમાજની વાડી પાસે ભાડેથી રહેતાં અને મોરબી રોડ ગણેશનગર-૪માં પણ મકાન ધરાવતાં બેતાલીસ વર્ષના રાજેશભાઈ બચુભાઈ મકવાણાએ આ બારામાં બી-ડિવીઝન પોલીસમાં એફઆઈઆર દાખલ કરાવી છે. તેની ફરિયાદ પરથી ડોન બનીને હોમગાર્ડ પર હુમલો કરી લૂંટ ચલાવવાના ગુનામાં પકડાયેલા ગણેશનગરના મોહિત ચમનભાઈ ગોહેલ તથા અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. રાજેશભાઈ મકવાણા કુવાડવા રોડ માલિયાસણ ગામે જુના ટાયર લે-વેંચનો ધંધો કરે. તેની પાસે માલિકીની બોલેરો જીજે૩૬વી-૫૯૮૧ છે. રાજેશભાઈએ જણાવ્યું હતું કે ૨૪/૧/૨૫ના હું મારા કામથી બહાર હતો અને રાતે દોઢેક વાગ્યે મારા ઘર પાછળ રહેતાં અમારા સગા બહેન લક્ષ્મીબેન મહેન્દ્રભાઈ ઝાલાએ મને ફોન કરી કહેલુ કે તમારી બોલેરોમાં બે શખ્સ છુટા પાણાના ઘા કરી તોડફોડ કરે છે, જેમાં એક શખ્સ ગણેશનગરમાં રહેતો મોહીત ચમનભાઈ ગોહેલ છે. આ શખ્સો 'અમે પ્રકાશ સાગઠીયાના માણસો છીએ' એવું બોલી રહ્યા છે. લક્ષ્મીબેને આ વાત કરતાં હું તાત્કાલીક મારા ઘર પાસે પહોંચ્યો હતો.

રાજેશભાઈએ વધુમાં કહ્યું હતું કે અમારા ઘર પાસે આહિર સમાજની વાડી છે તેના ગેઈટ સામે ખાલી પ્લોટમાં સોસાયટીના લોકો વાહનો પાર્ક કરે છે, મારી બોલેરો પણ અહિ જ રાખી હતી. તેમાં બધા કાચ પથ્થર મારી તોડી નખાયેલા જોવા મળ્યા હતાં તેમજ બોનેટમાં પણ નુકસાની થઈ હતી. ત્રીસેક હજારની નુકસાની થયાનું જણાયું હતું. બાદમાં હું મારા બહેનના ઘરે જતાં તેણે મને કહેલુ કે પથ્થરના ઘા કરનારો મોહિત ગોહેલ ગણેશનગરમાં જ રહે છે. તેની સાથે એક બીજો શખ્સ પણ હતો. આ શખ્સે રાતે દોઢેક વાગ્યે વાહનોમાં નુકસાની કરી તેમજ મારા ઘરની ડેલીમાં પણ પથ્થરમારો કરી નુકસાન કર્યુ હતું.

આ ઉપરાં મારા માસીના દિકરા અમિતભાઈ વિરજીભાઈ ચાવડાના ઘર ઉપર પણ પથ્થરમારો કરી લેમ્પ, બાથરૂમના દરવાજામાં નુકસાન કર્યુ હતું.

ત્યારપછી આ બંને ત્યાંથી નીકળી ગણેશનગર-૪માં ક્રિષ્ના ડેરી પાસે પહોંચ્યા હતાં. જ્યાં મારા મોટાભાઈ હરેશભાઈ બચુભાઈ મકવાણાના ઘર પાસે તેણે પાર્ક કરહેલા એક્સેસ જીજે૦૨એમએન-૮૮૭૫માં, હોન્ડા નં. જીજે૦૩એલએચ-૦૮૩૨માં પથ્થર ફટકારી નુકસાન કર્યુ હતું. તેમજ ઘરની ડેલીમાં પણ છુટા ઘા મારતાં નુકસાની થઈ હતી. મારા માતા રાજીબેન કે જે પંચોતેર વર્ષની ઉંમરના છે તેઓ જાગી જતાં મોહિતે ડેલી અંદર તેમને ધક્કો દઈ પછાડી દેતાં કોણીમાં ઈજા થઈ હતી.

મોહિતે મારા માતાને પણ ગાળો દઈ કહેલું કે-તારા રાજેશને કહી દેજે અમે પ્રકાશ સાગઠીયાના માણસો છીએ, પ્રકાશને દસ લાખ રૂપિયા નહિ આપે તો તમારા બધા વાહનો તોડી નાખશુ, રાજેશ બહાર નીકળશે તો તેને પણ મારી નાખશું કહી ભાગી ગયા હતાં. અહિ નોંધનીય છે કે આ બંનેએ ભગવતીપરા, ગણેશનગરમાં ઉપરોક્ત ધમાલ મચાવી પછી પારેવડી ચોકથી ભગવતીપરા જવાના ઓવરબ્રીજ નીચે હોમગાર્ડ જવાન સાથે માથાકુટ કરી પોલીસને અહિ આવવું નહિ, હું ગણેશનગરનો ડોન મોહિત છું કહી માર મારી રોકડ પડાવી લીધી હતી. આ ગુનામાં ક્રાઈમ બ્રાંચે મોહિત સહિત બે જણાને પકડી બી-ડિવીઝન પોલીસને સોંપતા આ બંનેએ આચરેલો અન્ય ગુનો પણ સામે આવતાં અલગથી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઝડપાયેલા બંનેની પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે ૫ નગરપાલિકાના પ્રમુખ પદ માટેની સેન્સ પ્રક્રિયા

**રાજકોટ જીલ્લાની પાંચ નગરપાલિકાના પ્રમુખ માટે યોજાઈ સેન્સ પ્રક્રિયા**


(તસ્વીર : કુલદીપસિંહ જાડેજા-ગોંડલ)

ગોંડલ,તા.૨૭

નગરપાલિકાની ચૂંટણીમાં પણ ભાજપે મહત્તમ પાલિકા કબજે કર્યા બાદ હવે આવી નગરપાલિકામાં ભાજપ દ્વારા પ્રમુખ સહિતના પદો માટે સેન્સ પ્રક્રિયા ક્રમશઃ હાથ ધરાઈ રહી છે. જેમાં રાજકોટ જીલ્લાની પાંચ નગરપાલિકામાં પ્રમુખ પદ માટે સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી. સેન્સ પ્રક્રિયામાં નિરીક્ષક તરીકે ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરભાઈ ઠકરાર અને ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હિરપરા ઉપસ્થિત રહ્યા હતા. ધોરાજી, જેતપુર, જસદણ,ઉપલેટા - ભાયાવદર નગરપાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સાથે કારોબારી ચેરમેન, દંડક, શાસક પક્ષના નેતાની સેન્સ પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી.

સેન્સ પ્રક્રિયા દરમ્યાન રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડીયા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ પાંચ નગરપાલિકાના ચૂંટાયેલ સદસ્યો સેન્સ પક્રિયામાં ભાગ લીધો હતો.

ગોંડલ ખાતે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા નિરક્ષકો દ્વારા જસદણ ધોરાજી, ઉપલેટાની સેન્સ પક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે.

**રીનોવેશન કામગીરીને લીધે કરાયું સ્થળાંતર, ગ્રાહકો સહકાર આપે**

# નાગરિક બેંકની ભૂપેન્દ્ર રોડ શાખાનું સેન્ટર પોઈન્ટ ખાતે સ્થળાંતર



રાજકોટ મિરર, તા.૨૭

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ભૂપેન્દ્ર રોડ શાખાની જુની જગ્યામાં રિનોવેશન કરવાનું હોવાથી શાખાનું કામકાજનું નવી જગ્યાએ સ્થળાંતર થયું છે અને રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., ભૂપેન્દ્ર રોડ શાખા, સેંટર પોઈન્ટ, ગ્રાઉંડ ફ્લોર, ડો. કેશુભાઈની હોસ્પિટલની સામે, કરણસિંહજી રોડ - આશાપુરા મેઈન રોડ, આરએમસી ચોક પાસે, રાજકોટ ખાતે કાર્યરત થઈ છે.


તા. ૨૪ને સોમવારે સવારે શાખામાં સત્યનારાયણની કથા યોજાયેલ. શાખા પ્રભારી ડિરેક્ટર બ્રિજેશભાઈ મલકાણ સજોડે પૂજા વિધિમાં બેઠેલ. આ અવસરે બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક, વાઈસ ચેરમેન જીવણભાઈ પટેલ, ડિરેક્ટરગણ પૈકી ચંદ્રેશભાઈ ધોળકિયા, દેવાંગભાઈ માંકડ, અશોકભાઈ ગાંધી, હસુભાઈ ચંદારાણા, ડો. એન. જે. મેઘાણી, નવીનભાઈ પટેલ, ભૌમિકભાઈ શાહ, વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર-સીઈઓ), બોર્ડ ઓફ મેમ્બર્સમાંથી હંસરાજભાઈ ગજેરા, વિનોદભાઈ લાઠીયા, વિજયભાઈ કોઠારી, ટપુભાઈ લીંબાસિયા (પૂર્વ વાઈસ ચેરમેન અને સહકારી આગેવાન), ભૂપેન્દ્ર રોડ શાખા વિકાસ સમિતિમાંથી ઓજસભાઈ ખોખાણી, શૈલેશભાઈ શાહ, કિરીટભાઈ શેઠ, નિલેશભાઈ વોરા, કેતનભાઈ ઠક્કર, રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), પ્રશાંતભાઈ રૂપરેલીયા (એજીએમ-ક્રેડિટ), ભાવેશભાઈ રાજદેવ (એજીએમ-રિકવરી), રાજેન્દ્રભાઈ ગઢવી (ડીસીએમ-એસ્ટેટ), જાગૃત કર્મચારી મંડળમાંથી વિપુલભાઈ દવે (પ્રમુખ), તૃપ્તિબેન દવે, દર્શનભાઈ જોશી, રોપેશભાઈ દેવાણી, રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.માંથી ધર્મેશભાઈ ટાંક, સ્ટાફ રિલેશન અધિકારી ઉમેદભાઈ જાની અને મનસુખભાઈ ગજેરા, યોગેશભાઈ દવે (મેનેજર-માર્કેટિંગ), આનંદભાઈ શુક્લ (મેનેજર-ભૂપેન્દ્ર રોડ શાખા) ઉપરાંત આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત સહુને કુમકુમ તિલક કરી, મો મીઠું કરાવેલ. મહાનુભાવો દ્વારા ભારત માતા અને અરવિંદભાઈ મણીઆરની તસવીરને દીપ પ્રાગટ્ય કરાયેલ. દિનેશભાઈ પાઠક અને વિનોદ કુમાર શર્માએ પ્રાસંગિક વક્તવ્યમા શુભકામના પાઠવી હતી. આભારદર્શન દેવાંગભાઈ માંકડે અને સંચાલન યોગેશભાઈ દવેએ કરેલ.

રંગીલા મોજીલા રાજકોટમાં સૌને લીલાલ્હેર, ચોરટા ગુનેગારોનો કાળો કહેર!

# દેરાસરમાં 'ત્રિકમધારી ચોર' ત્રાટક્યોઃ નિરાંતે દાનપેટીઓ તોડી

**ચૌધરી હાઈસ્કૂલ સામે આવેલા ચિંતામણી પાર્શ્વનાથ જીનાલયમાં રાતે બનાવઃ બાજુના પડતર મકાનમાંથી ચોર ઘુસ્યોઃ સીસીટીવી કેમેરામાં કેદ થયોઃ એકાદ બે વખત મોઢે બાંધેલો રૂમાલ ઉતરી ગયો**




**દાઉદી વ્હોરા સમાજના કબ્રસ્તાનમાં ઘુસલો ચોર પણ બુકાનીવાળો હતો, તે પણ ત્રિકમ લઈને આવ્યો હતો**

રાજકોટઃ રંગીલા મોજીલા રાજકોટ શહેરમાં સૌને લીલા લ્હેર છે. અહિ ચોરટાઓને પોલીસનો જરાય ડર ન હોય તેમ બેખોફ બનીને ગમે ત્યાં ત્રાટકી જાય છે. વધુ એક ધર્મસ્થાન ચોરનું નિશાન બન્યું છે. શહેરની ચૌધરી હાઈસ્કૂલ સામે આવેલા શ્રીચિંતામણી પાર્શ્વનાથ જીનાલય નામના દેરાસરમાં બુકાનીધારી ચોર ત્રીકમ સાથે ત્રાટકી દાનપેટીઓ, પુજારીનો રૂમ, માતાજીની દેરીના તાળા તોડી રોકડ ચોરી જતાં આસ્થાળુઓમાં રોષ વ્યાપી ગયો છે. બાજુના પડતર મકાનમાંથી ઘુસેલો આ બુકાનીધારી જરાપણ ડર વગર નિરાતે તાળા તોડતો કેમેરામાં કેદ થયો છે. ઉલ્લેખનિય છે કે થોડા દિવસ પહેલા ભાવનગર રોડ પર દાઉદી વ્હોરા સમાજના કબ્રસ્તાનમાં પણ આ રીતે જ એક ચોર બુકાનીબાંધી, ત્રીકમ સાથે ઘુસી દાનપેટી ચોરી ગયો હતો. બંને ઘટનામાં સામ્યતા હોઈ એક જ ચોર તો નથી ને? તે અંગે ચર્ચા જાગી છે.

વિગતો જોઈએ તો રાજકોટ શહરેમાં ધર્મસ્થાનોમાં ચોરીના બનાવ અવાર-નવાર બની રહ્યા છે. દરમિયાન હવે ધરમ સિનેમાથી આગળ ચૌધરી હાઈસ્કૂલ સામે આવેલા શ્રીચિંતામણી પાર્શ્વનાથ જીનાલયમાં ચોરીનો બનાવ બન્યો છે. રાતે સવા બે વાગ્યા આસપાસ દેરાસરની બાજુના અવાવરૂ મકાનમાંથી બુકાનીધારી ચોર ત્રિકમ અને ધાબળા સાથે આવ્યો હતો. દાનપેટીઓ, પુજારીનો રૂમ, માતાજીની ડેરીના તાળા તોડી તે રોકડ-પરચુરણ ચોરી જતાં ચકચાર મચી ગઈ છે. ચોકીદાર જાગી જતાં તેણે હાકલા પડકારા કરતાં ચોર ચોકીદાર પર દાનપેટીનો ઘા કરી ભાગી ગયો હતો. વધુ માહિતી અનુસાર ચૌધરી હાઈસ્કૂલ સામે આવેલા શ્રીચિંતામણી પાર્શ્વનાથ જીનાલયમાં ચોરી થયાની જાણ થતાં દર્શનાર્થીઓમાં ચકચાર મચી ગઈ હતી. ચોરીના બનાવની જાણ થતાં પ્રમુખ જીતુભાઈ દેસાઈ, ઉપપ્રમુખ પંકજભાઈ કોઠારી, સેક્રેટરી કિરીટભાઈ સંઘવી, કન્વીનર અરૂણભાઈ દોશી સહિતના દોડી ગયા હતાં.

દેરાસરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવતાં રાતે સવા બે વાગ્યા આસપાસ દેરાસરની બાજુમાં આવેલા જુના પડતર મકાનમાંથી એક બુકાનીધારી ચોર ઘુસ્યાનું જણાયું હતું. આ ચોર પોતાની સાથે ત્રિકમ અને ધાબળો લઈને આવ્યો હતો, મોઢે રૂમાલ બાંધેલો હતો. તેણે પહેલા તો આખા દેરાસરમાં આંટાફેરા કર્યા હતાં. બાદમાં અલગ અલ દાનપેટીઓ તોડી અને પુજારી વિષ્ણુભાઈનો રૂમના તાળા તોડ્યા હતાં. આ ઉપરાંત માતાજીની દેરીનું તાળુ તોડી નાંખ્યું હતું. તમામ દાનપેટીઓમાંથી આશરે પંદરેક હજારની રોકડ પરચુરણ મળતાં તેણે ચોરી લીધા હતાં. આ દરમિયાન અવાજ થતાં ચોકીદાર મનસુખાલાલ જાગી જતાં તેણે હાકલા પડકારા કરતાં ચોર તેમના પર દાનપેટીનો ઘા કર્યો હતો, સામે મનસુખલાલે લાકડીનો ઘા કરતાં ચોર ભાગી ગયો હતો. આ બનાવની જોકે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી નથી. પોલીસે પોતાની રીતે તપાસ શરૂ કરી છે.

અહિ એ વાત ખાસ નોંધનીય છે કે થોડા દિવસ પહેલા જ ભાવનગર રોડ પર વ્હોરા સમાજના કબ્રસ્તાનમાં ચોર ઘુસ્યો હતો તે પણ ત્રિકમ લઈને બુકાની બાંધીને આવ્યો હતો. તેણે મઝાર પાસે દૂઆ બંદગી કરી માફી માંગી હતી અને બાદ દાનપેટી તોડી ચોરી કરી હતી. આ ચોર પણ બુકાની બાંધીને, ત્રિકમ લઈને ઘુસ્તો હતો. હવે અહિ દેરાસરમાં ઘુસેલા ચોર પાસે પણ ત્રિકમ હતું. બંને ગુનામાં એક જ ચોર સામેલ છે કે કેમ? તેની પણ તપાસ થઈ રહી છે. ધર્મસ્થાનોમાં ચોરી કરવાની ટેવ ધરાવતો એક રીઢો તસ્કર તાજેતરમાં પાસા તળે જેલમાં ગયો છે. ત્યારે આ નવો ચોર કોણ? તેની ચર્ચા જાગી છે.

### અપમૃત્યુની પાંચ ઘટનાઓ આપી ગઇ પરિવારોને આઘાતઃ હાર્ટએટેક, આપઘાત, આકસ્મિક રીતે થયા દેહાવસાન

# મહાશીવરાત્રીએ DJની ધૂન પર નાચતાં વૃધ્ધ ઢળી પડ્યા

### PWDના કર્મચારી ભગવતીપરાના વૃધ્ધ બે મહિના બાદ નોકરીમાંથી નિવૃત થવાના હતાંઃ જુની મામલતદાર કચેરી પાસેના મંદિરે બનાવ બન્યો

રાજકોટઃ અપમૃત્યુની રોજબરોજ બનતી ઘટનાઓ જે તે પરિવારોને આઘાત આપી જતી હોય છે. વધુ આવા બનાવોમાં પાંચ લોકોના મૃત્યુ થયા છે. જેમાં ત્રણ લોકોના હાર્ટએટેકથી મૃત્યુ થયા હતાં. તો એક યુવાને આપઘાત કરી લીધો હતો. એક મહિલાનું દાઝી જવાથી મૃત્યુ થયું હતું. જેમાં ભગવતીપરામાં રહેતાં પીડબલ્યુડીના કર્મચારી વૃધ્ધે મહાશિવરાત્રીની સાંજે જુની મામલતદાર કચેરીએ દર્શને ગયા ત્યાં ડીજેના તાલે ધૂન વાગતી હોઇ તેમાં નાચતાં નાચતાં એકાએક બેભાન થઇ જતાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બીજી તરફ શિવરાત્રીના દિવસે ભાંગ પીવાને કારણે દંપતિ સહિત છ લોકોની હાલત ખરાબ થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ભગવતીપરા-૨૨માં રહેતાં સાંઇઠ વર્ષના મનસુખભાઇ દેવશીભાઇ ચાવડા મહાશીવરાત્રીની સાંજે છએક વાગ્યે મહાશિવરાત્રી નિમીતે જુની મામલતદાર કચેરી પાસેના મંદિરે દર્શન કરવા ગયા હતાં. જ્યાં ડીજે પર ધૂન વાગતી હોઇ તેઓ નાચવા માંડ્યા હતાં. એ પછી અચાનક બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં પ્ર.નગર પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર મનસુખભાઇ પીડબલ્યુડીમાં પ્યુન તરીકે નોકરી કરતાં હતાં.

તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પોતે પાંચ ભાઇ અને ત્રણ બહેનમાં ત્રીજા હતાં. બે મહિના બાદ વય મર્યાદાને કારણે નોકરીમાંથી નિવૃત થવાના હતાં. એ પહેલા હાર્ટએટેકથી મૃત્યુ થતાં સ્વજનો શોકમાં ગરકાવ થઇ ગયા હતાં.

બીજા બનાવમાં સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતાં પચાસ વર્ષના અરૂણાબેન રવિભાઇ વ્યાસ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતકને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેમના પતિ રાજકોટ જીમખાનામાં નોકરી કરે છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. ત્રીજા બનાવમાં કોઠારીયા રોડ મેહુલનગર મેઇન રોડ પર રહેતાં સાંઇઠ વર્ષના જયંતભાઇ ગોવિંદભાઇ ખેરડીયાનું પણ હાર્ટએટેકથી મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ દરજી કામ કરતાં હતાં અને



પતિ-પત્નિ સહિત છ લોકોએ ભાંગ પીધા પછી એવી હાલત થઇ કે હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું

એક બહેન તથા બે ભાઇમાં બીજા હતાં.

ચોથી ઘટનામાં સરધારના હરિપર ગામે રહેતાં ચાલીસ વર્ષના યુવાન ભાવેશભાઇ જગદીશભાઇ પોકળએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ભાવેશભાઇએ ઝેર પી લેતાં બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર ભાવેશભાઇ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તે બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે. મગજની બિમારી હોવાથી આ પગલુ ભરી લીધાનું પરિવારજનોએ કહ્યું હતું.

પાંચમા બનાવમાં મોરબીના જેતપર ગામે રહેતાં છત્રીસ વર્ષના ગીતાબેન પ્રવિણભાઇ પરમારનું દાઝી જવાથી મોત થયું છે. ગીતાબેન ચુલા પર પાણી ગરમ કરતાં હતાં ત્યારે પહેરેલા કપડાને ઝાળ લાગી જતાં દાઝી જતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર ગીતાબેનના લગ્ન ચૌદ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં બે પુત્ર છે. પતિ છુટક મજૂરી કરે છે. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આમ પાંચ પરિવારોએ સ્વજનો ગુમાવતાં તેઓ ઉંડા આઘાતમાં ગરક થઇ ગયા હતાં.

મહાશીવરાત્રી હોય અને શીવના ભક્તો પ્રસાદીમાં ભાંગ ન લે એવુ તો કેમ બને? જો કે ઘણીવાર કેટલાક લોકો ભાગના પ્રસાદને બદલે તેમાં નશો ચડે એવી ભાંગ ભેળવી દેતાં હોય છે અને બાદમાં તેનું સેવન કરતાં હોય છે જેથી હાલત ખરાબ થઇ જતી હોય છે. રાજકોટમાં મહાશીવરાત્રીની આસ્થાભેર ઉજવણી કરી હતી. કેટલાક લોકોને અલગ અલગ રીતે બનાવાયેલી ભાંગ પીધા બાદ તબીયત બગડતાં સારવાર માટે દાખલ થવું પડ્યું હતું. આવા છ લોકો સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચતા તબિબે દાખલ કરી સારવાર કરી હતી અને નિયમ મુજબ પોલીસને જાણ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો રૈયાધાર પર શાંતિનગરમાં રહેતાં ચાલીસ વર્ષના ધર્મેન્દ્રભાઇ ગોવિંદભાઇ વિંઝુડા, તેના પત્નિ પાંત્રીસ વર્ષના પુષ્પાબેન અને ધર્મેન્દ્રભાઇના સાઢુભાઇ ચાલીસ વર્ષના અરવિંદભાઇ વિરમભાઇ ડોડીયાને ભાંગ પીધા બાદ ચક્કર આવવા સહિતની તકલીફ થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ ભાંગ અરવિંદભાઇ લાવ્યાનું જણાવાયું હતું.

જ્યારે ગીતાનગર-૬માં રહેતાં અને દરજીકામ કરતાં બાંસઠ વર્ષના કિરીટભાઇ ગોવિંદભાઇ ચૌહાણ ભક્તિનગર સર્કલ પાસે મંદિરે દર્શન કરવા ગયા ત્યારે કોઇ ભક્તે તેને ભાંગ આપતાં તે પીધા બાદ ચક્કર આવતાં અંધારા આવી જતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં.

તેમજ મોરબી રોડ વેલનાથપરા-૧૦માં રહેતો બાવીસ વર્ષનો યુવાન કમલેશ શીવાભાઇ કાનાણી ઘર નજીક નાયરાના પંપ પાસે હનુમાનજી, શીવજીના મંદિરે હતો ત્યારે ભાંગ પીધા બાદ તબીયત બગડતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેના કહેવા મુજબ વરીયાળી, તીખા નાખીને ભાંગ બનાવાઇ હતી તે પીધી હતી. તેમજ છઠ્ઠા બનાવમાં મોચી બજાર-૩માં રહેતાં પાંત્રીસ વર્ષના વિમલ પ્રકાશભાઇ ચૌહાણને ભાંગ પીધા બાદ હાલત બગડતાં સારવાર માટે દાખલ કરવો પડ્યો હતો. જો કે આ ભાગ તેના ઘરના બીજા સભ્યોએ પણ પીધી હતી, તેમને કોઇને અસર થઇ નહોતી. તમામ બનાવમાં સિવિલ હોસ્પિટલ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ નિયમ અનુસાર પોલીસ કેસ જાહેર કરી જે તે પોલીસ સ્ટેશનમાં એન્ટ્રી નોંધાવી હતી.

## યાત્રા સંચાલક માતા સાથે પ્રયાગ ગયેલા નવાગામના યુવાનનું કુંભસ્નાન બાદ મૃત્યુ

### યાત્રા સંચાલક માતા સાથે પ્રયાગ ગયેલા નવાગામના યુવાનનું કુંભસ્નાન બાદ મૃત્યુ

રાજકોટઃ જન્મ લેનારા દરેક જીવનું મૃત્યુ નક્કી જ હોય છે. પરંતુ કાળા માથાના માનવીને એ ખબર નથી હોતી કે તેમની જિંદગીનો છેલ્લો દિવસ કયો હશે, કે પછી કયા સ્થળે તેમની જિંદગીની સફર ખતમ થઇ જશે! કંઇક આવુ જ રાજકોટના નવાગામ આણંદપરના છવ્વીસ વર્ષના યુવાન સાથે બની ગયું છે. ધાર્મિક યાત્રાની બસનું આયોજન કરતાં માતા સાથે આ યુવાન બત્રીસ યાત્રાળુઓને લઇને કુંભ સ્નાન માટે પ્રયાગ ગયો હતો. અહિ કુંભસ્નાન કર્યા બાદ આ યુવાનને હાર્ટએટેક આવી ગયો હતો અને તેનું મૃત્યુ થઇ ગયું હતું. પ્રયાગની આ યાત્રા તેના માટે જિંદગીની છેલ્લી યાત્રા બની ચુકી હતી. કુટુંબીજનોએ પ્રયાગ પહોંચી ત્યાં જ અંતિમવિધી કરી હતી.



કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો નવાગામ આણંદપર સોસાયટી શેરી નંબર-૨માં રહેતાં બેબીબેન બાબુભાઇ બાબરીયા ધાર્મિક યાત્રાઓની બસ કાઢતાં હોઇ બે દિવસ પહેલા તેઓ નવાગામથી ૩૨ યાત્રાળુઓની બસ લઇને પ્રયાગરાજ ખાતે કુંભ સ્નાન કરવા રવાના થયા હતાં. સાથે તેમનો દિકરો રાજેશભાઇ કે જે છવ્વીસ વર્ષનો હતો તે પણ જોડાયો હતો. ગઇકાલે સાંજે બધાએ કુંભ સ્નાન કર્યુ હતું. સ્નાન કર્યા બાદ બહાર નીકળતાં જ રાજેશભાઇ એકાએક બેહોશ થઇ ઢળી પડ્યો હતો. તેને નજીકના ટેન્ટમાં સારવાર માટે લઇ જવાયેલ. પણ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં માતા અને સાથેના યાત્રાળુઓમાં શોક વ્યાપી ગયો હતો.

આ ઘટનાની જાણ નવાગામ આણંદપર ખાતે રાજેશભાઇ અને બેબીબેનના બીજા કુટુંબીજનો, સગાઓને થતાં ગત સાંજે જ ખાનગી વાહન ભાડે કરી પ્રયાગરાજ જવા નીકળી ગયા હતાં. રાજેશભાઇની પ્રયાગ મૃત્યુ પામનાર રાજેશભાઇ ત્રણ ભાઇમાં બીજો હતો અને છુટક મજૂરી કરતો હતો. તેને સંતાનમાં એક પુત્ર છે, જેણે પિતાની છત્રછાંયા ગુમાવી દીધી છે. થોડા દિવસ પહેલા રાજકોટ કોઠારીયા રોડ પર રહેતાં કારખાનેદાર પણ કુંભ સ્નાન કરીને પરત આવતાં હતાં ત્યારે શ્રીનાથદ્વારા ખાતે રોકાણ વખતે હૃદય બેસી જતાં તેમનું મૃતયુ થયું હતું. બીજી ઘટનામાં નવાગામના યુવાનનું પણ હાર્ટએટેકથી મૃત્યુ થયું છે.

## M.O.Bના ASI બળદેવસિંહ રાયજાદાનું નિધન

રાજકોટઃ શહેર પોલીસબેડામાં શોક જગાવતો બનાવ બની ગયો હતો. એમઓબી શાખામાં ફરજ બજાવતાં એએસઆઇ બળદેવસિંહ પથુભા રાયજાદાનું દુઃખદ અવસાન થયું છે. બળદેવસિંહ રાયજાદા બાવન વર્ષની વય ધરાવતાં હતાં અને તેઓ મુળ કેશોદના કોયલાણાના વતની હતાં. શહેર પોલીસમાં તેઓ છેલ્લા ૨૮ વર્ષથી ફરજ બજાવતાં હતાં. તેઓ પોતાના સરળ, મળતાવડા, હસમુખા સ્વભાવને કારણે મોટુ મિત્રવર્તુળ ધરાવતાં હતાં અને પોલીસબેડામાં પણ સારી ચાહના ધરાવતાં હતાં. તેઓ રાતે ઘરે બિમારીને કારણે બેભાન થઇ ગયા બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તબિબે તેમને નિષ્પ્રાણ જાહેર કર્યા હતાં.



વધુ માહિતી મુજબ બળદેવસિંહ રાયજાદાએ રાજકોટ એ-ડિવીઝન, પ્ર.નગર, તાલુકા પોલીસ, ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવી હતી. હાલમાં તેઓ એમઓબીમાં એએસઆઇ તરીકે ફરજ બજાવતાં હતાં. પણ છેલ્લા કેટલાક સમયથી બિમાર હતાં. તેઓ બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર કલ્પરાજસિંહ છે, તેમના તાજેતરમાં જ લગ્ન થયા હતાં. આ પ્રસંગને હસીખુશીથી નિપટાવનાર રાયજાદા પરિવાર પર ઓચીંતો વજ્રઘાત થયો હતો. બળદેવસિંહના સગા મોટાભાઇનું નામ પંકેશસિંહ રાયજાદા છે. તેમના કુટુંબી ભાઇઓના નામ ગંભીરસિંહ વસુભા, અનોપસિંહ વસુભા, અરૂણસિંહ વસુભા, જગતસિંહ વસુભા, નીરૂભા બચુભા, અજયસિંહ કસરસંગ, ઘનશ્યામસિંહ, પ્રવિણસિંહ જીલુભા છે. બળદેવસિંહ રાયજાદાના નિષ્પ્રાણ દેહને અંતિમવિધી માટે વતન કોયલાણા ખાતે લઇ જવાયો હતો. સદ્દગતનું બેસણું તા. ૩-૩ના સોમવારે રાજકોટ શહેર પોલીસ હેડક્વાર્ટર ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે. (જગતસિંહ રાયજાદા-૮૮૪૯૯ ૧૧૨૦)

## ધોરણ ૧૦-૧૨ના પ્રશ્નપત્ર સહેલા નીકળતા વિદ્યાર્થીઓ રાજીના રેડ

### રાજ્યમાં ૧૪ લાખ વિદ્યાર્થીઓ આપી પરીક્ષા

રાજકોટ મિરર તા.૨૭

ગુજરાત રાજ્યની પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે. અને પહેલા દિવસેજ બંને ધોરણમાં પ્રશ્નપત્રો સહેલા નીકળતા વિદ્યાર્થી ભાઈ બહેનો રાજીના રેડ થઈને હાશકારો અનુભવતા જોવા મળ્યા હતા.

સૌરાષ્ટ્રના ૩ લાખથી વધુ વિદ્યાર્થીઓ ગુજરાતના ૧૪ લાખ જેટલા પરીક્ષાર્થીઓની પરીક્ષાનો આજે શુભારંભ થયો છે. છાત્રોએ જણાવ્યું હતું કે આજે ગુજરાતી વિષયનું પ્રશ્નપત્ર સહેલું નીકળતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. અને આ પેપરમાં નારી તુ નારાયણી, માતૃભાષાનું મહત્વ, તેમજ વૃક્ષો વાવો પર્યાવરણ બચાવોના નિબંધો પૂછાયા હતા. અતિવૃષ્ટિના કારણે સર્જાયેલ તારાજીનો પ્રશ્ન પણ હતા. ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ પરીક્ષા પૂરી કર્યા બાદ ખૂબ જ આનંદિત જોવા મળ્યા હતા. અને વિદ્યાર્થીઓને ડરના લાગે તે માટે તિલક, મીઠું મોઢું કરાવીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. સવારથી વિદ્યાર્થીઓના વાલીઓની ભીડ જોવા મળી હતી, પણ પરીક્ષા કેન્દ્ર પર પોલીસે ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગુજરાતના ૧૬૬૬૧ કેન્દ્રોનો સમાવેશ થયો હતો. આશરે ૮૦ હજાર કર્મચારીઓ ફરજ પર હાજર રહ્યા હતા. શિક્ષણ બોર્ડ દ્વારા ૬૮ કોડની રચના કરવામાં આવી હતી. આ દરમિયાન ગુજરાતના ચાર શહેરોમાં ૧૧૩ કેદીઓ પણ પરીક્ષા આપી હતી. પરીક્ષા ૨૦૨૫માં એસ. એસ. સી માટે નોંધાયેલ પરીક્ષાર્થીઓ ૮,૯૨,૮૮૨ છે તે માંથી ૭,૬૨,૪૯૫ નિયમિત પરીક્ષાર્થી, ૧૫,૫૪૮ ખાનગી પરીક્ષાર્થીઓ, ૮૨,૧૩૨ રીપીટર પરીક્ષાર્થીઓ, ૪૨૯૩ ખાનગી રીપીટર પરીક્ષાર્થી અને ૨૮,૪૧૪ આઇસોલેટ પરીક્ષાર્થીઓ છે અને આ દરમિયાન ૪,૨૮૫ દિવ્યાંગ હોવાનું નોંધાયેલ છે.

## રાજસ્થાની શખ્સ દારૂની બોટલો વેંચવા ગ્રાહક શોધતો'તો ત્યાં પોલીસ ભેટી ગઇ

### રૂા.૩૫,૪૯૬ની દારૂની ૭૨ બોટલ કબજે કરતી PCB




રાજકોટઃ દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ પર ધોંસ બોલાવવાનું ચાલુ જ રહ્યું છે. પીસીબીએ વધુ એક દરોડો પાડ્યો હતો. કુવાડવા નજીક કુચીયા દડ નજીક આરકે ઇન્ડસ્ટ્રીયલ ઝોન મેઇન રોડ પરથી ટીમે બાતમીના આધારે રૂપિયા પાંત્રીસ હજારનો વિદેશી દારૂ ઝડપી રાજસ્થાની શખ્સને પકડી લીધો હતો. વિગતો જોઇએ તો કુચીયાદડ ગામ પાસે એક શખ્સ વિદેશી દારૂની ડીલેવરી આપવા આવ્યો હોવાની પીસીબીના એ.એસ.આઇ. મહિપાલસિંહ ઝાલા, હેડકોન્સ ઘનશ્યામસિંહ ચૌહાણ અને હરદેવસિંહ જગતસિંહને બાતમી મળતા કુચીયાદડ પાસે આર. કે. ઇન્ડસ્ટ્રીયલ ઝોન મેઇન રોડ પર દરોડો પાડી રૂા. ૩૫, ૪૯૬ની કિંમતની વિદેશીદારૂની ૭૨ બોટલ સાથે અલ્પેશ બંસીલાલભાઇ ખરાડીને દબોચ્યો હતો.

એકવીસ વર્ષનો આ શખ્સ રાજસ્થાના ડુંગરપુરના કાકરા ગામનો વતની છે. તે ખાનગી વાહન મારફત આ દારૂનો જથ્થો લઇને છુટક વેંચવા માટે આવ્યો હતો. હોળીના તહેવાર નજીક હોઇ કમાણીના ઇરાદે અહિ પહોંચ્યો હતો. પણ ગ્રાહકને બદલે પોલીસ ભેટી ગઇ હતી. આ કામગીરી પીસીબીના ઇન્ચાર્જ પીઆઇ એમ. આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ એમ. જે.હુણ, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, હેડકોન્સ. ઝાલા કરણભાઇ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, કોન્સ. યુવરાજસિંહ રાણા, વિજયભાઇ મેતા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

### લવજેહાદમાં અપહરણ કરનાર અને સગીરાના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ

# મારું અપહરણ થયું નથી, મારી મરજીથી સાહિલ સાથે ગઈ છું : સગીરા

### સગીરાની માતા શું ગોરખધંધા કરે છે તે આખું શહેર જાણે છે, સગીરા મારી સાથે સલામત છે : સાહિલ





ફરિયાદ બાદ સગીરા અને જેમની સામે આ સગીરાનુ અપહરણ કરવાનો આક્ષેપ કરાયો છે અને પોલીસમાં ગુનો નોંધાયો છે તે બંને

રાજકોટ મિરર, તા.૨૭

શહેરના રેલનગર વિસ્તારમાંથી એક સગીરાનુ અપહરણ થયાની પોલીસ જણાએ એટલે કે લઘુમતી સમાજના યુવાને અને હિન્દુ સમાજની સગીરાએ સોશિયલ મીડિયામાં સત્યને ઉજાગર કરતા વિડીયો બનાવીને વહેતા કરતા ચકચાર જાગી છે.

સગીરાના અપહરણ બાબતે સાહિલ નામના યુવાન સામે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે. આ યુવાને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરતી વાતો જણાવી સોશિયલ મીડિયામાં વિડિયો વાયરલ કર્યો છે. તેમાં સાહિલ જણાવે છે કે છેલ્લા ત્રણ વર્ષથી સગીરા તેમની સાથે છે તેટલા સમયમાં કોઈને કેમ લવજેહાદનો જેવો પ્રશ્ન ના ઉઠ્યો. એટલું જ નહીં ફરિયાદી પરિવારમાંથી અલ્પેશ નામનો યુવાન જેલમાં ગયો ત્યારે પણ પાછળથી સાહિલે તમામ પ્રકારની પરિવારને મદદ કરી હતી. વીડિયોના અંતમાં સાહિલ બોલે છે કે મેં સગીરાને ટચ પણ કરી નથી અને સગીરા એકદમ સલામત છે. બીજી બાજુ સગીરા એ પણ એક વિડીયો બનાવીને સોશિયલ મીડિયામાં ફરતો કર્યો છે કે તેમની મમ્મીને બધી ખબર છે કે તે શું ધંધો કરે છે. રાત્રીના દોઢ વાગ્યે તેણીના મામા કસ્ટમર લઈને આવ્યા અને સગીરાએ નાં પાડતા તેણીને માર મારવામાં આવ્યો હતો. સાહિલ તેમનું અપહરણ નથી કરી ગયો કે કોઈ જબરદસ્તી પણ નથી કરી તેવું સગીરા બોલે છે. ખોટી રીતે મારકૂટ કરી ત્રાસ આપતા હોવાથી મારે ઘર છોડવું પડ્યું છે. સગીરાએ કાળજા ચીરી નાખે તેવો પ્રશ્ન પણ વિડીયોમાં કર્યો છે કે મારી મમ્મી કરે તેવા કામ મારે પણ કરવાના ?? તેવી કેફિયત સગીરા વીડિયોમાં વ્યક્ત કરતી જોવા મળે છે. ત્યારે આ બાબતે હવે શું નિર્ણય આવશે ? પોલીસ આ ગુન્હામાં કેવા પગલાં ભરશે ? તે સમય જ બતાવશે.

## શિવ રથયાત્રાનું કોંગ્રેસનાં આગેવાનોએ કર્યું સ્વાગત




રાજકોટ મિરર, તા.૨૭

શ્રી દશનામ ગોસ્વામી સમાજ સનાતન હિંદુ ધર્મની શિવ રથયાત્રા મહાશિવરાત્રીના પવિત્ર દિવસે ૧૩ માં વર્ષે કોઠારીયા રોડ પરના કમલેશ્વર મહાદેવ મંદિરથી પ્રસ્થાન થયું હતું. રથયાત્રા યાજ્ઞિક રોડ ખાતેના જાગનાથ મંદિર પાસેના ચોકમાં પહોચી ત્યારે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શિવ યાત્રાના મુખ્ય રથનું ફુલહારથી સ્વાગત કરી પુષ્પાંજલિ કરવામાં આવી હતી. આગેવાનોએ હર હર મહાદેવ, બમ બમ ભોલેના નારા લગાવ્યા હતા. સ્વાગત કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, રાજકોટ મનપાના વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠીયા, વિરાણી નાગજીભાઈ પટેલ, જશવંતસિંહ ભટ્ટી, મયુર શાહ, જેંતીભાઇ હિરપરા, ગૌરવભાઇ પુજારા, દીપુબેન રવૈયા, જીતુભાઈ ઠાકર, દર્શન ગોસ્વામી, અક્ષાંશ ગોસ્વામી, નિલેશભાઈ વિરાણી, બીપીનભાઈ રાઠોડ, અમિતભાઈ ઠાકર, નયનાબા જાડેજા, શૈલેષભાઈ મહેતા, જીગ્નેશભાઈ બોરડ, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ૬.૯૦ લાખની રોકડ સાથે બાઈક ચોરી

રાજકોટ મિરર તા. ૨૭

પડધરી તાલુકામાં પી.એમ.આંગણીયા પેઢીના કર્મચારી મોબાઈલ રીચાર્જ માટે દુકાને ગયા હતા ત્યારે ૬.૯૦ લાખની રોકડ સાથે મો.સા. ચોરી થતા પોલીસ ફરિયાદ નોંધાવતા પડધરી પોલીસે સીસીટીવી મારફતે તસ્કરની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગત મુજબ પરાગ ચંદ્રકાંતભાઈ ચગ એ જણાવ્યું છે કે પડધરી મેઈન બજારમાં રઝવી મોબાઈલ નામની દુકાન સામે પી.એમ. આંગણીયા નામની પેઢી ચલાવે છે. આ પેઢી છેલ્લા ૬ વર્ષથી ચલાવે છે. અને આ પેઢી જ્યારથી શરૂ કરી ત્યારથી સકીલ સુલતાનભાઈ દલ તેમની પેઢીમાં નોકરી કરે છે. સકીલભાઈ પેઢીમાં જે રૂપિયા આવે તે ગ્રાહકોને દેવા જવાનું તથા જે રૂપિયા ગ્રાહકો આપે તે લેવા જવાનું કામ કરે છે. ગત તા.૨૪/૨/૨૦૨૫ના ૮ વાગ્યા આસપાસ તેઓ મોરબી પાસે કામ માટે જતા હતા. ત્યારે તેઓનીઆંગણીયા પેઢીમાં કામ કરતા સકીલભાઇનો મને ફોન આવ્યો હતો કે, તેઓ જીજે.૦૩.એફ.પી.૦૮૯૯ નંબરના મો.સા.ની ડેકીમાં ગ્રાહકોની રોકડ રકમ રૂ.૬.૯૦ લાખ રાખી ગ્રાહકોને દેવા જતા હતા. ત્યારે સ્તામાં રઝવી મોબાઇલ નામની દુકાને મોબાઇલનું રિચાર્જ કરાવવા માટે મો.સા. પાર્ક કરીને ગયા હતા ત્યારે મોબાઈલ રિચાર્જ કરી બહાર નીકળ્યા ત્યારે મો.સા. જોવા ના મળ્યું. અને તેની ચાવી ભૂલથી સ્કૂટરમાં જ રહી ગયેલી હતી. મોબાઇલની દુકાનના ઈઈઝટ કેમેરા ચેક કરતા જોવા મળ્યું હતું કે, કોઈ તસ્કર મો.સા.લઇ ને પડધરી મોવૈયા સર્કલ તરફ જતો હતો. સકીલ ને શાકીરે મોવૈયા સર્કલ તથા આજુબાજુમાં તપાસ કરતા મળી આવ્યો ન હતો. આ મો.સા. માં રોકડ કુલ રકમ રૂ.૬.૯૦ લાખ સહીત કુલ ૭.૧૫ લાખની ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી મારફતે તસ્કરની શોધખોળ આદરી છે.



# રાજકોટ સહિત રાજ્યના ૪૦,૦૦૦થી વધુ કરદાતાઓ ITના રડારમાં

## TDS-TCS માં ક્ષતિ રાખી હોય અથવા તો સરકારમાં રકમની ભરપાઈ ન કરી હોય તે તમામ પર CBDTએ આકરા પગલાં લેવા કર્યા નિર્દેશ

રાજકોટ, તા. ૨૭

છેલ્લા ઘણા સમયથી આવકવેરા વિભાગ દ્વારા કરદાતાઓ કે જેવો કરચોરી કરતા હોય તેમના પર આકરા પગલાં લેવામાં આવી રહ્યા છે ત્યારે માત્ર કરચોરી જ નહીં પરંતુ ટીડીએસ અને ટીસીએસ ની યોગ્ય ભરપાઈ ન કરી હોય અથવા તો જાણી જોઈને ક્ષતિ રાખવામાં આવી હોય આ તમામ મુદ્દે હાલ આવકવેરા વિભાગ કાર્ય કરશે આ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ એક્સિસ તરફથી રાજ્યના આવકવેરા વિભાગને યોગ્ય કાર્યવાહી કરવા માટે આદેશ કર્યો છે. આવકવેરા વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ રાજકોટ સહિત રાજ્યના ૪૦,૦૦૦ થી વધુ કરદાતાઓ હાલ આવકવેરા વિભાગની રડારમાં છે કે જેઓએ ટીડીએસ અને ટીસીએસ માં ક્ષતિ રાખી હોય. સૂત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તેમાં કરદાતાઓ દ્વારા ટીડીએસ અને ટીસીએસ જમા ન કરાવનારાઓ અથવા તો જે તે કરદાતા જો ખોટી વિગતો ભરતા હોય તો તેમના પર કાર્યવાહી કરવા માટે સીબીડીટી દ્વારા આદેશ કરવામાં આવ્યા છે. બીજી તરફ ૪૦,૦૦૦ થી વધુ કરદાતાઓની યાદી પણ તૈયાર કરી લેવામાં આવી છે અને જેમાંથી ઘણા ખરા કરદાતાઓ ટીડીએસ કર કપાત કરાવ્યા પછી પણ સરકારમાં નિર્ધારિત નાણા જમા કરાવ્યા નથી અને જેના કારણે સરકારને આર્થિક નુકસાનીનો પણ સામનો કરવો પડ્યો છે.

આ પ્રકારની ગતિવિધિ હાલ ચાલતી હોવાની વિગતો સામે આવતા જ બોર્ડે જણાવ્યું હતું કે, જે કોઈ કરદાતા દ્વારા ગેરરીતી આચરવામાં આવી હશે તેમના પર આકરા પગલાં લેવામાં આવશે સાથોસાથ આવકવેરા કચેરીમાં ડેટાનું વિશ્લેષણ કરતી ટીમના અધિકારીઓએ ટીડીએસ-ટીસીએસમાં ગોટાળા કરનારાઓની યાદી તૈયાર કરી લીધી છે. આ પ્રકારની ગરબડ છાશવારે કરનારાઓને પહેલા ઝપટમાં લેવામાં આવશે.

ટીડીએસ-ટીસીએસ કર્યા પછી તેમાં વારંવાર ફેરફાર પણ કરતાં હોવાનું જોવા મળે છે. ટીડીએસ કર્યા પછી તેની રકમમાં ફેરફાર કર્યા કરે છે. બિઝનેસમેન ખર્ચાઓ વધુ બતાવવા માટે પણ કમિશન આપ્યાની જુદી જુદી એન્ટ્રીઓ બતાવ્યા કરે છે. કોઈ કંપની ટીડીએસના રિટર્નમાં એક વ્યક્તિને કન્સલ્ટેશન ચાર્જ પેટે આપવાનું કામ કરે છે. તેના પર દસ ટકા ટીડીએસ કર્યા પછી તેમને લાગે કે આ તો ઓછી રકમ દર્શાવી છે. તેને વધુ રૂ. ૨૫૦૦૦ ચૂકવ્યાનું બતાવીને બીજો દસ ટકાનો ટીડીએસ કરીને તે બતાવી દે છે. ગ્રુપ કંપનીઓમાં માંદી કે લાસ મેકિંગ કંપની હોય તો તેમની નફો કરતી કંપનીમાં કમિશન કે અન્ય કોઈ રકમ પેટે રૂ.૨૫-૫૦ લાખ ચૂકવી દે છે. તેના પર ટીડીએસ કરી લે છે. આ પ્રકારના કિસ્સાઓમાં તેઓ કમિશનની રકમમાં પણ ફેરફાર કર્યા કરે છે. તેથી ટીડીએસની રકમ પણ વધઘટ થયા કરે છે. કેટલાક લોકો ટીડીએસ કે ટીસીએસ કરીને ચોપડે હિસાબમાં પણ નથી લેતા નથી. જેના ચૂકવણામાંથી ટીડીએસ કે ટીસીએસ કરવામાં આવ્યો હોય તેમને તે જમા કરાવ્યાની રિસિપ્ટ પણ આપતા નથી. આ રીતે પેમેન્ટમાંથી દસ ટકા રકમ કાપી લે છે. આમ તેના ચૂકવણાની રકમ ઓછી થઈ જાય છે.ટીડીએસ અને ટીસીએસ કરીને પછી હિસાબમાં બતાવતા જ ન હોવાના પણ કિસ્સા બની રહ્યા છે. તેને લગતી ફરિયાદો પણ આવકવેરા ખાતામાં પહોંચેલી છે. આવકવેરાના નિષ્ણાત પ્રમોદ પોપટનું કહેવું છે કે આ પ્રકારના કરદાતાઓ તેમના ત્રિમાસિક ટીસીએસ અને ટીડીએસ રિટર્નમાં તે દર્શાવતા જ નથી. આ પ્રકારની ફરિયાદ મળી હોય તેવા કિસ્સાઓમાં પણ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે સંબંધિત કરદાતાઓ સામે પગલાં લેવાની સૂચના આપી દીધી છે. ટીડીએસ અને ટીસીએસનું રિટર્ન ફાઈલ થયા પછી ૨૬-એએસમાં તે રિફ્લેક્ટ થાય છે. ૨૬એએસમાં ન દેખાય ત્યાં સુધી તેનું રિફંડ પણ મળતું નથી. પરિણામે રકમ મોટી હોય તો તેવા સંજોગોમાં કરદાતાઓ તેમના વિરુદ્ધ આવકવેરા ખાતમાં ફરિયાદ કરતાં હોવાનું પણ જોવા મળે છે.

# રાજકોટ સિવિલનો ખાનગી મેડિકલ સ્ટોર અંતે બંધ

## ૧૧ વર્ષથી ધમધમતા આ મેડિકલ સ્ટોરે ટેન્ડરમાં ભાગ લીધો ન હતો છતાં પણ કરવામાં આવતું હતું દવાનું વિતરણ : રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા કરાયો હતો આદેશ છતાં કર્યો તો ઉલાળ્યો







રાજકોટ, તા. ૨૭

રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકાર દ્વારા જે આર્થિક રીતે લોકો સધ્ધર ન હોય તેમના માટે સિવિલ હોસ્પિટલ ઊભી કરવામાં આવેલી છે અને સિવિલ હોસ્પિટલમાં દરેક વિભાગો મેડિકલ લગતા ઉભા કર્યા છે જેથી દર્દીએ કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે એટલું જ નહીં સિવિલ હોસ્પિટલમાં જે મેડિકલ સ્ટોર ઉભા કરવામાં આવતા હોય છે તે પણ રાહત દરે દર્દીઓને દવાઓ પૂરી પાડે છે પરંતુ ચોકાવનારી વાત સામે આવી છે જેમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૧ વર્ષથી ચાલતા સુવિધા મેડીકલ સ્ટોર ને અંતે બંધ કરવાનો વારો આવ્યો છે કારણ કે છેલ્લા ઘણા સમયથી ટેન્ડર વગર ચાલતા આ મેડિકલ સ્ટોર દ્વારા કોઈ જવાબદારી પૂર્વક કામગીરી કરવામાં આવી ન હતી અને લચક રીતે તેઓ દવાનો વેપાર કરતા હતા આ અંગે એકવાર નહીં અનેકવાર રજૂઆત કરવામાં આવી પરંતુ કોઈ નક્કર કામગીરી થઈ શકી ન હતી તેના પરિણામ સ્વરૂપે ગઈકાલે સુવિધા મેડીકલ સ્ટોર ને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ અનેક રાજકીય ગતિવિધિઓના પગલે સિવિલ હોસ્પિટલમાં જે મેડિકલ સ્ટોર બંધ કરવામાં આવ્યો તે ખાનગી હોવાનું માલુમ પડ્યું હતું અને આ માટે એક વાર નહીં અનેકવાર રજૂઆત કરવામાં આવી હતી પરંતુ કોઈને કોઈ કારણોસર તે વાતને ઉડાડી દેવામાં આવતી હતી અને ખાનગી મેડિકલ સ્ટોર ધમધમતો હતો. ત્યારે ૧૧ વર્ષ બાદ સિવિલ હોસ્પિટલમાં ખાનગી મેડિકલ સ્ટોર બંધ થયો છે જેથી હવે દર્દીઓ અને જે લૂંટવામાં આવતા તે હવે ભૂતકાળ બની રહેશે.મળતી માહિતી મુજબ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૧ વર્ષથી સુવિધા મેડિકલ સ્ટોર ચાલતો હતો જેને છેલ્લા ઘણા સમયથી ટેન્ડર વગર દવાનું વિતરણ કરતા હોવાનું માલુમ પડ્યું હતું. તજજ્ઞો અને જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ અંગે અનેક વખત રજૂઆત પણ કરવામાં આવી હતી અને રાજ્ય સરકાર સુધી આ મુદ્દો પહોંચ્યો હતો ત્યારે આરોગ્ય મંત્રીએ પણ ખાનગી મેડિકલ સ્ટોર બંધ કરવાની સુચના આપી હતી પરંતુ કોઈના પીઠબળ ના પગલે રાજ્ય સરકારના આદેશનો પણ અનાદાર કરવામાં આવ્યો હતો અને ખાનગી મેડિકલ સ્ટોર ધમધમતો હતો. જે હવે બંધ થઈ ગયો છે કારણ કે ૧૧ વર્ષ બાદ સિવિલ હોસ્પિટલમાં જે મેડિકલ સ્ટોર ચાલુ હતો અને જે દર્દીઓને લૂંટવામાં આવતા હતા તેને લઈને અનેક સવાલો ઊઠવા પામ્યા હતા.મળતી માહિતી મુજબ દરિદ્ર નારાયણ ની વ્યથાને ધ્યાને લઈ અંતે મેડિકલ સ્ટોર ને બંધ કરવાનો છે તે આવકાર્ય છે ત્યારે હવે સિવિલમાં આવતા દર્દીઓએ વધુ પૈસા ખર્ચીને દવા લેવાની રહેશે નહીં નજીવા ભાવે જ તેઓને હવે દવા મળી રહેશે.

કારણ એ જ છે કે જ્યાં સુધી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ સારવાર અર્થે આવતા હોય તો તેમની પાસે પૂરતા નાણા ન હોય તેમાં કોઈ શંકાને સ્થાન નથી તે સમયે જ્યારે કોઈ ખાનગી મેડિકલ સ્ટોર મસ્ટ મોટા ભાવ વસૂલી દવાનું વિતરણ કરતા હોય તો તે દર્દીઓનું આર્થિક શોષણ જ કહેવામાં આવે જે ભવિષ્યમાં ન થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે અને આ નિર્ણયની હાલ ચોમેર પ્રશંસા પણ થઈ રહી છે . બીજી તરફ હવે જે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે કે કેમ તે હવે આવનારો સમય જણાવશે પરંતુ હાલ દર્દીઓ માટે રાહતના સમાચાર એ છે કે હવે ખાનગી મેડિકલ સ્ટોરમાંથી તેઓએ દવા લેવી નહીં પડે.

# રૈયાધારમાં ૧૬ હજાર ચો.મી. જગ્યા પરથી દબાણ થશે દૂર

## કલેક્ટર વિભાગે તમામ દબાણકરનારાઓને પાઠવી નોટિસ : આવતા સપ્તાહમાં ડિમોલિશન

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકા અને કલેક્ટર વિભાગ દ્વારા સંયુક્ત રીતે ગેરકાયદે બાંધકામો પર તવાઈ બોલાવવામાં આવી રહી છે એટલું જ નહીં હાલ મહાનગરપાલિકા દ્વારા મળતી માહિતી મુજબ રૈયાધાર પાસે ૧૬૦૦૦ ચોરસ મીટર જગ્યા પર દબાણો થયેલા છે જેને દૂર કરવા માટે હાલ વિભાગ દ્વારા નોટિસો પણ ફટકારવામાં આવી છે ત્યારે આગામી એક સપ્તાહ ની અંદર આ તમામ દબાણો પર બુલડોઝર ફેરવવામાં આવશે. મળતી માહિતી મુજબ જે જગ્યા પર દબાણ થયેલું છે તેમાં દોઢ ડઝન જેટલા મકાનો અને માધાપર વિસ્તારમાં સરકારી જગ્યા પર ગેરકાયદે દુકાનો ખડકી દેવામાં આવતા આ માટે કલેક્ટર તંત્રની સાથોસાથ મહાનગરપાલિકાએ પણ કામગીરી હાથ ધરવા માટેનો તખ્તો તૈયાર કરી લીધો છે.

હાલ જે રૈયાધારમાં ગેરકાયદે બાંધકામો થયા છે તે જગ્યા કલેક્ટર તંત્રએ મહાનગરપાલિકાને સોપી હતી જેમાં તબક્કા વાર તે જગ્યા પર હાલ દબાણો થયેલા હોવાની વાત મળતાની સાથે જ મામલતદાર દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે જો દબાણ કરતાઓ ગેરકાયદે થયેલ દબાણો દૂર નહીં કરે પાંચ માર્ચ બાદ તંત્ર દ્વારા ડિમોલિશન કરવામાં આવશે. માત્ર કલેકટર તંત્ર જ નહીં પરંતુ મહાનગરપાલિકા પણ સંયુક્ત રીતે વિચાર કરી રહી છે અને અનેક દબાણ કરતા ઓને ઝેર કરવા હાલ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. આવી જ રીતે માધાપર વિસ્તારમાં પણ સરકારી જમીનો ઉપર ત્રણ જેટલી ગેરકાયદેસર દુકાનો ખડકાઈ જવા પામી છે. આ દુકાનોના ગેરકાયદેસર બાંધકામને હટાવવા માટે તાલુકા મામલતદાર તંત્ર દ્વારા આગામી સપ્તાહે ઓપરેશન ડીમોલીશન કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્ય સરકાર તરફથી સતત મોનિટરિંગ થઈ રહ્યું છે જેમાં એ વાતની સ્પષ્ટતા પણ કરવામાં આવી રહી છે કે જે પણ દબાણ કરતાઓ છે તેના પર આકરા પગલાં લેવામાં આવે. જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા વહીવટી તંત્ર ની સાથોસાથ મહાનગરપાલિકા દ્વારા હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં જે તે દબાણ કરતા હોય તેને નોટિસો પણ પાઠવવામાં આવી રહી છે જેથી તેઓ તેમની રીતે જ દબાણો દૂર કરી લઈએ જેથી ડિમોલિશન હાથ ધરવું ન પડે. કોઠારીયા વિસ્તાર જેવા અનેક જગ્યાએ હજુ પણ સરકારી જગ્યા પર દબાણો ખડકાયેલા છે તેને દૂર કરવા માટે હાલ દરેક સંભવત પ્રયત્નો પણ જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા સંયુક્ત રીતે કરશે તેમાં કોઈ શંકા નથી પરંતુ હાલની જે સ્થિતિને ધ્યાને લેવામાં આવે તો પ્રતિમાસ રાજ્ય સરકારના ટોચના અધિકારીઓ દ્વારા થયેલ કામગીરી અંગે અવલોકન કરવામાં આવતું હોય છે અને તેમાં કામગીરીમાં જે વેગ જોવા મળવો જોઈએ તે ક્યાંક ને ક્યાંક ન હોવાનું પણ માલુમ પડ્યું છે જેને લઈને અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

આ માટે કલેક્ટર વિભાગ અને મહાનગરપાલિકાએ તેમના સંબંધિત વિભાગોને સૂચના આપી છે અને આદેશ પણ કર્યા છે કે હવે દબાણ કરતા હોય તેના પર આકરા પગલા લેવામાં આવે અને તે માટેની એક વિશેષ યાદી પણ તૈયાર થાય જેથી ખ્યાલ આવે સાથોસાથ માનવતા વાદી વલણ અપનાવી બંને વિભાગોએ એટલે કે કલેક્ટર વિભાગ અને મહાનગરપાલિકાએ નોટિસ પણ પાઠવવામાં આવે છે જેથી તેઓ સ્વાયત રીતે જ પોતાના દબાણો દૂર કરે અને જો નોટિસને યોગ્ય જવાબ અથવા તો તેની ગંભીરતા લેવામાં ન આવતી હોય તો તે તમામ પર આવનારા દિવસોમાં પણ બુલડોઝર ફરી જશે.

### રાજ્ય સરકારનું સતત મોનીટરીંગ

છેલ્લા ઘણા સમયથી રાજકોટ કલેકટર અને મહાનગરપાલિકા દ્વારા જે દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે તે કામગીરી અંગે રાજ્ય સરકાર પ્રતિમાસ રિપોર્ટ માગી કામગીરીનું અવલોકન કરે છે અને જરૂરી સુજાવ પણ આપવામાં આવે છે. માત્ર શહેર જ નહી જિલ્લા સ્તરે પણ ખૂબ વ્યાપક પ્રમાણમાં ગેરકાયદે બાંધકામનો ખડકલો થયેલો છે જે અંગે જિલ્લા કલેકટર પાસે પર્યાપ્ત સાહિત્ય ભેગું થઇ ગયુ છે પરંતુ કલેકટર તંત્ર તરફથી જે વેગથી ડિમોલીશન તાલુકા સ્તરે થવું જોઇએ તે થતુ ન હોવાનું જાણવા મળતા રાજ્ય સરકારે તાકિદે ડિમોલીશન ઝુંબેશને વધુ તિવ્ર અને વેગવંતી બનાવવા આદેશ કર્યા છે.

# સંગીતકાર રવીન્દ્ર જૈનનો જન્મ દિવસ

## નાની ઉંમરમાં મંદિરોમાં ગાતા હતાં રવિન્દ્ર જૈન, અંધ હોવા છતાંય પ્રતિષ્ઠા પામ્યા'તા

રાજકોટ મિરર : રવીન્દ્ર જૈન ભારતીય હિન્દી ચલચિત્ર ઉદ્યોગના જાણીતા સંગીતકાર તેમજ ગીતકાર હતા.તેઓનો જન્મ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૪૪ના રોજ થયો હતો. ૯ ઓક્ટોબર, ૨૦૧૫, શુક્રવારે, ૭૧ વર્ષની વયે મુંબઈ લીલાવતી હોસ્પિટલ ખાતે એમનું નિધન થયું હતું તેમને કિડની અને યુરિન ઈન્ફેક્શનની બીમારી હતી. જન્મથી જ અંધ હોવા છતાંય રવિન્દ્ર જૈને બોલિવૂડમાં પોતાની અલગ ઓળખ બનાવી હતી.



સાત ભાઈ-બહેનોમાંથી રવિન્દ્ર જૈન ત્રીજા હતાં. તેમના પિતા પંડિત ઈન્દ્રમણી જૈન તથા માતા કિરણ જૈન હતાં. તેમના પિતા જાણીતા સંસ્કૃત સ્કોલર અને આર્યુવેદાચાર્ય હતાં. અંધ હોવાને કારણે રવિન્દ્ર જૈન અલીગઢની મુસ્લિમ યુનિવર્સિટીમાં બ્લાઈન્ડ સ્કૂલમાં ભણ્યા હતાં. નાની ઉંમરથી જ મંદિરમાં રવિન્દ્ર જૈન ભજનો ગાતા હતાં. તેમની ટેલેન્ટને પારખીને માતા-પિતાએ રવિન્દ્ર જૈનને પંડિત જી એલ જૈન, પંડિત જનાર્દન શર્મા અને પંડિત નાથુરામ પાસેથી સંગીતની તાલીમ લેવા મૂક્યા હતાં. અહીંયા તેઓ થોડુંક જ સંગીત શીખ્યા હતાં. ત્યારબાદ રવિન્દ્ર જૈન કોલકતા ગયા હતાં અને અહીંયા ગુરૂ રાધેશ્યામ ઝુંઝુંવાલા પાસેથી સંગીતની તાલીમ લીધી હતી. તેમના ગુરૂ તેમને ૧૯૬૯માં મુંબઈ લાવ્યા હતાં અને તેમણે ૧૯૭૧માં ફિલ્મ 'લોરી' બનાવી હતી. આમાં રવિન્દ્ર જૈને રફિસાહેબના અવાજમાં ગીત કમ્પોઝ કર્યું હતું. તેમણે અન્ય ચાર ગીતો લતા મગેશકરના સ્વરમાં પણ કમ્પોઝ કર્યું હતું. જોકે, ફિલ્મ દરમિયાન જ ગુરૂજીનું અવસાન થયું હતું અને તેને કારણે આ ફિલ્મ પૂરી થઈ શકી નહીં.

રવિન્દ્ર જૈનની પહેલી રીલિઝ થયેલી ફિલ્મ 'કાંચ ઔર હિરા' હતી. જોકે, આ ફિલ્મ ખાસ ચાલી નહોતી. ૧૯૭૩માં રવિન્દ્ર જૈનને રાજશ્રી પ્રોડક્શનની 'સૌદાગર' ફિલ્મમાં સંગીત આપવાની તક મળી હતી. આ ફિલ્મમાં અમિતાભ તથા નૂતન હતાં. ફિલ્મનું ગીત 'તેરા મેરા સાથ રહે...' ઘણું જ લોકપ્રિય થયું હતું અને તેને કારણે ઘેર-ઘેર રવિન્દ્ર જૈનનું નામ જાણીતું બની ગયું હતું. આ સમય દરમિયાન સંજીવ કુમાર અને રવિન્દ્ર જૈન ખાસ મિત્રો બની ગયા હતાં. સંજીવ કુમારે નિર્માતા એન એન સિપ્પી સાથે રવિન્દ્ર જૈનની મુલાકાત કરાવી હતી. સિપ્પીએ 'ચિત મચાયે શોર'માં રવિન્દ્ર જૈનને સંગીત કમ્પોઝ કરવાનું કહ્યું હતું. આ ફિલ્મનું ગીત 'ઘુંઘરૂ કી તરહ બજતા હી રહું મૈં...' કિશોર કુમારના સ્વરમાં ગવડાવ્યું હતું.

આ ફિલ્મ અને ગીતો બંને સુપરહિટ રહ્યાં હતાં. ત્યારબાદ રવિન્દ્ર જૈને 'ચિતચોર', 'અંખિયો કે ઝરોખે સે'માં સંગીત આપ્યું હતું. આ ફિલ્મ્સ અને સંગીત બંને હિટ રહ્યાં હતાં. આ ફિલ્મ્સ બાદ રવિન્દ્ર જૈને ક્યારેય પાછું ફરીને જોયું નથી. એક ઈન્ટરવ્યૂમાં રવિન્દ્ર જૈને કહ્યું હતું કે તેમણે ક્યારેય બોલિવૂડમાં સંઘર્ષ કર્યો નથી. તેઓ મુંબઈ આવ્યા ત્યારે ગુરૂજીના ઘરે રહેતા હતાં અને તેમણે ઘણી સંભાળ રાખી હતી.

રવિન્દ્ર જૈને યશરાજ, સાગર આર્ટ્સ, રાજશ્રી સહિત અનેક પ્રોડક્શન હાઉસની ફિલ્મ્સમાં સંગીત આપ્યું હતું.


# દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદની આજે પુણ્યતિથી

## ડો. રાજેન્દ્ર પ્રસાદ ૧૯૬૨ માં નિવૃત્તિ જાહેર કર્યા બાદ ૧૯૬૩માં ૨૮ મી ફેબ્રુઆરીએ અવસાન પામ્યા

રાજકોટ મિરર : ડો. રાજેન્દ્ર પ્રસાદ ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ હતા. તેઓ સ્વાતંત્ર સેનાની હતા અને કોંગ્રેસ પક્ષનાં નેતા હતા. તેઓએ ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામ માં આગળ પડતો ભાગ લીધો હતો. તેમણે બંધારણ સભાના પ્રમુખ તરીકે ભારતનાં બંધારણનો મુસદ્દો તૈયાર કર્યો હતો. તેઓએ સ્વતંત્ર ભારતની પ્રથમ સરકારમાં કેબિનેટ પ્રધાન તરીકે સેવા આપી હતી.

રાજેન્દ્ર પ્રસાદનો જન્મ ૩ જી ડીસેમ્બર ૧૮૮૪ના રોજ બિહારનાં સિવાન જિલ્લામાં છપરા નજીક આવેલ ઝેરડૈ ગામમાં થયો હતો. તેમનાં પિતા મહાદેવ સહાય પર્શિયન અને સંસ્કૃત ભાષાનાં વિદ્વાન હતા. તેમનાં માતા કમલેશ્વરી દેવી ધાર્મિક પ્રકૃતિનાં હતાં, તેઓ રાજેન્દ્ર પ્રસાદને રામાયણની કથાઓ સંભળાવતા. પાંચ વર્ષની ઉંમરે બાળ રાજેન્દ્ર પ્રસાદને એક મૌલવી પાસે પર્શિયન ભાષા શિખવા માટે મોકલાયા હતા. . ત્યાર બાદ તેઓને છપરા જિલ્લા શાળામાં પ્રાથમિક શિક્ષણ માટે દાખલ કરાયા. તેઓનાં લગ્ન ૧૨ વર્ષની ઉંમરે રાજવંશી દેવી સાથે કરવામાં આવ્યા. ત્યાર બાદ તેઓ તેમનાં મોટાભાઈ મહેન્દ્ર પ્રસાદ સાથે પટણાની આર.કે. ઘોષ એકેડેમીમાં અભ્યાસ માટે દાખલ થયા. જોકે થોડાજ સમયમાં તેઓ ફરી છપરા જિલ્લા શાળામાં પરત આવી અને ત્યાંથી તેમણે ૧૮ વર્ષની ઉંમરે કલકત્તા યુનિવર્સિટીનીં પ્રવેશ પરીક્ષા પસાર કરી. તેઓએ ૧૯૦૨ માં ''પ્રેસિડેન્સી કોલેજ'' માં પ્રવેશ મેળવ્યો. બિહાર કેસરી ડો. ક્રિષ્ન સિંહા અને બિહાર વિભૂતી ડો. અનુરાગ નારાયણ સિંહાનાં સંપર્કમાં તેમનાંમાં દેશસેવાની ભાવના જાગૃત થઇ. ૧૯૧૫માં તેઓએ કાયદાશાસ્ત્રમાં ઑનર્સ અનુસ્નાતકની ઉપાધિ, સુવર્ણ ચંદ્રક સાથે પ્રાપ્ત કરી. બાદમાં કાયદાશાસ્ત્રમાં પીએચ.ડી.ની ઉપાધી પણ પ્રાપ્ત કરી. તેઓએ બિહારનાં ભાગલપુરમાં વકીલાત કરી હતી,અને તે સમયમાં ત્યાં તેઓ બહુજ ખ્યાતનામ બન્યા હતા.





આઝાદીની ચળવળ સમયે જવાહરલાલ નેહરુ, ભુલાભાઈ દેસાઈ અને બાબુ રાજેન્દ્ર પ્રસાદ (વચ્ચે) એ.આઇ.સી.સી.ની બેઠકમાં, એપ્રિલ,૧૯૩૯)

વકીલાત શરૂ કર્યાનાં થોડાજ વખતમાં રાજેન્દ્ર પ્રસાદ આઝાદીની ચળવળમાં જોડાયા. મહાત્મા ગાંધીનાં આદેશથી તેઓએ ચંપારણ સત્યાગ્રહ માં સ્વયંસેવક તરીકે જોડાયા. મહાત્મા ગાંધી પ્રત્યે પૂરી વફાદારી, સમર્પણ અને ઉત્સાહ ધરાવી તેઓએ ૧૯૨૧ માં યુનિવર્સિટીનાં સભ્ય પદેથી રાજીનામું આપ્યુ હતું. તેઓએ મહાત્માજીનાં પશ્ચિમી શિક્ષણનાં બહિષ્કારની ચળવળનાં પ્રતિભાવમાં પોતાનાં પુત્ર મૃત્યુંજય પ્રસાદ, ખુબજ હોશિયાર વિધાર્થીને યુનિવર્સિટીમાંથી ઉઠાડી અને ''બિહાર વિધાપીઠ'' માં દાખલ કરાવ્યા, જ્યાં ભારતીય સંસ્કૃતિ મુજબનું શિક્ષણ પ્રદાન થતું હતું. તેઓએ ''સર્ચલાઇટ'' અને ''દેશ'' નામક પત્રોમાં લેખો પણ લખ્યા અને આ પત્રોને માટે ફાળો પણ કર્યો. તેઓ રજુઆતો,ચર્ચા અને પ્રવચનો માટે ખુબ પ્રવાસો કરતા. ૧૯૧૪માં બિહાર અને બંગાળમાં થયેલ પૂર હોનારતનાં અસરગ્રસ્તોને મદદ, રાહતકાર્યોમાં તેઓએ ખુબજ સક્રિય ભાગ ભજવ્યો હતો. ૧૫ જાન્યુઆરી ૧૯૩૪ નાં રોજ બિહારમાં આવેલ ધરતીકંપ વખતે તેઓ જેલમાં હતા. આ સમય દરમિયાન રાજેન્દ્ર પ્રસાદે પોતાનાં ખાસ સાથીદાર અને વડીલ એવા ''ડો. અનુરાગ નારાયણ સિંહા'' ને તમામ જવાબદારીઓ સોંપી હતી. જોકે બે દીવસ બાદ તેઓ જેલમુક્ત થયા. તેઓએ ફંડફાળો કરવાની જવાબદારી સ્વિકારી. આ સમયે ભારતનાં વાઇસરોયે પણ ફંડ શરૂ કર્યું હતું, તેમનાં કરતાં લગભગ ત્રણ ગણું રૂ.૩૮,૦૦,૦૦૦ નું ફંડ રાજેન્દ્ર પ્રસાદે એકઠું કર્યુ. ૧૯૩૫નાં ''ક્વેટા ભૂકંપ'' વખતે, તેઓને દેશ છોડવાની મનાઇ હતી, તેમણે સિંધ અને પંજાબમાં રાહત સમિતીઓનું ગઠન કર્યુ.

ઓક્ટોબર ૧૯૩૪માં, મુંબઇ અધિવેશનમાં, તેઓ કોંગ્રેસનાં પ્રમુખ તરીકે ચુંટાયા. ત્યારબાદ ૧૯૩૯માં, સુભાષચંદ્ર બોઝનાં રાજીનામાં પછી, ફરીથી પ્રમુખપદે ચુંટાયા.

ભારત સ્વતંત્ર થયા પછી તેઓએ ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ(૨૬ જાન્યુઆરી ૧૯૫૦ - ૧૩ મે ૧૯૬૨) તરીકેનો કાર્યભાર સંભાળ્યો. બાર વર્ષ પછી ૧૯૬૨ માં તેઓએ પોતાનાં હોદ્દા પરથી નિવૃતિની ઘોષણા કરી. તેઓને ભારતનાં સર્વોચ્ચ નાગરીક સન્માન ભારત રત્નથી વિભુષિત કરવામાં આવ્યા હતા. ૨૮ ફેબ્રુઆરી ૧૯૬૩ના રોજ ૭૮ વર્ષની ઉંમરે પટના(બિહાર) ખાતે તેઓનું અવસાન થયું હતું.




# ગોંડલમાં બોર્ડના છાત્રોને મહાકુંભનું ગંગાજળ છાંટી પ્રવેશ અપાયો

રાજકોટ મિરર, ગોંડલ તા.૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા નો પ્રારંભ થયો છે ત્યારે ગોંડલ ની ગંગોત્રી સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને કંકુ, તિલક, મીઠું મોઢું અને પ્રયાગરાજ (મહાકુંભ) નું ત્રિવેણી નદીનું ગંગાજળ વિદ્યાર્થીઓ પર સતત દર્શન આશ્રમ નાં માતાજી સ્વામી શુભાત્માનંદ સરસ્વતી દ્વારા છટકાવ કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. ગોંડલ શહેર અને તાલુકામાં ધોરણ ૧૦ અને ૧૨ માં કુલ ૭૨૫૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહયા છે. જેમાં શહેરમાં ધોરણ ૧૦ ની પરીક્ષામાં ૧૦ શાળાઓમાં ૧૧૩ બ્લોકમાં ૩૩૯૦ વિદ્યાર્થીઓ તથા તાલુકાના મોવિયા ગામે ૧ શાળામાં ૧૫ બ્લોકમાં ૪૫૦ વિદ્યાર્થીઓ,, દેરડી (કુંભાજી) ૧ શાળામાં ૧૩ બ્લોકમાં ૩૬૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. ધોરણ ૧૨ નાં સામાન્ય પ્રવાહ માં ગોંડલમાં ૮ શાળાઓ ૭૭ બ્લોકમાં ૨૩૧૦ વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન પ્રવાહમાં ૩ શાળા ૩૭ બ્લોકમાં ૭૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યાછે.

# ગોંડલ નજીક બંધ મેટાડોર પાછળ કાર ઘુસી જતાં એકનું મોત, આઠને ઈજા

## પુત્રની નજર સામે જ પિતાનું મોત : પિતૃકાર્ય માટે જતા પરીવારને નડ્યો અકસ્માત

રાજકોટ મિરર, ગોંડલ તા.૨૭

અમદાવાદથી પિતૃકાર્ય માટે સોમનાથ જતા પરીવારને અકસ્માત નડયો હતો. રાજકોટ ગોંડલ હાઇવે પર ગુંદાળા પાસે સર્જાયેલા અકસ્માતમા પિતાનુ મોત થયુ હતુ જયારે પુત્ર સહીત પરીવારના ૮ સભ્યોને ઇજા થઇ હતી. આ મામલે આઇસર ચાલક સામે બેદરકારીથી રસ્તા વચ્ચે આઇસર પાર્ક કરી રીફલેકટર ચાલુ નહી રાખતા આ અકસ્માત થયા અંગેની ફરીયાદ નોંધાઇ છે. પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદનાં વસ્ત્રાલ રીંગ રોડ પાસે અક્ષરધામ હાઇટસમા રહેતા ગૌરીબેન ભાનુભાઇ જાદવે નોંધાવેલી ફરીયાદમા આરોપી તરીકે આઇસર નં જીજે ૩ એટી ૪૦૩૬ નાં ચાલકનુ નામ આપ્યુ છે.

ફરીયાદમા જણાવ્યા મુજબ ગૌરીબેન, તેમના પતિ ભાનુભાઇ અને પુત્ર જયેશ સાથે અર્ટીકા કાર નં જીજે ૧૩ સીબી ૧૪૮૫ મા જયેશનાં સાસરીયાનાં ગામ જશાપર જતા હતા ધાંગ્રધાનાં જશાપર ગામે જતા ભાનુભાઇ કારની આગળની સીટમા બેઠા હતા જયારે પૌત્ર આર્ય (ઉ.વ. ૨) તેમનાં ખોળામા બેઠા હતો જયારે ગૌરીબેન અને તેનો પુત્ર જયેશ અને પુત્રવધુ સુનીતા તેમજ વેવાણ હીરાબેન ગોવિંદભાઇ સાગઠીયા તેમજ હિરાબેનનો પુત્ર એટલે કે જયેશનો સાળો પંકજ અને સાળી શ્રધ્ધાબેન અને કોકીલા સોમનાથ પાટણ ખાતે પિતૃકામ માટે જતા હતા ત્યારે ગોંડલ ગુંદાળા ચોકડી પાસે પહોંચતા આઇસરનાં ચાલકે રસ્તા વચ્ચે આઇસર પાર્ક કર્યુ હોય અને લાઇટ ચાલુ રાખ્યા વગર બેદરકારીથી રસ્તા વચ્ચે પાર્ક કરેલા આઇસર પાછળ અર્ટીકા ઘુસી જતા આ અકસ્માતમા પરીવારનાં સભ્યોને ઇજા થઇ હતી જેમા ગૌરીબેનનાં પતિનુ મોત થયુ હતુ જયારે પુત્ર સહીતનાઓને ઇજા પહોંચી હતી.

# ગાયત્રી પરિવાર દ્વારા બાલાશ્રમની પાંચ દિકરીઓને વેદોક્ત-માંગલીક મંત્રો દ્વાર આશિર્વાદ અપાયા





ગોંડલ તા.૨૭

ગોંડલ નાં ભગવતસિહ બાલાશ્રમ માં આગામી તા.૨ રવિવાર નાં પાંચ દિકરીઓ નાં શાહી ઠાઠમાઠ સાથે લગ્ન યોજાનાર છે.ત્યારે ગોંડલ ગાયત્રી પરિવાર દ્વારા વેદોક્ત અને માંગલિક મંત્રોચ્ચાર સાથે લગ્નજીવન સુખાકારી તથા સમૃદ્ધિમય બની રહે તે હેતુ સાથે મહાશિવરાત્રીનાં પાવન દિવસે ગાયત્રી પરિવાર નાં ભરતસિંહ જાડેજા ની નિશ્રામાં સામુહિક રુદ્રી પાઠ, શિવજીને અગીયાર માંગલિક દ્રવ્યો વડે સ્નાન તથા ચોવીસ દિપક પ્રગટાવી મહાઆરતી અને મહાદિપ યજ્ઞનું આયોજન કરાયુ હતુ.આ પ્રસંગે બાલાશ્રમ ની દિકરીઓ ઉપરાંત ચેરમેન અનિતાબેન રાજ્યગુરુ,લગ્ન નાં આયોજક અશોકભાઈ પીપળીયા,મનસુખભાઈ સખીયા,ઉપેન્દ્રસિંહ ચુડાસમા,સમીરભાઈ કોટડીયા,પૃથ્વીસિહ જાડેજા,મનિષભાઈ રૈયાણી સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# જેનીશા સુરાણીએ જીત્યો મીસ ગુજરાત-બોલીવુડ આઈકોનનો ખીતાબ

## સિલેક્શન રાઉન્ડમાં પસંદગી પામ્યા બાદ ગ્રાન્ડ ફાઇનલમાં મેદાન માર્યું: બોલીવુડ એક્ટ્રસ નવીના બોલે અને તુષાર કપુરના હસ્તે તાઝ અને ટ્રોફી એનાયત : કચ્છ, દ્વારકા, જુનાગઢ, અમદાવાદ, વડોદરાના સ્પર્ધકો પૈકી રાજકોટની કોલિજીયને બોલીવુડ આઇકોનનો તાજ મેળવ્યો

રાજકોટ મિરર, તા.૨૭

મુંબઇની એક્ટિંગ અને મોડલિંગ સીએલએમ એકેડમી દ્વારા દર વર્ષે દેશના અલગ અલગ રાજ્યોના મોટા શહેરોમાં અલગ અલગ કેટેગરીમાં મોડલીંગ અને એક્ટીંગની સ્પર્ધા યોજવામાં આવે છે. ત્યારે તાજેતરમાં યોજાયેલી સ્પર્ધામાં મીસ ગુજરાતનો ખીતાબ રાજકોટની સુરાણી જેનીશાએ જીતી શહેરનું ગૌરવ વધાર્યુ છે. સાથે બોલીવુડ આઇકોન એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવેલ છે. એવોર્ડને પગલે જેનીશા પર ઠેર ઠેરથી અભિનંદન-શુભેચ્છા વર્ષા થઇ રહી છે. કલા ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનારી જેનીશાએ સુરાણી પરિવાર અને સમગ્ર પ્રજાપતિ સમાજનું ગૌરવ વધાર્યું છે.



રાજકોટના રાજનગર વિસ્તારમાં રહેતા મયુરભાઇ સુરાણી અને કાજલબેન સુરાણીની પુત્રી જેનીશા હાલ રાજકોટ સ્થિત કોલેજમાં અભ્યાસ કરે છે. અભ્યાસની સાથે બચપણથી જ એક્ટિંગ, મોડેલિંગ અને ડાન્સિંગ જેવા ક્ષેત્રમાં વિશેષ રુચી ધરાવતી હોય સ્થાનિક ક્ષેત્રે અનેક કાર્યક્રમોમાં વિશેષ પ્રતિભાવંત પદાર્પણ કરી ચુકી છે. તાજેતરમાં સીએલએમ એકેડમી દ્વારા એક્ટિંગ મોડલીંગ સ્પર્ધા માટે સિલેક્શન રાઉન્ડની જાહેરાત થઇ હતી, જે અંતર્ગત જેનીશાએ સ્પર્ધાત્મક ઈવેન્ટમાં પોતાનું નામ નોંધાવ્યું હતું. દરમિયાન તે સ્પર્ધામાં ફોર્મ ભર્યા બાદ તા.૧૫-૧-૨૦૨૫ના રોજ યોજાયેલ સિલેક્શન રાઉન્ડમાં જેનીશા સુરાણીએ ઉમેદવારી નોંધાવી હતી, અને તેમાં તેણીની પસંદગી થઇ હતી. તા.૨૩-૨ના રોજ શહેરના ક્રિષ્નાપાર્ક રીસોર્ટ ખાતે ગ્રાન્ડ ફિનાલે રાઉન્ડ રાખવામાં આવ્યો હતો, જે કાર્યક્રમ અંતર્ગત ચાર કેટેગરી રાખવામાં આવી હતી. તેમાં મીસ્ટર, મીસીસ, મીસ અને ટીન એમ ચાર કેટેગરી હતી. દરેક કેટેગરીમાં ૧૦-૧૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તે પૈકી જેનીશા સુરાણીએ મીસ કેટેગરીમાં રેમ્પ વોક કર્યુ હતું. તેની સાથે કચ્છ, દ્વારકા, જુનાગઢ, અમદાવાદ, વડોદરા શહેરમાંથી પણ સ્પર્ધકો જોડાયા હતા. તે તમામ સ્પર્ધકોને મ્હાત આપી જેનીશા સુરાણીએ મીસ ગુજરાતનો ખીતાબ હાસીલ કર્યા હતો. આ તમામ કેટેગરીના રાઉન્ડમાં જજ તરીકે બોલીવુડના એક્ટર્સ તુષાર કપુર અને નવીના બોલે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ મીસ ગુજરાતનો ખિતાબ જીતનાર જેનીશા સુરાણીને તાઝ પહેરાવી સન્માનિત કરી હતી. એટલું જ નહીં, જેનીશા સુરાણીએ એક્ટિંગ ક્ષેત્રે વિશેષ પર્દાપણ કર્યું હોય અને તેમાં પણ અન્ય સ્પર્ધકોને મ્હાત આપી વિજય મેળવ્યો હતો. જેથી બોલીવુડ આઇકોનનો એવોર્ડ પણ જેનીશા સુરાણીને એનાયત કરાયો હતો. રાજકોટ ખાતે કિશુ ચાવલા એકેડમી ચલાવે છે. ચાર કેટેગરી પૈકી મીસ ગુજરાતનો ખીતાબ પ્રજાપતિ સમાજની અને સુરાણી પરિવારની દીકરી જેનીશા સુરાણીએ જીતતા સુરાણી પરિવારમાં હરખની હેલી ઉમટી છે.

# ઘેડના વિકાસ માટે જાહેર થયેલા સરકારી આંકડા છેતરામણાં ?

## ઘેડ વિકાસ સમિતિની ઘેડ બાલાગામ ગામે યોજાયેલી બેઠકમાં આગેવાનોમાં ભારે રોષ : મુખ્ય પ્રતિનિધિ અને સયુંકત કિસાન મોરચાના પ્રતિનિધિઓ પણ બેઠકમાં રહ્યા હાજર



રાજકોટ મિરર, તા.૨૭

ઘેડ બાલાગામમાં મળેલી વિકાસ સમિતિની બેઠકમાં ઘેડ પંથકના વિકાસ માટે જુદા જુદા સરકારી આંકડા રજુ થતા હોવાનો આક્ષેપ કરી ઉપસ્થિત આગેવાનોએ અગિયાર ઠરાવો પાસ કરી, સરકાર છેતરામણા આંકડા નહિ પણ વાસ્તવિક એક્શન પ્લાન રજુ કરે તેવી માંગ કરી હતી. બેઠક દરમિયાન ઘેડ વિકાસ સમિતિએ મુખ્ય ૧૧ ઠરાવો પસાર કર્યા હતા. વિકાસ સમિતિના આગેવાનોએ રોષભેર જણાવ્યું હતું કે, ઘેડના વિકાસ માટે ૧૮૦ કરોડ, ૪૫૦ કરોડ (મનસુખ માંડવીયા), ૫ કરોડ (જૂનાગઢ કલેકટર), ૧૭૦ કરોડ, ૧૫૦૦ કરોડ અર્જુન મોઢવાડીયાએ આંકડાઓ જાહેર કર્યા તે પૈકી સાચો આંકડો કયો છે ? તે સરકાર જાહેર કરે. ઉપરોક્ત પાંચ આંકડાઓ સરકાર કયાંથી લાવી ?? આ આંકડાઓ કેવી રીતે આવ્યા ?? તે જાહેર કરવામાં આવે તો સત્ય બહાર આવે તેમ હોવાનું આગેવાનોનું કહેવું છે. ઘેડ વિકાસ સમિતિની પહેલાથી એક જ માંગ છે કે સરકાર ઘેડના પ્રાણ પ્રશ્નો કેવી રીતે ઉકેલશે તેનો એક્શન પ્લાન જાહેર કરે તે માંગ પર આગેવાનો અડગ હોવાનો પડકાર ફેંક્યો છે. આગેવાનોએ વધુ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, ઘેડ વિસ્તારના લોકો આંકડાઓની માયાજાળમાં ફસાવા નથી માંગતા સરકાર એક્શન પ્લાન જાહેર કરે તે એક જ મુખ્ય માંગ છે. સરકાર એક્શન પ્લાન જાહેર કરે કે કેટલી નદીઓ ક્યાં ક્યાં ઊંડી પહોળી કરવાની છે ?? કેટલા ખેડૂતોના કુવા, બોર, જમીન મકાન કપાતમાં જાય છે ?? એ ખેડૂતોની જમીન, મકાન, બોર, કુવાના સંપાદન બદલ તેમને કેટલું અને કેવી રીતે વળતર આપવામાં આવશે ?? જે ખેડૂતોની જમીન મકાન બોર કુવા સંપાદન થાય છે તેમનું સંપાદન ૨૦૧૩ના કેન્દ્ર સરકારના જમીન સંપાદન કાયદા મુજબ બજાર ભાવના ચાર ગણા મુજબ વળતર આપવામાં આવે તે જરૂરી છે. સાંસદ મનસુખભાઈ માંડવિયાએ કહ્યું હતું કે બે મહિના તમારા ત્રીજો મહિનો મારો. હવે એ બધો સમય પૂરો થયો. હવે આગેવાનો પૂછે છે કે, મનસુખભાઇ ક્યારે તમે નદીઓમાં કામ કરવા માંગો છો ?? સરકાર તાત્કાલિક ધોરણે પહેલા તૂટેલી નદીઓ છે તેને તાત્કાલિક રીપેર કરે જેથી આગામી ચોમાસે તૂટેલી નદીઓમાંથી ખેડૂતોના ખેતરોમાં પાણી ન ફેલાય. દર ચોમાસે ઘેડના ૧૦૦ જેટલા ગામો સંપર્ક વિહોણા થાય છે તેને આવતા વર્ષે સંપર્ક વિહોણા થતા અટકાવવા યુદ્ધના ધોરણે કામગીરી થાય તે જરૂરી છે.

સરકાર દ્વારા નદીમાં કામગીરી કર્યા પછી પણ જો નદીઓ છલકે ને ખેડૂતોના ખેતરમાં પાણી ભરાય તો ભરાય ગયેલા પાણીના તાત્કાલિક નિકાલ માટે ડ્રેનેજ સિસ્ટમ ઉભી કરીને ખેડૂતોને મદદ કરાય તેવી માંગ થઇ છે.

આગેવાનોમાં એવી પણ ચર્ચા થઇ હતી કે, સરકાર દ્વારા પ્રાણ પ્રશ્નોના નિરાકરણ માટે ઘેડ વિકાસ સમિતિના સભ્યો સાથે બેઠક કરી એક્શન પ્લેનની ચર્ચા કરવામાં આવે. સરકાર દ્વારા કરવામાં આવતી દરેક કામગીરીમાં ઘેડ વિકાસ સમિતિના સભ્યોને સાથે લેવામાં આવે તો સરકારની કાર્યવાહી કે કામગીરી ફળી ગણાશે. ઓજત-ઊબેણ નદીમાં ઠાલવવામાં આવતું ઝેરી કેમિકલ સદંતર બંધ કરવામાં આવે તેની પ્રબળ માંગ ઉઠાવાઈ હતી. ૯) વંથલી-જૂનાગઢના આખા ટિકર ગામથી થી ચાલુ કરી છેક દ્વારકા જિલ્લાના રાવલ ગામ સુધીના વિસ્તારને ઘેડ પંથક જાહેર કરાય અને ઘેડ વિસ્તારના ૧૨૫ ગામોમાં ગામેગામ ઓછામાં ઓછા ૧૦ને વધારેમાં વધારે ૨૫ સભ્યો ઘેડ વિકાસ સમિતિના સભ્યો બનાવવામાં આવશે તેવું જાહેર કરાયું છે.

ટૂંકા ગાળાના જે તાત્કાલિક કામો કરવાના છે (ઠરાવ ૪, ૫, ૬ અને ૮) તે ચોમાસા પહેલા કરવામાં આવે જો એ કરવામાં નહિ આવે તો ત્રણ મહિના પછી ઘેડ વિકાસ સમિતિ સરકાર સામે ગાંધી ચીંધ્યા માર્ગે લડત કરવાની પણ ચીમકી ઉચારાઈ છે.